CMYK

RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૦ ફાગણ વદ - ૩ ગુરૂવાર, તા.૨૮-૦૩-૨૦૨૪ અંક : ૨૪૧ વર્ષ : ૧૮ email :rajkot@aaspassindia.com કિંમત રૂા. ૨-૫૦ પાના - ૮

# મારી પાસે ચૂંટણી લડવા પૈસા નથી: સીતારમણ

## મને આંધ્રપ્રદેશ અથવા તમિલનાડુમાંથી ચૂંટણી લડવાની ઓફર મળી હતી, પરંતુ મેં ના પાડી દીધી

નવીદિલ્હી,

ટીવી ચેનલ ટાઈમ્સ નાઉ સમિટમાં તેમણે કહ્યું કે તેમની પાસે ચૂંટણી લડવા માટે પૈસા નથી. નાણામંત્રી નિર્મલા સીતારમણેકહ્યું કે તેઓ ૨૦૨૪ની લોકસભા ચૂંટણી નહી લડે.

સીતારમણે કહ્યું- પાર્ટી અધ્યક્ષ જેપી નડ્ડાએ મને લોકસભા ચૂંટણી લડવા વિશે પૂછ્યું હતું. તેમણે આંધ્રપ્રદેશ અથવા તામિલનાડુમાંથી ચૂંટણી લડવાની ઓફર કરી હતી. જો કે, આ અંગે વિચારીને મેં ચૂંટણી લડવાનો ઈનકાર કરી દીધો.નિર્મલા સીતારમણે કહ્યું, 'એક અઠવાડિયા કે દસ દિવસ સુધી વિચાર્યા પછી મેં જવાબ આપ્યો... ના. મારી પાસે ચૂંટણી લડવા માટે એટલા પૈસા નથી. મને પણ સમસ્યા છે કે આંધ્રપ્રદેશ કે તમિલનાડુ જીતવા માટે અલગ અલગ માપદંડોનો પ્રશ્ન પણ છે... તમે આ સમુદાયના છો કે તમે તે ધર્મના છો? હું ખૂબ જ આભારી છું કે તેઓએ મારી દલીલો



સ્વીકારી... તેથી હું ચૂંટણી લડી રહી નથી. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે દેશના નાણામંત્રી પાસે પણ લોકસભાની ચૂંટણી લડવા માટે પૂરતા પૈસા કેમ નથી, તો તેમણે કહ્યું કે ભારતનું કોન્સોલિડેટેડ ફંડ તેમનું પોતાનું નથી. તેમણે કહ્યું, 'મારો પગાર, મારી કમાણી, મારી બચત મારી છે, પરંતુ ભારતનું કોન્સોલિડેટેડ ફંડ મારું નથી.નિર્મલા સીતારમણ હાલમાં કર્ણાટકમાંથી રાજ્યસભાના સાંસદ છે.

# પહેલી વાર મહિલા કેરગિવર ઈકોનોમી પર શ્વેતપત્ર તૈયાર

## ૧૯ કરોડ ગૃહિણીને પેઇડ વર્કફોર્સમાં લવાશે

નવીદિલ્હી,

કેન્દ્ર સરકાર મહિલાઓના નેતૃત્વ હેઠળનું અર્થતંત્ર તૈયાર કરવા માટે રોડમેપ બનાવી રહી છે.

વર્કફોર્સમાં મહિલાઓની ભૂમિકાને લઈને તૈયાર શ્વેતપત્ર અનુસાર દેશમાં ૪૭ કરોડ વયસ્ક મહિલાઓમાંથી ૨૦% મહિલાઓ વર્કફોર્સમાં છે અને ૮૦% મહિલાઓનું યોગદાન અનપેઈડ કેરગિવર તરીકે છે. એટલે તેઓ ઘરમાં વેતન વગર સંભાળમાં સક્રિય છે. સરકારનો પ્રયાસ છે કે આ ૮૦%( ૩૭ કરોડ)માંથી ૫૦% મહિલાઓને વર્કફોર્સમાં સામેલ કરાય, જેથી જીડીપીમાં ૧૨-૧૪%ની વૃદ્ધિ થઇ શકે.

શ્વેતપત્ર તૈયાર કરવામાં અગ્રણી ભૂમિકા નિભાવનારા ફિક્કી લેડિઝ ઑર્ગેનાઈઝેશનનાં પ્રમુખ સુધા શિવકુમારે ભાસ્કરને જણાવ્યું કે અનપેઈડ કેરગિવરને સ્થાને સ્કિલ્ડ કેરગિવરને લવાશે. તેનાથી વર્કફોર્સમાં પ્રોફેશનલ મહિલાઓનું યોગદાન વધશે. ભારતમાં અનપેઈડ કેરવર્ક કુલ જીડીપીના ૧૫% છે. ભારતમાં જીડીપીના ૨% કેર ઈકોનોમી પર ખર્ચાય તો રોજગારીની ૧.૧૦ કરોડ તકનું સર્જન થશે.

શ્વેતપત્ર અનુસાર, ભારત સહિત વિશ્વભરમાં ત્રણ ચતુર્થાંશ એટલે કે ૬૦.૬૦ કરોડ મહિલા અનપેઈડ કેરવર્કમાં છે. આથી તેઓ રોજગાર માટે સમય આપી શકતી નથી. ભારતમાં આવી ૩૭ કરોડ મહિલા છે. વિશ્વમાં અનપેઈડ કેરવર્ક કુલ જીડીપીના ૯% છે. ભારતમાં પેઈડ-અનપેઈડ મહિલા કેરગિવરનું અર્થતંત્રમાં યોગદાન ૧૫% છે. જો તેમને શીખવવામાં આવે તો અર્થતંત્રમાં એટલું જ યોગદાન થશે.

### વિકસિત દેશોમાં સ્કિલ્ડ કેરગિવરનો ટ્રેન્ડ

ફિક્કીના રિપોર્ટ અનુસાર વિકસિત દેશોમાં અનપેઈડ કેરગિવર મહિલાઓને સ્થાને સ્કિલ્ડ કેરગિવરને રાખવાનો ટ્રેન્ડ છે. અમેરિકા, જાપાન, ફ્રાન્સ, ઈટલી, સ્પેન જેવા દેશોમાં ૮૦% મહિલાઓનું અર્થતંત્રમાં યોગદાન છે.

# દિલ્હીમાં રાષ્ટ્રપતિ શાસન લાગૂ થશે?

## લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેનાએ સ્પષ્ટ કર્યું કે સરકાર જેલમાંથી નહી ચાલે

નવીદિલ્હી,

દિલ્હીના કથિત દારૂ કૌભાંડમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ ઈઢ રિમાન્ડ પર છે. ઈઢના રિમાન્ડ બાદ કેજરીવાલે બે સરકારી આદેશો પણ જારી કર્યા છે. આ દરમિયાન લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેનાએ સ્પષ્ટ કર્યું કે સરકાર જેલમાંથી નહી ચાલે.દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ જેલમાંથી સરકાર ચલાવી શકશે? આ અંગેની ચર્ચા ઘણા દિવસોથી ચાલી રહી છે. આ દરમિયાન દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેનાના નિવેદનથી વધુ એક નવી ચર્ચા શરૂ થઈ છે. દિલ્હીના એલજી વીકે સક્સેનાએ બુધવારે સ્પષ્ટ કર્યું કે જેલમાંથી સરકાર ચલાવી શકાય નહી. એક ન્યૂઝ ચેનલના કાર્યક્રમમાં સક્સેનાએ કહ્યું, 'હું દિલ્હીના લોકોને ખાતરી આપવા માંગુ છું કે સરકારને જેલમાંથી ચલાવવામાં નહી આવે.'

એલજી સક્સેનાની આ ટિપ્પણી એવા સમયે આવી છે જ્યારે સીએમ કેજરીવાલે હાલમાં જ ED કસ્ટડીમાંથી બે સરકારી આદેશ જારી કર્યા છે. કેજરીવાલે રવિવારે ED કસ્ટડીમાંથી પહેલો આદેશ જારી કર્યો હતો. જેમાં તેમણે દિલ્હીના કેટલાક વિસ્તારોમાં પાણી અને ગટર સંબંધિત સમસ્યાઓના નિરાકરણ માટે જળ મંત્રી આતિશીને સૂચના આપી હતી. આ પછી, મંગળવારે તેમણે બીજો આદેશ જારી કર્યો, જેમાં આરોગ્ય પ્રધાન સૌરભ ભારદ્વાજને દિલ્હીની સરકારી હોસ્પિટલો અને મોહલ્લા ક્લિનિક્સમાં દવાઓની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા કહેવામાં આવ્યું હતું.

આવી સ્થિતિમાં એલજી સક્સેનાની 'જેલમાંથી સરકાર નહીં ચાલે'ની ટિપ્પણીથી નવી રાજકીય હલચલ શરૂ થઈ ગઈ છે. સીએમ અરવિંદ કેજરીવાલની ૨૧ માર્ચે દિલ્હીના કથિત દારૂ કૌભાંડમાં ઈઢ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી.

# તમિલનાડુના સાંસદ ગણેશમૂર્તિનું અવસાન

## લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે ટિકિટ ન મળવાને કારણે તેઓ ડિપ્રેશનમાં હતા

તામિલનાડુ,

તામિલનાડુના સાંસદ ગણેશમૂર્તિ, જેમણે થોડા દિવસો પહેલા આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો, તેમનું સવારે ૫ વાગ્યે હાર્ટ એટેકથી નિધન થયું હતું. એવું કહેવાય છે કે લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે ટિકિટ ન મળવાને કારણે તેઓ ડિપ્રેશનમાં હતા. જેના કારણે તેમણે આ પગલું ભર્યું હતું. ગણેશમૂર્તિને રવિવારે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તબીબોએ તેની



હાલત ગંભીર ગણાવી હતી.

પીટીઆઈને જણાવ્યું હતું કે ગણેશમૂર્તિએ રવિવારે સવારે ૯.૩૦ વાગ્યે બેચેનીની ફરિયાદ કરી હતી. તેમના પરિવારજનો દ્વારા તેમને તમિલનાડુના ઈરોડની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમનેં ઝેમાં દાખલ કરવામાં આવ્યા હતા અને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા હતા.

એક અહેવાલ અનુસાર, તેમના પરિવારના સભ્યોએ જણાવ્યું હતું કે સાંસદે જંતુનાશક સલ્ફાસ ઝેરનું સેવન કર્યું હતું.

# શેરબજારમાં લાગુ થઈ T+0 સેટલમેન્ટ સિસ્ટમ

## જે દિવસે શેર વેંચશો એ જ દિવસે મળશે પૈસા : BSE-NSE એ જારી કરી પાત્ર ૨૫ શેરોની યાદી

મુંબઈ

શેરબજારમાં શેરની ખરીદી અને વેચાણ સંબંધિત નવી સિસ્ટમ આજથી લાગુ થવા જઈ રહી છે. બોમ્બેર સ્ટોક એક્સેચેન્જ (BSE)એ આવી કંપનીઓની યાદી જાહેર કરી છે. જેમાં આજથી આ સિસ્ટમ લાગુ થશે.

માર્કેટ રેગ્યુલિટર કમિટીએ જણાવ્યું છે કે શેરબજારમાં આ સિસ્ટોમ બે તબક્કામાં લાગુ કરવામાં આવશે. પ્રથમ તબક્કામાં, T+0 સેટલમેન્ટે સિસ્ટમ ટ્રેડ્સ માટે બપોરે ૧.૩૦ વાગ્યા સુધી શરૂ કરવામાં આવશે. જેમાં સાંજે સાડા ચાર વાગ્યા સુધીમાં પૈસા અને શેરના સેટલમેન્ટની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે. બીજા તબક્કામાં ઝડપી નિકાલનો વિકલ્પ પણ ઉપલબ્ધલ થશે. જેમાં ફંડ અને સિક્યોટરિટીઝ બંનેનું ટ્રેડ ટુ ટ્રેડ સેટલમેન્ટુ કરવામાં આવશે.

આજથી શેરની ખરીદી અને વેચાણ માટે ચૂકવણીની સિસ્ટલમ બદલાઈ રહી છે. BSE એ આજથી શરૂ થતા T+0 સેટલમેન્ટ સાયકલ માટે ૨૫ શેરોની યાદી બહાર પાડી છે. બીએસઈએ જણાવ્યું હતું કે સેબીએ આ મહિનાની શરૂઆતમાં વૈકલ્પિવક ધોરણે T+0 ટ્રેડ સેટલમેન્ટ સાયકલના બીટા વર્ઝન




માટે ફ્રેમવર્ક રજૂ કર્યા પછી તેણે આ પગલું ભર્યું છે. T+0 સેટલમેન્ટી સાયકલ માટે લાયક શેર્સમાં અંબુજા સિમેન્ટ, અશોક લેલેન્ડ, બજાજ ઓટો, બેન્ક ઓફ બરોડા અને BPCL વગેરેનો સમાવેશ થાય છે.

અહેવાલ છે કે T+0 સેટલમેન્ટ સાયકલ એક્સ્ચેન્જો પર વૈકલ્પિ ક ધોરણે લાઈવ થશે. અત્યારરે આ સિસ્ટામ વિકલ્પં તરીકે રજૂ કરવામાં આવી રહી છે. આવી સ્થિતિમાં, T+1 સેટલમેન્ટસ ચાલુ રહેશે.T+0 સેટલમેન્ટ ના બીટા વર્ઝન પછી ઈન્ટ્રકિન્ટસ સેટલમેન્ટને સંપૂર્ણ રીતે લાગુ કરવામાં સમય લાગશે. સેબીના જણાવ્યાય અનુસાર આવતા વર્ષે માર્ચ સુધીમાં તેનો સંપૂર્ણ અમલ થઈ જશે. સેબીએ ૨૧ માર્ચે T+0 સેટલમેન્ટી સિસ્ટામના બીટા વર્ઝન માટે ફ્રેમવર્ક બહાર પાડ્યું હતું. હાલમાં ભારતીય શેરબજાર તમામ શેરો માટે T+1 સેટલમેન્ટધ ચક્ર પર કામ કરે છે.

# બીજાપુરમાં પોલીસ અને નક્સલી વચ્ચે અથડામણમાં ૬ ઠાર: હથિયારો કબ્જે

બીજાપુર,તા.૨૭

છત્તીસગઢના બીજાપુર જિલ્લાના ચિપુરભટ્ટી-પુસબાકા નજીકના જંગલ વિસ્તારમાં બુધવારે સવારે સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી. અથડામણમાં પોલીસે નક્સલવાદી ડેપ્યુટી કમાન્ડર સહિત છ નક્સલવાદીઓને ઠાર કર્યા હતા. ઘટના સ્થળેથી નક્સલવાદીઓના મૃતદેહ અને હથિયારો મળી આવ્યા છે. માર્યા ગયેલા નક્સલવાદીઓમાં એક મહિલા નક્સલવાદીનો પણ સમાવેશ થાય છે. મામલો બાસાગુડા પોલીસ સ્ટેશન વિસ્તારનો છે.

ઈનપુટના આધારે, હોળીના દિવસે બાસાગુડા પુસબાકા રોડ પર કુહાડી વડે ત્રણ ગ્રામજનોની હત્યા કરવામાં આવ્યા બાદ, ડીઆરજી, સીઆરપીએફ અને કોબ્રા જવાનોની સંયુક્ત પાર્ટી સર્ચ ઓપરેશન પર નીકળી હતી. દરમિયાન, બુધવારે સવારે બાસાગુડા પોલીસ સ્ટેશન વિસ્તારના ચિપ્પુરભટ્ટી પાસે તાલપેરુ નદીના કિનારે પોલીસ અને નક્સલવાદીઓની પ્લાટૂન નંબર ૧૦ વચ્ચે ભીષણ અથડામણ થઈ હતી. આ એન્કાઉન્ટરમાં જવાનોએ નક્સલવાદી ડેપ્યુટી કમાન્ડર સહિત છ નક્સલવાદીઓને ઠાર કર્યા છે. સૈનિકોએ ઘટના સ્થળેથી નક્સલવાદીઓના મૃતદેહ સાથે હથિયારો પણ જપ્ત કર્યા છે. માર્યા ગયેલા નક્સલવાદીઓમાં એક મહિલા નક્સલવાદીનો પણ સમાવેશ થાય છે.

# સાંગલીમાં ડ્રગ ફેક્ટરી પર દરોડા રૂા.૨૪૫ કરોડનું મેફેડ્રોન જપ્ત

## ખેતરમાં મેફેડ્રોન બનાવવામાં આવતું હતું, છ આરોપી પકડાયા

નવીદિલ્હી,

મહારાષ્ટ્રના સાંગલીમાં ફરી ડ્રગ રેકેટનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. સાંગલીમાં નિર્જન સ્થળે ડ્રગ ફેક્ટરી પર દરોડા પાડી મુંબઈ ક્રાઈમ બ્રાન્ચની ટીમે અંદાજે રૂપિયા ૨૪૫ કરોડનું મેફેડ્રોન જપ્ત કર્યું હતું. આ મામલામાં શંકાસ્પદ આરોપીને પકડીને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

આ ગુનામાં સંડોવાયેલો મુખ્ય આરોપી મૂળ સાંગલીના કવઠે મહાંકાળનો છે તે ગત ૧૭ વર્ષથી મુંબઈમાં રહેતો હતો. તે ડ્રગની હેરાફેરી કરતો હોવાની માહિતી મુંબઈ ક્રાઈમ બ્રાન્ચને મળી હતી. જેના આધારે તેને પકડવામાં આવ્યો હતો. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે એમડી ડ્રગ બનાવવાના નેટવર્કને પ્રકાશમાં લાવીને છ જણની ધરપકડ કરાઈ હતી. સાંગલીના ઈરળી ગામમાં અત્યંત નિર્જન જગ્યાએ આરોપીઓએ એક રૂમમાં ડ્રગ બનાવવાની ફેક્ટરી સ્થાપી હતી. પોલીસે માહિતીના આધારે અહીં છાપો મારીને સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતું. દરમિયાન અંદાજે રૂપિયા ૨૪૫ કરોડની કિંમતનું ૧૨૨.૫ કિલો મેફેડ્રોન મળી આવ્યું હતું.

અગાઉ ગત ફેબ્રુઆરીમાં સાંગલીના કુપવાડામાં દરોડા પાડીને અંદાજે ૩૦૦ કરોડનું મેફેડ્રોન કબજે કરવામાં આવ્યું હતું. પુણેમાં પોલીસે મેફેડ્રોન સાથે ત્રણ આરોપીને પકડતા મોટા ડ્રગ રેકેટની જાણ થઈ હતી. પુણેમાં પોલીસે મેફેડ્રોન સાથે ત્રણ આરોપીને પકડતા મોટા ડ્રગ રેકેટની જાણ થઈ હતી.

# હવે EDએ ગોવાના પાર્ટી ચીફ સહિત નેતાઓને સમન્સ આપ્યા

## એક્સાઈઝ પોલિસી કેસમાં ૧૦૦ કરોડની લાંચ લેવાનો આરોપ

ગોવા,

દિલ્હીની એક્સાઈઝ પોલિસીમાં કથિત ગોટાળાને કારણે આમ આદમી પાર્ટીની મુશ્કેલીઓમાં વધારો થતો જોવા મળી રહ્યો છે. મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડ બાદ હવે EDએ ગોવા લિંકની તપાસનું કામ શરૂ કરી દીધું છે. તપાસ એજન્સીએ હવે આમ આદમી પાર્ટીના ગોવા ચીફ અમિત પાલેકરને ED ઓફિસ આવવા માટે સમન્સ મોકલ્યું છે. પાર્ટીના ગોવા ચીફ અમિત પાલેકરને ગુરુવારે (૨૮ માર્ચ) પણજીમાં ED ઓફિસમાં હાજર થવા માટે સમન્સ જારી કરવામાં આવ્યું છે.એક્સાઈઝ પોલિસી કેસમાં ૨૧ માર્ચે ઈઢએ સીએમ અરવિંદ કેજરીવાલની ધરપકડ કરી હતી, ત્યારબાદ તેઓ હજુ પણ ઈઢની કસ્ટડીમાં છે.

# ઉત્તર કન્નડ લોકસભા બેઠક પર પત્ની ઉમેદવાર અને પતિ IPS અધિકારી!

## ચૂંટણી પંચને ફરિયાદ : રાજ્યમાંથી હકાલપટ્ટીની ભાજપે કરી માગણી

નવીદિલ્હી,

ભારતીય જનતા પાર્ટીના કર્ણાટક એકમે ચૂંટણી પંચને ફરિયાદ કરી છે જેમાં વરિષ્ઠ જી અધિકારી હેમંત નિમ્બાલકરને સરકારી કામમાંથી તાત્કાલિક રાહત આપવાની અને રાજ્યમાંથી તેમની હકાલપટ્ટીની માગણી કરવામાં આવી છે. ભાજપે તેની ફરિયાદમાં કહ્યું છે કે નિમ્બાલકરની પત્ની અંજલિ નિમ્બાલકર ઉત્તર કન્નડ લોકસભા સીટ પરથી કોંગ્રેસની ટિકિટ પર ચૂંટણી લડી રહી હોવાથી તેમને રાજ્યની બહાર મોકલી દેવા જોઈએ. જેથી તેઓ તેમના પદ અને પ્રભાવથી કોઈને પ્રભાવિત ન કરી શકે.

કમિશનને લખેલા પત્રમાં ભાજપે કહ્યું છે કે નિમ્બાલકરને ચૂંટણી સંબંધિત તમામ કામમાંથી મુક્તિ આપવી જોઈએ. હાલમાં નિમ્બાલકર માહિતી અને જનસંપર્ક વિભાગના કમિશનર તરીકે કાર્યરત છે. કર્ણાટકમાં કોંગ્રેસની સરકાર પરત આવ્યા બાદ તેમની આ પદ પર નિમણૂક કરવામાં આવી છે. તેમની પત્નીએ પણ છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં ખાનપુર બેઠક પરથી ચૂંટણી લડી હતી, જ્યાં તેઓ ભાજપના વિઠ્ઠલ હલગેકર દ્વારા હાર્યા હતા.

CMYK

# ૨ દિવસ ગરમીમાં શેકાવા તૈયાર રહેજો



## મોટાભાગના જિલ્લાનું મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીની નજીક

અમદાવાદ

આગામી ૨ દિવસ દરમિયાન સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલા જિલ્લાઓમાં હવામાન વિભાગ દ્વારા હીટવેવની આગાહી સાથે યલો અલર્ટ આપવામાં આવ્યું છે. ગુજરાતવાસીઓને ગરમીમાં શેકાવુ પડશે. હજુ તો માર્ચ મહિનામાં જ આ સ્થિતિ છે તો આગામી એપ્રિલ અને મે મહિનામાં ગુજરાતવાસીઓ ગરમીથી ત્રાહિમામ પોકારી ઉઠશે.

ગુજરાતભરમાં હાલ ભુક્કા બોલાવી દે તેવી ગરમીની શરૂઆત થઈ ચૂકી છે. જ્યારે છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજયના મોટાભાગના જિલ્લાનું મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીની નજીક રહ્યું હતું. કેટલાક જિલ્લાઓમાં તો ૪૦ ડિગ્રીથી વધુ મહત્તમ તાપમાન નોંધાયું હતું. અમદાવાદ શહેરમાં પણ બફારા સાથે ગરમીનો પારો ૪૦ ડિગ્રીની આસપાસ રહ્યો હતો.

હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ દિવસને લઈને આગાહી કરવામાં આવી છે કે, આગામી પાંચ દિવસ દરમિયાન રાજ્યભરમાં સૂકુ વાતાવરણ રહેશે. સાથે જ ગરમ પવનો ફૂંકાવાને કારણે દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ ભેજયુક્ત વાતાવરણ રહેશે. જેને કારણે ડિસ્કમ્ફર્ટ એટલે કે બફારાની સ્થિતિ રહેશે. આ ઉપરાંત સૌરાષ્ટ્ર અને કચ્છમાં આગામી ત્રણ દિવસ દરમિયાન હીટવેવની શક્યતા છે.

# સુરત : ઈડીએ માથાભારે સજ્જુની મિલકતોને લીધી ટાંચમાં

### ગુનાખોરીથી સજ્જુએ ૪.૨૯ કરોડની મિલકત ભેગી કરી હતી

સુરત

સુરતમાં માથાભારે સાજિદ ઉર્ફે સજ્જુ કોઠારી ગુલામ મોહમ્મદ કોઠારી, અલ્લારખા ગુલામ મુસ્તફા શેખ અને તેના પરિવારની અંદાજે રૂપિયા ૪.૨૯ કરોડની સંપત્તિ ઈડીએ ટાંચમાં લીધી છે. ઈડીએ મની લોન્ડરીંગ હેઠળ કાર્યવાહી કરી છે. સુરત પોલીસે સજ્જુ કોઠારી વિરુદ્ધ ખંડણી, હત્યા, અપહરણ, રમખાણો, લૂંટ, જુગાર ૬ કેસ નોંધ્યા હતા. આ કેસોના આધારે ઈડીએ સજ્જુ કોઠારી વિરુદ્ધ તપાસ શરૂ કરી હતી.

ઈડીની તપાસમાં સામે આવ્યું હતું કે ગુનાખોરીથી સજ્જુએ ૪.૨૯ કરોડની મિલકત ભેગી કરી હતી. સજ્જુએ પોતાના તથા પોતાના પરિવારના સભ્યોના નામ પર ૩૧ સ્થાવર મિલકત ઉભી કરી હતી. આ તમામ મિલકતો ઈડી દ્વારા જપ્ત કરવામાં આવી છે. વધુ તપાસ ચાલી રહી છે.

માથાભારે સજ્જુ કોઠારીનો સુરતમાં ખૂબ આતંક હતો. તે પોલીસના ઉચ્ચ અધિકારીઓને પણ મારવાની ધમકી આપતો હતો. બે વર્ષ પહેલાં ૨૬ માર્ચ ૨૦૨૨ના રોજ સજ્જુ કોઠારીને તેના જ ઘરમાંથી પકડી પાડવામાં આવ્યો હતો. કોઠારીએ નાનપુરાના જમરુખ ગલીના ઘરમાં સિક્રેટ રૂમ બનાવ્યો હતો. તે રૂમમાંથી પોલીસે તેને પકડ્યો હતો.

# NDPSના કેસમાં ગુજરાતના પૂર્વ IPS સંજીવ ભટ્ટ ૨૮ વર્ષ બાદ દોષિત જાહેર

### ૩૦ એપ્રિલ, ૧૯૯૬માં એક કેસ દાખલ કરાયો હતો

અમદાવાદ,

ગુજરાતના પૂર્વ IPS અધિકારી સંજીવ ભટ્ટને પાલનપુરના ૧૯૯૬ના NDPS કેસમાં દોષિત ઠેરવવામાં આવ્યા હતા. તેમને ૨૭ માર્ચે પાલનપુર સેશન્સ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યાં હતા. આ કેસમાં ૨૮ વર્ષ બાદ આજે કોર્ટે તેમને દોષિત જાહેર કર્યા છે.

૩૦ એપ્રિલ, ૧૯૯૬માં એક કેસ દાખલ કરવામાં આવ્યો હતો. જેમાં પાલનપુરની લાજવંતી હોટેલમાં સુમેરસિંહ રાજપુરોહિત અફીણનો જથ્થો લઈ આવનાર છે તેવી બાતમીના પગલે પોલીસે રેડ કરી એક કિલો ૧૫ ગ્રામ અફીણ કબજે કર્યું હતું. પાલનપુરની આ હોટલના રૂમમાં અફીણનો જથ્થો મુકાવી રાજસ્થાન પાલીના એક વકીલને ખોટા કેસમાં ફસાવી દેવાના કેસમાં ધરપકડ કરી હતી. CID ક્રાઈમે ૨૦૧૮માં પૂર્વ IPS સંજીવ ભટ્ટઅને તેમની સાથે પાલનપુરના તત્કાલીન PI વ્યાસની પણ ધરપકડ કરી હતી.

# ૭૫૬ ફ્લાઈંગ સ્કવોર્ડ્સ દ્વારા અત્યાર સુધીમાં કુલ રૂ.૪૨.૬૨ કરોડની વસ્તુઓ જપ્ત કરવામાં આવી

ગાંધીનગર,

ગુજરાતમાં લોકસભાની સામાન્ય ચૂંટણી તથા વિધાનસભાની ૦૫ બેઠકો પર પેટાચૂંટણી યોજવા માટે મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી દ્વારા તમામ તૈયારીઓ સુનિશ્ચિત કરવામાં આવી રહી છે. રાજ્યમાં આચારસંહિતા ભંગ તેમજ ચૂંટણી ખર્ચ પર દેખરેખ માટે કંટ્રોલરૂમ શરૂ કરી દેવાયા છે. મતદારોને EPIC કાર્ડ સમયસર મળી જાય તે માટે જરૂરી સુચનાઓ આપી દેવામાં આવી છે. તેમજ કોઈપણ મતદારને મત આપવા માટે સમસ્યા ન સર્જાય તે માટે તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓને નિર્દેશો આપી દેવામાં આવ્યા છે. નવા ઓળખકાર્ડ-EPIC માટે અરજી કરનારા મતદારોને સમયસર EPIC કાર્ડ મળી જાય તેની પૂરતી વ્યવસ્થા સુનિશ્ચિત




કરવામાં આવી છે એમ જણાવતાં મુખ્ય નિર્વાચન અધિકારી પી. ભારતીએ ઉમેર્યું હતું કે, EPIC કાર્ડ ન હોય તો પણ ચૂંટણી પંચ દ્વારા માન્ય કરાયેલા અન્ય ૧૨ દસ્તાવેજો પૈકી કોઈ એક દસ્તાવેજને આધારે મતદાન કરી શકાશે. પરંતુ, આ માટે મતદાર યાદીમાં નામ હોવું અનિવાર્ય છે. આથી, તેમણે તમામ નાગરિકોને મતદાર યાદીમાં પોતાનું નામ ચકાસી લેવા અનુરોધ કર્યો હતો. તા.૧૬/૦૩/૨૦૨૪થી અત્યાર સુધીમાં સમગ્ર રાજયમાં નિયમાનુસારની કાર્યવાહી કરીને સરકારી મિલકતો પરથી કુલ ૧,૬૦,૭૧૮ તથા ખાનગી મિલકતો પરથી કુલ ૫૮,૬૯૭ રાજકીય પ્રચાર અર્થેના પોસ્ટર-બેનરો તથા પ્રચાર-પ્રસાર સંબંધી જાહેરાતો દૂર કરવામાં આવી છે. લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-135(C) હેઠળ મતદાન વિસ્તારમાં મતદાન પૂરૂ થવાના નિર્ધારિત કલાક સાથે પુરા થતા ૪૮ કલાકના સમયગાળા દરમિયાન દારૂ કે તેના જેવા નશાકારક પદાર્થોના વેચાણ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

# જુ. ક્લાર્ક ભરતી પરીક્ષા માટે કોલ લેટર જાહેર

### ૧ એપ્રિલથી ૮ મે ૨૦૨૪ ૪ શિફ્ટમાં પરીક્ષા આયોજિત કરાશે

અમદાવાદ

ગુજરાત જૂનિયર ક્લાર્ક ભરતી પરીક્ષા માટે કોલ લેટર જાહેર કરી દેવાયા છે. ગુજરાત સબઆર્ડિનેટ સર્વિસ સેક્શન બોર્ડએ જૂનિયર ક્લાર્કની સાથોસાથ સીનિયર ક્લાર્ક, હેડ ક્લાર્ક, ઓફિસ આસિસ્ટન્ટ સહિત અન્ય પદો માટે આયોજિત થનારી એક્ઝામ માટે કોલ લેટર સત્તાવાર વેબસાઈટ gsssb.gujarat.gov.in પર જાહેર કરી દેવામાં આવ્યા છે.

GSSSB તરફથી જાહેર કરાયેલી સૂચના અનુસાર, ગ્રુપ છ અને ગ્રુપ Bના પદો પર ભરતી માટે CCE ૨૦૨૪ પરીક્ષા ૧ એપ્રિલથી ૮ મે ૨૦૨૪ સુધી આયોજિત કરાશે. પરીક્ષા ૪ શિફ્ટમાં કંડક્ટ કરાશે. પરીક્ષામાં સામેલ થવા જઈ રહેલા ઉમેદવારોને સલાહ આપવામાં આવી છે.

# સુરતમાં દારૂના નશામાં ચોથા માળેથી બે મિત્રો નીચે પટકાયા : એકનું મોત

સુરત,

સુરતનાં પાંડેસરામાં ચોથા મળે દારૂ પીવા બેઠેલો યુવક નીચે પટકાતા મોત નિપજયું છે. ૨૭ વર્ષીય લાલુ યાદવ ઘરના છત પર મિત્ર સાથે દારૂ પીવા બેઠો હતો. બંને મિત્રો નશાની હાલતમાં અચાનક ચોથા મળેથી નીચે પડકાયા હતા. લાલુ યાદવને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થ હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં લાલુ યાદવનું ટૂંકી સારવાર બાદ મોત નિપજયું છે. નીચે પડકાયેલો અન્ય મિત્ર ઘટના બાદ ફરાર થઈ ગયો છે. પાંડેસરા પોલીસ ઘટના સ્થળે આવી પહોંચી યુવકના મૃતદેહને પીએમ અર્થ મોકલી કાર્યવાહી હાથ ધરી છે.

મૂળ ઉત્તર પ્રદેશનો વતની ૨૭ વર્ષીય લાલુ રામચંદ્ર યાદવ સુરત રેલવે સ્ટેશન પાસે રહે છે. લાલુ યાદવ મિત્રને લઈ પાંડેસરા ભેસ્તાન સુડા આવાસ ખાતે રહેતો નાના ભાઈના ઘરે ગયો હતો. દરમિયાન લાલુ તેના મિત્ર સાથે ભાઈના જ ઘરના છતના ચોથા માળે દારૂ પીવા બેસી ગયો હતો. જ્યારે નાના ભાઈએ લાલુને દારૂ અહીં નહીં પીવા ટકોર કરી હતી. તેમ છતાં લાલુ તેના મિત્ર સાથે છત ઉપર દારૂ પીવા બેઠો હતો. દારૂ પીધા બાદ બંને મિત્રો અચાનક ચોથા માળેથી નીચે પટકાયા હતા. ઘટનાને લઈ આજુબાજુના લોકો દોડી આવ્યા હતા. ગંભીર રીતે ઘાયલ લાલુ યાદવને ૧૦૮ મારફતે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયો હતો. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન લાલુનું મોત નીપજ્યું છે.

ઘટનામાં બંને મિત્રો એક સાથે નીચે પટકાયા હતા. જ્યાં લાલુ યાદવને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જ્યારે અન્ય તેનો મિત્રને સામાન્ય ઈજાઓ પહોંચતા તે કોઈને પણ કીધા વગર ત્યાંથી ફરાર થઈ ગયો હતો. સમગ્ર ઘટનાની જાણ પાંડેસરા પોલીસને કરાતા પોલીસ સ્થળે આવી પહોંચી હતી. લાલુ યાદવના મૃતદેહને પીએમ અર્થ મોકલી પરિવાર નિવેદન લઈ કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ તપાસ બાદ મોતનું કારણ બહાર આવશે.

## ક્ષત્રિય સમાજના આગેવાનો સાથે બેઠક કરશે પાટીલ



અમદાવાદ,

પરસોત્તમ રૂપાલાના નિવેદનથી થયેલા વિવાદને શાંત પાડવા પાટીલ એક્ટિવ થયા છે. આ વિવાદને શાંત પાડવા પાટીલ આજે રાજકોટમાં સૌરાષ્ટ્રના ક્ષત્રિય સમાજના આગેવાનો સાથે બેઠક કરશે અને અમદાવાદમાં ક્ષત્રિય સમાજની ૭૦ સંસ્થાઓ સાથે બેઠક કરશે.

# સોનું છોડાવી આપવાને બહાને ભત્રીજા વકીલ સહિત ત્રણે રૂા.૧૦.૧૬ લાખ પડાવી લીધા

### હીરા દલાલની ફરિયાદ લઈ તેના ભત્રીજા સહિત ત્રણેય સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી

સુરત

સુરતના વેડ રોડ વિસ્તારમાં રહેતા હીરા દલાલ બેંગકોકથી સોનું લઈને આવતા બોમ્બે એરપોર્ટ ખાતે પકડાયો હતો. આ સોનું છોડાવી આપવાને બહાને હીરા દલાલ પાસેથી તેના ભત્રીજા, વકીલ સહિત ત્રણ જણાએ રૂપીયા ૧૦.૧૬ લાખ પડાવી લીધા બાદ સોનું છોડાવી નહી આપી કે પૈસા પરત નહી કરી છેતરપિંડી કરી હતી. પોલીસે હીરા દલાલની ફરિયાદ લઈ તેના ભત્રીજા સહિત ત્રણેય સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી હતી.

કતારગામ વેડ રોડ વિહાર સોસાયટીમાં રહેતા હીરા દલાલ ભાવેશકુમાર દામજીભાઈ કપુરીયા (ઉ.વ.૪૩) ગત તા ૧૯ ઓગસ્ટ ૨૦૨૩ના રોજ ધંધાના કામ માટે બેંગકોક ગયા હતા અને ત્યાંથી પરિવારના સભ્યો માટે રૂપિયા ૧૮,૪૮,૦૫૭ના કિંમતનો ૩૫૭ ગ્રામ સોનું લઈને પરત ગત તા ૩૦ ઓગસ્ટના રોજ ભારત પરત ફરતા બોમ્બે એરપોટ ખાતે પકડાયો હતો. એરપોર્ટ ઓથોરીટીએ તેની પાસેનું સોનુ સીઝ કરી ૧૫૧૭ કલમ હેઠળ નોટીશ આપી અધિકારીએ સમન્સ આવશે ત્યારે હાજર રહી સોનું છોડાવાની પ્રોસેસ કરવાનું કહી જવા દીધો હતો.

## એએમસીના સબઈન્સ્પેક્ટરનું શંકાસ્પદ મોત : આપઘાત કે હત્યા ?

અમદાવાદ,

શહેરના રિવરફ્રન્ટ પાસે સાબરમતી નદીમાંથી મહાનગર પાલિકાના ઉત્તર પશ્ચિમ ઝોનના સબ ઈન્સ્પેક્ટરનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળ્યો છે. ૨૯ વર્ષના જયદીપ પટેલ મંગળવારથી ઘરેથી ગાયબ થતા પરિવારજનોએ શોધખોળ ચાલુ કરી હતી. સાબરમતી નદીમાં કોઈની લાશ અંગેની માહિતી મળતા ફાયરબ્રિગેડની ટીમે તાત્કાલિક ઘટાસ્થળે પહોંચીને જયદીપના મૃતદેહને બહાર કાઢ્યો હતો. જયદીપે આપઘાત કર્યો છે કે તેની હત્યા કરવામાં આવી છે તે અંગે હાલ પોલીસ તપાસ ચાલી રહી છે. પ્રાથમિક અનુમાન પ્રમાણે, જયદીપે આપઘાત કર્યો હોવાનું લાગી રહ્યુ છે. જો આપઘાત કર્યો હોય તો તેને શા માટે આ અંતિમ પગલું ભર્યુ છે તે અંગેની તપાસ ચાલી રહી છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં એસ્ટેટ વિભાગમાં સબ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા ૨૯ વર્ષના જયદીપ પટેલની સાબરમતી નદીમાંથી લાશ મળી આવી છે.

# અમદાવાદમાં ગુનાઈત પ્રવૃત્તિઓનું પ્રમાણ ઘટાડવા બજારોમાં લાલ બટન વાળા ૮૨ બોક્સ લગાવાયા




અમદાવાદ,

અમદાવાદમાં દિનપ્રતિદિન ગુનાઈત પ્રવૃત્તિઓનું પ્રમાણ વધી રહ્યું છે. ખાસ કરીને એકલદોલક ફરતા યગલો, પ્રેમી પંખિયાઓ અને એકલી યુવતી કે મહિલાઓને બનાવવામાં આવે છે ટાર્ગેટ. રસ્તે રખડતાં રોમિયો, ચોર, લૂંટારુંઓ અને બદ ઈરાદો રાખીને બેઠેલાં હવસખોરો પર સકંજો કસવા માટે પોલીસ અને સુરક્ષા વિભાગે નવો નિર્ણય કર્યોછે. જે અંતર્ગત ખાસ કરીને અમદાવાદ શહેરમાં હાઈ સિક્યોરિટી પોઈન્ટ નક્કી કરવામાં આવ્યાં છે. જે સ્થળો પર પબ્લિક અને યુગલોની અવરજવર વધારે હોય અને તેવા સ્થળોએ ખાસ કરીને શાળા-કોલેજો, બસ સ્ટેન્ડ અને બજારોમાં ૮૨ બોક્સ લગાવાયા છે. લાલ બટન દબાવતા જ વીડિયો કોલ પર કંટ્રોલ રૂમમાં ફરિયાદ લેવાશે અને પોલીસ એક્શન મોડમાં આવી જશે. હાલ અમદાવાદમાં આ પાયલટ પ્રોજેક્ટની શરૂઆત કરવામાં આવી રહી છે. ધીરે ધીરે આખા ગુજરાતમાં આ પ્રોજેક્ટ અમલી બની શકે છે. ઉલ્લેખનીય છેકે, ક્રાઈમ રેટ વધુ હોય તેવા વિસ્તારોમાં કોલ બોક્સ લગાવવામાં આવ્યાં છે. ખાસ કરીને અમદાવાદના લો ગાર્ડન જેવા માર્કેટોમાં સિસ્ટમ લગાવાશે. રોડ પર તકલીફમાં મુકાયા હોવ તો ઈમર્જન્સી કોલ બોક્સનું લાલ બટન દબાવો, પોલીસ તુરંત આવશે. 'તમને જાહેર રોડ પર રોમિયો, ચોર- લૂંટારા કે ગુંડાઓ હેરાન કરે તો રસ્તા પર જોવા મળતા ઈમર્જન્સી બોક્સનું લાલ બટન દબાવો, પોલીસ તમારી પાસે પહોંચી જશે.

## સુરત પાલિકાના ડમ્પરે અડફેટે લેતા મહિલાનુ મોત

સુરત,

સુરતના કતારગામ વિસ્તારમાં માટેલા સાંઢની જેમ દોડતા પાલિકાના ડમ્પર ચાલકે પગપાળા જતી મહિલાને અડફેટે લેતા ઘટના સ્થળે જ કરુણ મોત નિપજયું હતું. ઘટનાના પગલે રોષે ભરાયેલા ટોળાએ ચાલકને ઝડપી પાડી બરોબરનો મેથીપાક ચખાડ્યો હતો. જ્યાં પરિસ્થિતિ વધુ વણસે તે પહેલા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને ચાલકની અટકાયત કરી પોલીસ મથકે લઈ જવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારે ટોળાએ પોલીસ પીસીઆર વાનનો પણ ઘેરાવ કર્યો હતો. જે બાદ વધુ પોલીસ કાફલાની મદદ લેવાની ફરજ પડી હતી. જ્યાં ચાલકની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી પોલીસે હાથ ધરી હતી.

સુરતમાં બેફામ દોડતા ટ્રક ચાલકોને કારણે અનેક નિર્દોષ લોકોનો ભોગ લેવાય રહ્યો છે. જ્યાં વધુ એક ઘટના સુરતના કતારગામ વિસ્તારમાં બની છે. સ્થાનિક સૂત્રોના જણાવ્યાનુસાર, ચોક બજાર વિસ્તારમાં આવેલ કુબેરનગર સોસાયટીમાં રહેતી મનિષાબેન નિકુંજભાઈ બારોટ કતારગામ ખાતે આવેલી કે.પી સંઘવી ડાયમંડ કંપનીમાં ફરજ બજાવતા હતા.

# મંદિરને દાનમાં મળેલા ૨ કરોડ રૂપિયા વડોદરાનો પૂર્વ ક્રિકેટર ચાંઉ કરી ગયો

### કોટા સ્વામિનારાયણ મંદિરના સીએના મિત્રએ ઋષિની ઓળખાણ એક મોટા બિઝનેસમેન તરીકે કરાવી હતી - પીઆઈ વી એસ પટેલ

વડોદરા,

વડોદરાના પૂર્વ ક્રિકેટર ઋષિ અરોઠેના મકાનમાંથી રૂ.૧.૩૯ કરોડની રોકડ મળવાના ચકચારી બનાવમાં તપાસ કરતી એસઓજીને મહત્વની વિગતો હાથ લાગી છે.પૂર્વ ક્રિકેટર ઋષિએ કોટાના સ્વામિનારાયણ મંદિરના દાનના રૂ.૨ કરોડ રોકડા નાસિક મોકલવાનું કામ હાથમાં લઈ તમામ રકમ વગે કરી દીધી હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવી છે.

વડોદરાના પ્રતાપગંજ માં જે-૧ ટાવર ખાતે રહેતા પૂર્વ ક્રિકેટર તુષાર અરોઠેને ત્યાં એસઓજીના પીઆઈ વી એસ પટેલ અને ટીમે તાજેતરમાં દરોડો પાડી રોકડા રૂ.૧.૩૯ કરોડ કબજે કર્યા હતા.આ રકમ તુષારના પુત્ર ઋષિ અરોઠેએ નાસિકના એચએમ આંગડિયામાંથી મોકલી હોવાની વિગતો બહાર આવતાં પોલીસે ઈક્મટેક્સ વિભાગને જાણ કરી હતી.

પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌતે આ પ્રકરણના મૂળ સુધી જવા માટે એસઓજીને સૂચના આપતાં તેમની તપાસ દરમિયાન કેટલીક ચોંકાવનારી વિગતો ખૂલી છે.

## જૂનાગઢ : તંત્રનો સરાહનીય પ્રયાસ જંગલમાં મતદાન મથક ઉભું કરાશે

જૂનાગઢ

સમગ્ર દેશભરમાં લોકસભાની ચૂંટણી જાહેર થઈ ચૂકી છે ,રાજકીય પક્ષો પોતાના ઉમેદવાર જાહેર લગભગ કરી ચુક્યા છે ,ત્યારે જૂનાગઢ જિલ્લાના વિસાવદરથી ૩૦ કિલોમીટરના અંતરે ગીર જંગલ મધ્યે લોકોમાં આસ્થાનું કેન્દ્ર સમુ અતિ પ્રાચીન શ્રી કનકાઈ માતાજીનું મંદિર આવેલ છે, આ સ્થળે પહોંચવું એ ખૂબ જ વિકટ રસ્તો પાર કરી કનકાઈ પહોંચી શકાય છે ત્યારે આગામી લોકસભા ચૂંટણીમાં કનકાઈ વિસ્તારમાં ૨૦૦ જેટલા મતદારો માટે તંત્ર દ્વારા ખાસ મતદાન મથક ઉભું કરવામાં આવે છે,

જિલ્લા કલેકટર અનિલ રાણાવસિયાના જણાવ્યા મુજબ અહીંના મતદારો માટે પીવાનું પાણી, અને ટોયલેટ સહિતની વ્યવસ્થાઓ ચૂંટણી પંચની ગાઈડ લાઈન મુજબ અહીં વર્ષોથી પોલિંગ બુથ કાર્યરત કરવામાં આવે છે, લોકસભા કે વિધાનસભા ચૂંટણીમાં એક એક મતની કિંમત હોઈ છે ત્યારે કોઈ પણ મતદાતા પોતાના મતાધિકારથી વંચિત ન રહે તે આયોજન હેતુ તંત્ર દ્વારા મતદાન મથક ઉભું કરવામાં આવે છે.

# પત્ની ઘરે પાણીનો ગ્લાસ પણ આપતી ન હોય તેવા લોકો મને સલાહ આપતા હતા : નીતિન પટેલ

મહેસાણા,

મહેસાણામાં ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે વિશ્વ ઉમિયા ધામ કાર્યક્રમમાં જણાવ્યું હતું કે હું ધારાસભ્ય હતો ત્યારે જે વ્યક્તિ આવે તે મને સલાહ આપતી હતી. હું પોતે પણ જાણું છું કે હું કંઈ સર્વજ્ઞ નથી, પણ જે લોકોને ઘરે પત્ની પાણીનો ગ્લાસ પણ આપતી ન હોય તેવા લોકો પણ મને સલાહ આપતા હતા. આવા લોકો ઘરે બેઠા હોયને પત્ની એમ કહે કે મને પાણી આપો તો પત્ની પણ એમ કહેતી હોય કે જાતે લઈ લો એવા લોકો મને સલાહ આપતા હતા.



કોઈ વ્યક્તિ પ્રોફેસર હોય અને સલાહ આપે તે સમજી શકાય છે. કોઈ વ્યક્તિએ તેના ફિલ્ડમાં કંઈક પ્રદાન કર્યુ હોય અને તે સલાહ આપે તો પણ સમજી શકાય. મારું કહેવું છે કે સલાહ આપનારમાં પણ ક્ષમતા હોવી જોઈએ.

ઉલ્લેખનીય છે કે નીતિન પટેલ એક સમયે મહેસાણાં લોકસભા બેઠક માટે ટિકિટના દાવેદાર ગણાતા હતા, પરંતુ પછી તેમણે પક્ષના દબાણના લીધે તેમનું નામ પરત ખેંચ્યું હતું. એક સમયે તેઓ મુખ્યમંત્રી પદના પ્રબળ દાવેદાર હતા, પરંતુ વિજય રૂપાણીનું નામ છેલ્લી ઘડીએ આવતા તેમણે નાયબ મુખ્યમંત્રી પદથી સંતોષ માનવો પડ્યો હતો. મુખ્યમંત્રી ન બની શકવાનો અસંતોષ તેમને રહી ગયો છે. આમ છતાં પણ તે સ્વીકારે છે કે પક્ષના કાર્યકર તરીકે પક્ષે મને ઘણું આપ્યું છે.

# એપ્રિલના પ્રથમ સપ્તાહમાં સાંઢિયા પુલના નવનિર્માણની કામગીરી શરૂ કરાશે, બે વર્ષમાં લોકોને નવા ફોરલેન બ્રિજની ભેટ મળશે



રાજકોટ:

રાજકોટનાં જામનગર રોડ પર આવેલા સાંઢિયા પુલનાં નવનિર્માણ આડે અનેક અંતરાયો આવ્યા હતા. જોકે આ તમામ અવરોધોને પાર કરીને મનપા દ્વારા કામગીરી આગળ ધપાવવામાં આવી રહી છે. જેમાં નવનિર્માણ પૂર્વે ડાયવર્ઝનના રોડનું કામ ઝડપથી કરવામાં આવી રહ્યું છે. એપ્રિલનાં પ્રથમ સપ્તાહમાં જુનો પુલ તોડવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ પૂર્વે પોલીસ દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવશે અને તે બાદ વાહન વ્યવહાર માટે પુલ બંધ થશે. આગામી ૨ વર્ષમાં લોકોને નવા ફોરલેન બ્રિજની ભેટ મળશે.મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલનાં જણાવ્યા મુજબ અગાઉ આ પુલને વાહન વ્યવહાર માટે અસલામત જાહેર કરાયો હતો. ત્યારથી ભારે વાહનો માટે આ પુલ બંધ કરી દેવામાં આવ્યો હતો. રેલવે સાથે સંકલન કરી નવા બ્રિજનું ટેન્ડર પણ બહાર પાડવામાં આવ્યું હતું. સાંઢીયા પુલને તોડીને નવો બનાવવા માટેના કામનું ચૂંટણી જાહેર થતા પૂર્વે મુખ્યમંત્રીના હસ્તે ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. રૂ. ૬૨ કરોડનો ખર્ચ મંજુર કરાયો હતો. આ માટેની ટેન્ડર પ્રક્રિયા પણ પૂર્ણ કરી લેવામાં આવી હતી. જેને લઈ વૈકલ્પિક રસ્તો તૈયાર કરવાની કામગીરી હાલ ચાલી રહી છે.વધુમાં તેમણે જણાવ્યું કે, હોળીનાં તહેવારને કારણે કારીગરો નહીં હોવાથી થોડા દિવસથી કામગીરી બંધ હતી, પરંતુ તહેવારો પૂર્ણ થતાં હવે વૈકલ્પિક રસ્તાની કામગીરી યુદ્ધના ધોરણે કરવામાં આવી રહી છે. એકાદ સપ્તાહમાં આ કામગીરી પૂર્ણ થતાં વાહન વ્યવહાર માટે પુલ બંધ કરવામાં આવશે. ત્યાર બાદ સૌપ્રથમ પુલ તોડવાની કામગીરી હાથ ધરવામાં આવશે. આ કોન્ટ્રાક્ટ ફાઈનલ થયો તે પૂર્વે લાંબા સમયથી બ્રિજના વૈકલ્પિક રસ્તા, ડાયવર્ઝન, કપાત સહિતની કાર્યવાહી મનપા કરતી હતી. અનેક અડચણો આવી હતી જે હવે દુર થઇ છે.ઉલ્લેખનીય છે કે, રાજકોટનો આ પહેલો એવો બ્રિજ છે કે જેમાં જુનો પુરેપુરો પુલ ડિસ્મેન્ટલ કરવાનો છે. એટલે કે, જુનો પુલ તોડીને નવો બનાવવામાં આવતો હોય તેવો પહેલો પ્રોજેક્ટ છે. આ પ્રોજેક્ટનું કામ બે વર્ષ ચાલે તેમ છે. પુલ પર ઘણા સમય પહેલા જ એંગલ મુકીને ભારે વાહનોની અવરજવર બંધ કરી દેવામાં આવી છે. હવે જુનો પુલ તોડવાનું કામ પહેલા હાથ પર લેવાનું હોય, એપ્રિલમાં આ પુલ વાહન વ્યવહાર માટે બંધ કરવામાં આવશે. મનપા ફાઈનલ તારીખ આપે તે બાદ પોલીસ કમિશનર આ માટેનું જાહેરનામું બહાર પાડશે. એપ્રિલના પ્રથમ સપ્તાહમાં બ્રિજ બંધ થાય તે પૂર્વે પાકો ડામર રોડ ડાયવર્ઝનમાં બની જવાથી લોકોને મુશ્કેલી પડશે નહીં.

# મિલકત ખરીદીમાં રોકડાનો હિસાબ આપો: આવકવેરા વિભાગની નોટિસ

## રૂ.૧૫થી રૂ.૫૦ લાખ સુધીનું રોકાણ કરનાર ૫૦૦થી વધુ લોકોને આવકવેરા વિભાગે ખુલાસા પૂછ્યા




રાજકોટ:માર્ચ મહિનો પૂરો થવાને આડે હવે માત્ર ચાર જ દિવસ બાકી રહ્યા છે. ત્યારે નવા નાણાકીય વર્ષ માટે આયોજન શરૂ થઈ ગયા છે, તો બીજી બાજુ આવકવેરા વિભાગે જૂના હિસાબ-કિતાબ ખોલ્યા છે. જેમાં ત્રણથી ચાર વર્ષ પહેલાં મિલકતમાં રૂ. ૧૫થી ૫૦ લાખ સુધીનું રોકાણ કરનાર અંદાજિત ૫૦૦થી વધુ લોકોને આવકવેરા વિભાગે નોટિસ આપી છે. નોટિસમાં જણાવ્યું છે કે, તમે મિલકત ખરીદ કરી છે, પરંતુ રિટર્નમાં જે ઓનના પૈસા ચૂકવ્યા તેનો હિસાબ આપ્યો નથી તેની માહિતી આપો.અંદાજિત આ રીતે રૂ.૫૦૦ કરોડની ટેક્સ-પેનલ્ટીની વસૂલાત કરવામાં આવશે. તેમ સીએ રાજીવ દોશીએ જણાવ્યું છે.નાણાકીય વર્ષ ૨૦૧૮-૨૦૧૯માં જેને રહેણાક, કોમર્સિયલ પ્રોજેક્ટમાં રોકાણ કર્યુ છે. તેના હિસાબ-કિતાબ ખોલવામાં આવ્યા છે. મિલકત ખરીદી કરનારની માહિતી આવકવેરા વિભાગને બિલ્ડરોને ત્યાં સર્ચ અને સરવે દરમિયાન મળી છે. હાલ જે નોટિસ મળી છે તેને લઈને અનેક કરદાતા અપીલમાં જવાની વિચારણા કરી રહ્યા છે, પરંતુ અપીલમાં જવા માટે પણ ૨૦ ટકા રકમ ચૂકવવી પડશે.આ સિવાય જેના નામ ખુલ્યા છે તે તમામની અન્ય આવકના સ્રોત, તેના રિટર્ન- ટેક્સ ફાઈલિંગ માટેની માહિતી પણ આવકવેરા વિભાગ તૈયાર કરી રહ્યું છે. શેરબજારમાં રોકાણ કરી નફો મેળવી ટેક્સ નહિ ભરનાર લોકોની નામાવલી પણ આવકવેરા વિભાગે તૈયાર કરી છે. ચાલુ નાણાકીય વર્ષમાં પણ જ્યાં બિલ્ડરોને ત્યાં સર્ચ અને સરવે કરવામાં આવ્યો છે તેની તપાસમાં જે રોકાણકારોના નામ ખૂલશે તેને પણ આવનારા વર્ષમાં નોટિસ પાઠવવામાં આવશે.હાલમાં નાણાકીય હિસાબોના આયોજન થઈ રહ્યા છે. છેલ્લા ૪ વર્ષથી લોકોનું મેડિક્લેમમાં રોકાણ એ હવે સામાન્ય બની ગયું છે, પરંતુ ટેક્સ બેનિફિટ મેળવવા માટે લોકોએ મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણને પ્રાથમિકતા આપી છે. તેમ ટેક્સ કન્સલ્ટન્ટ દીપકભાઈ સેતા જણાવી રહ્યા છે. આ ઉપરાંત હાલ પાનકાર્ડની ચકાસણી પણ ચાલી રહી છે. તેમાં એક જ વ્યક્તિના બે-બે પાનકાર્ડ ઈસ્યૂ થયા હોવાનું તપાસમાં ખૂલી રહ્યું છે. જેના નામે બે-બે પાનકાર્ડ ઈસ્યૂ થયા છે તેની પાસેથી સ્પષ્ટતા માગવામાં આવી રહી છે.નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૦૨૪ માં રાજકોટ ઉપરાંત અમદાવાદ, વડોદરા અને સુરતમાં મોટા પાયે દરોડા પાડવામાં આવ્યા હતા. બિલ્ડરો અને સોની વેપારીઓને ત્યાં સૌથી વધુ ટેક્સચોરી બહાર આવી છે. બિલ્ડરોને ત્યાં તપાસ દરમિયાન અનેક લોકોએ રોકડમાં નાણાકીય લેતી દેતી કરી હોવાનું ખુલ્યું છે. જેના જેના નામ ખુલ્યા છે તે તમામને આવકવેરા વિભાગે નોટિસ આપીને ખુલાસો પૂછયો છે. સમય મર્યાદામાં તેમજ સંતોષજનક જવાબ નહિ આપનાર સામે ટેક્સ-પેનલ્ટી વસૂલાતની કામગીરી કરવામાં આવશે. તેમ આવકવેરા વિભાગે જણાવ્યું છે.

### 'વિશ્વ ટીબી દિવસ'ની ઉજવણી અંતર્ગત

# 'હા! આપણે ટીબીને ખતમ કરી શકીએ છીએ!'

## (Yes! We Can End TB!) વિષયક પરિસંવાદ યોજાયો



રાજકોટ : 'વિશ્વ ટીબી દિવસ ૨૦૨૪' ની ઉજવણી 'હા! આપણે ટીબીને ખતમ કરી શકીએ છીએ!' (Yes! We Can End TB!) વિષયક પરિસંવાદ સતત તબીબી શિક્ષણ (CME) દ્વારા યોજાયો હતો.

ક્ષય રોગ સામે લડવા માટે ટીબીના ક્ષેત્રમાં દાયકાઓનો અનુભવ ધરાવતા જાણીતા પલ્મોનોલોજિસ્ટ, તથા નિષ્ણાત તજજ્ઞો જાહેર આરોગ્ય સમસ્યા તરીકે ટીબીના જોખમને નાબૂદ કરવા માટે અથાક લડત આપવાના સામૂહિક સંકલ્પ માટે સંકલ્પબધ્ધ થયા હતાં .

લેક્ચર થિયેટર એકેડેમિક બ્લોક AIIMS રાજકોટ ખાતે ૨૭ માર્ચ,૨૦૨૪ના રોજ બપોરે ૦૨ ંૃ થી ૦૫ ંૃ દરમિયાન યોજાયેલ આ પરિસંવાદમાં CME માં ફેકલ્ટીઓ, સિનિયર રેસિડેન્ટ્સ અને જુનિયર રેસિડેન્ટ્સ (Acad અને Non-Acad) સહિત તબીબી વ્યાવસાયિકો હાજર રહ્યા હતા.

આ પ્રસંગે ટીબીની ઝાંખી અને રાજકોટમાં ટીબીના પરિસ્થિતિગત વિશ્લેષણથી શરૂ કરીને જ્ઞાનાત્મક પ્રસ્તુતિઓની શ્રેણી રજૂ કરાઈ હતી .

ટીબીના વૈશ્વિક પરિસ્થિતિગત વિશ્લેષણ, ટીબી સ્ક્રીનીંગ અને રેફરલ, ટીબી નિદાન માર્ગદર્શિકાઓ અને નિદાનમાં પડકારો, પુખ્ત વયના ટીબી સારવાર માર્ગદર્શિકા અને સંકળાયેલ પડકારો, સારવાર માર્ગદર્શિકાઓ અને બાળરોગના કેસોની સારવારમાં પડકારોની ચર્ચા કરી આભારવિધિ સાથે કાર્યક્રમનું સમાપન થયું હતું.

# રાજકોટનાં NSS કો-ઓર્ડીનેટરને રાજ્યના બેસ્ટ NSS પ્રોગ્રામરનો એવોર્ડ એનાયત કરાયો



રાજકોટ:

રાજકોટની કણસાગરા મહિલા કોલેજમાં હિન્દી વિભાગના અધ્યક્ષ ઉપરાંત NSSના રાજકોટ જિલ્લાના કો-ઓર્ડીનેટર અન NSS પ્રોગ્રામ ઓફીસર તરીકે ફરજ બજાવતા પ્રો.ડો.યશવંતગિરી કે. ગોસ્વામીને યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય ભારત સરકાર અંતર્ગત ગુજરાત સરકારની ગાંધીનગરમાં સ્થિત NSS સેલ ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી દ્વારા રાજયના બેસ્ટ NSS પ્રોગ્રામ ઓફીસરનો વર્ષ ૨૦૨૧-૨૨નો ગૌરવપૂર્ણ એવોર્ડ ગાંધીનગર ખાતે શિક્ષણમંત્રી પ્રફુલભાઈ પાનસેરીયા અને NSS સેલ ગાંધીનગરના પદાધિકારીઓની હાજરીમાં એનાયત કરવામાં આવ્યો હતો. બહુમુખી પ્રતિભા ધરાવતા ડો.યશવંત ગોસ્વામી પત્રકાર, ચિત્રકાર, લેખક અને વકતા પણ છે.ડૉ. ગોસ્વામીના ૨૫થી વધુ પુસ્તકો હિન્દી અને ગુજરાતીમાં પ્રસિદ્ધ થયા છે. તેમણે ૨૫ વખત કૈલાશ માનસરોવર યાત્રા કરવા ઉપરાંત ૨૫થી વધુ દેશના યાત્રા પ્રવાસ કર્યા છે. મહાદેવના ઉપાસક ડો.ગોસ્વામીએ ૫ પુસ્તકો મહાદેવ પર લખ્યા છે. શિક્ષણ જગતની સાથે વિવિધ ક્ષેત્રમાં વિશેષ લોકચાહના મેળવેલ છે. તેમના નેતૃત્વમાં કોલેજના અનેક વિદ્યાર્થીઓએ સ્ટેટ, નેશનલ અને ઈન્ટરનેશનલ સ્તરે પહોંચી NSSની પ્રવૃતિને ગતિશીલ બનાવવામાં અમૂલ્ય યોગદાન આપવા બદલ ડો.યશવંત ગોસ્વામીને અમૂલ્ય એવોર્ડ પ્રાપ્ત થયો છે.ડૉ. ગોસ્વામી છેલ્લા ૩૦ વર્ષથી NSSની પ્રવૃત્તિ સાથે જોડાઈ વિદ્યાર્થીઓને અભ્યાસની સાથે-સાથે સ્વવિકાસની તાલીમ આપી પરિવાર- સમાજ અને રાષ્ટ્ર નિર્માણની વિવિધ પ્રવૃતિઓ સાથે વિદ્યાર્થીઓના ચારિત્ર્ય નિર્માણમાં મહત્ત્વની ભૂમિકા નિભાવી રહ્યા છે. ગ્રામ્ય વિસ્તાર અને સ્લમ એરીયામાં વિકાસલક્ષી વિવિધ પ્રોજેક્ટ ચલાવી તન-મન-ધનથી સેવાકાર્યોમાં ખેડાઈ NSSના હજારો વોલેન્ટીયર્સને સેવાધર્મ સાથે રાષ્ટ્રધર્મની ઉત્તમ તાલીમ આપી છે. કોરોનાકાળ દરમિયાન ત્રણેય લોકડાઉનમાં NSSના ૩૦૦થી વધુ વોલેન્ટીયર્સ સાથે કોરોના વોરિયર્સની મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી છે. ભારત સરકારના વિવિધ અભિયાનો અને સરકારની વિવિધ ગ્રામ્ય વિકાસ સબંધી યોજનાઓ ગ્રામ્યસ્તરે પહોચાડવામાં અથાગ પુરુષાર્થ કર્યો છે. વ્યસન મુકિત, બ્લડ ડોનેશન, ઓર્ગન ડોનેશન, વિવિધ મેડીકલ કેમ્પ, વૃક્ષારોપણ અને જળક્રાંતિ અભિયાન દ્વારા અનોખો સેવાયજ્ઞ ચલાવી રહ્યા છે.

# રાજકોટ શહેરની શાળાઓમાં વિવિધ સ્પર્ધાઓ યોજી

## "મતદાન જાગૃતિ" અભિયાનનું આયોજન કરાયું



રાજકોટ:

આગામી તા. ૭ મેના રોજ દેશના તહેવાર સમા લોકશાહીના પર્વમાં ભારતના નાગરિકો ઉત્સાહભેર જોડાય તે માટે દેશભરમાં "મતદાન જાગૃતિ" અભિયાનનું આયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત રાજકોટ શહેરની માં આનંદમયી કન્યા વિદ્યાલય, પતંજલિ સ્કૂલ અને કે.જી.ધોળકીયા સ્કુલના વિદ્યાર્થીઓએ નાટક, રેલી, ચિત્ર સ્પર્ધા,"મારું મતદાન, મારી ફરજ, મતદાન કરીએ અને કરાવીએ" જેવા સ્લોગન સહીત વિવિધ સ્પર્ધાઓ યોજી લોકોને મતદાન કરવા પ્રેરણા આપી હતી. આ સ્પર્ધા થકી મતદાન, સ્વીપ, ઈ.વી.એમ.સહિતની મતદાનલક્ષી તમામ માહિતી પુરી પાડવામાં આવી હતી.

આ આભિયાનમાં પતંજલિ સ્કૂલ, માં આનંદમયી કન્યા વિદ્યાલય અને કે.જી. ધોળકીયા સ્કુલના આચાર્યશ્રી અને શિક્ષકશ્રીઓ અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## અવસાન નોંધ:

ભાવનગર:શ્રીમાળી બ્રાહ્મણ મરણ સ્વ રમણીક લાલ ડાયાલાલ ત્રિવેદી કાજુ પૂરી વાળા ના પુત્ર શ્રી દિપકભાઈ ત્રિવેદી નટરાજ મેડિકલ વાળા બોર તળાવ ઉંમર ૬૦ તારીખ ૨૬ ૩ ૨૦૨૪ મંગળવાર ના રોજ અક્ષરધામ થયેલ છે તે ઈલાબેન દીપકભાઈ ત્રિવેદી પતિ દિશા કેયુરકુમાર ત્રિવેદીના પિતા ,ધ્રુવ દીપકભાઈ ત્રિવેદી ના પિતા દિગંતભાઈ રમણીકભાઈ ત્રિવેદી મહાદેવ મેડિકલ આણંદ નગર ના મોટાભાઈ ,સંગીતાબેન દીગંત કુમાર ત્રિવેદી ના જેઠ હિરવા આનંદ કુમાર ઓઝા ના મોટા પપ્પા ,બિરેન દિગતભાઈ ત્રિવેદી ના મોટા પપ્પા તેમજ સ્વ લલીતભાઈ ત્રિવેદી (અમદાવાદ) ના જમાઈ સ્વ કલ્પેશભાઈ ત્રિવેદી ના બનેવી થાય, મીનાબેન નીતિનકુમાર ત્રિવેદી ના બનેવી થાય તેમની બંને પક્ષની સાદડી તારીખ ૨૮/૩/૨૪ ગુરૂવાર ના રોજ સાંજે ૫ થી ૭ રાખેલ છે સ્વામિનારાયણ મંદિર આનંદ નગર ભાવનગર.

ધ્રોલ નિવાસી જયાબેન પોપટલાલ દવે ઉમર વર્ષ ૯૭ જેવો રમેશભાઈ દવે સ્વદેશી જાગરણ મંચ પશ્ચિમ ક્ષેત્રના તેમજ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ગુજરાત પ્રાંતના પૂર્વ બૌદ્ધિકપ્રમુખ , રાજુભાઈ દવે પીજીવીસીએલ, મનોજભાઈ દવે તથા રંજનબેન જોષી, નંદાબેનના માતૃશ્રીનું આજરોજ તા. ૨૭/૩/૨૦૨૪ બુધવાર ના રોજ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થનું બેસણું તેમજ ઉઠમણું તારીખ ૨૯ માર્ચ ૨૦૨૪ શુક્રવાર સાંજે ૫ થી ૬ સુધી સોમેશ્વર મહાદેવ મંદિર ૧૫૦ ફૂટ રીંગ રોડ રૈયા ટેલીફોન એક્સચેન્જ પાછળ રવિ રત્ન પાર્ક મેન રોડ રાજકોટ ખાતે રાખવામાં આવેલ છે .રમેશભાઈ પોપટભાઈ દવે ૯૩૧૩૮૭૮૦૩૧. રજનીકાંત પોપટભાઈ દવે મનોજભાઈ પોપટભાઈ દવે રંજનબેન જોષી નંદાબેન દવે

# ચૂંટણીના આયોજન અંગે જાણવા જેવી માહિતી:ચૂંટણીપંચનું માઈક્રો પ્લાનર: છ માસ અગાઉથી જ ૧૫૫ મુદ્દાઓ સાથે ચૂંટણીની તૈયારીઓ શરૂ થઈ જાય છે



ચૂંટણી એ લોકશાહીનો આધારસ્તંભ છે. લોકશાહીમાં દરેક પુખ્ત નાગરિક ચૂંટણી લડી પણ શકે છે અને પોતે ઈચ્છે તે પક્ષના કે સ્વતંત્ર ઉમેદવારને પોતાનો પવિત્ર મત આપી શકે છે. સામાન્ય રીતે કેન્દ્રીય ચૂંટણીપંચ ચૂંટણીની જાહેરાત કરે ત્યારથી પ્રત્યક્ષ રીતે ચૂંટણી પ્રક્રિયાનો ધમધમાટ જોવા મળતો હોય છે. જો કે મુક્ત અને ન્યાયી અને પારદર્શી વાતાવરણમાં ચૂંટણી યોજવા અને સમગ્ર ચૂંટણી પ્રક્રિયાના સુચારુ અને સરળ સંચાલન માટે ચૂંટણીતંત્ર દ્વારા છ મહિના કરતાં વધુ સમય અગાઉથી વિવિધ પ્રક્રિયાઓની શરૂઆત થઈ જતી હોય છે. કઈ કામગીરી, ક્યારે કરવી તેનું ચોક્કસ-નક્કર આયોજન હોય છે.

રાજકોટ જિલ્લામાં મુક્ત અને ન્યાયી વાતાવરણમાં લોકસભા બેઠકની ચૂંટણી યોજવા જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી પ્રભવ જોશીના નેતૃત્વમાં, તથા અધિક જિલ્લાના અધિક ચૂંટણી અધિકારી શ્રી એન.કે.મુછારની રાહબરીમાં સમગ્ર ચૂંટણી તંત્ર સુવ્યવસ્થિત આયોજન સાથે કામ કરી રહ્યું છે.

મહત્વનું છે કે, ચૂંટણી પ્રક્રિયા સરળતાથી યોજી શકાય, દરેક નાગરિક પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને ઉમેદવારને પસંદ કરી શકે, જ્યારે ચૂંટણી લડવા ઈચ્છુક ઉમેદવારો પોતે ચૂંટણી લડી શકે તેમજ ચૂંટણી પ્રક્રિયા સાથે જોડાયેલા અધિકારીઓ, કર્મચારીઓ પણ અસરકારક રીતે ચૂંટણી ફરજ બજાવી શકે તે માટે કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા એક સુવ્યવસ્થિત માઈક્રો ઈલેક્શન પ્લાનર તૈયાર કરવામાં આવ્યું છે. દરેક જિલ્લાના ચૂંટણી અધિકારીઓની કચેરીમાં આ ઈલેક્શન પ્લાનર મુકવામાં આવે છે.

રાજકોટમાં જિલ્લામાં જે ઈલેક્શન પ્લાનર છે, તેમાં કુલ ૧૫૫ મુદ્દાઓ આપવામાં આવ્યા છે. જેમાં જે-તે મુદ્દાની કામગીરી શરૂ કરવાથી લઈને તેના પૂર્ણાહૂતિનો આદર્શ સમય પણ આપવામાં આવ્યો છે.

છ મહિના કરતાં અગાઉ મુદ્દા નંબર ૧ અને બે પર કામગીરી થાય છે. જેમાં કે.એ.પી. (નોલેજ, એટિટ્યૂડ, પ્રેક્ટિસ)નો સર્વે કરવાનો હોય છે. જે ચૂંટણીની આદર્શ તારીખના ૩૦૦ દિવસ અગાઉથી લઈને ૨૧૦ દિવસ સુધીમાં એટલે કે ૯૧ દિવસમાં પૂર્ણ કરવાની હોય છે. આ સાથે ડેટા બેઝ તૈયાર કરવાની કામગીરી ૩૧ દિવસમાં કરવાની હોય છે.

ચૂંટણીના છ માસ અગાઉ મુદ્દા નંબર-૩થી લઈને ૧૦ પર કામ ચાલે છે. જેમાં અખબાર, ટીવી ચેનલ, રેડિયો, કેબલ ચેનલના સ્ટાન્ડર્ડ રેટ કાર્ડ નક્કી કરવા, ચૂંટણી પ્રક્રિયા સાથે સીધા સંકળાયેલા અધિકારીની બદલી-પોસ્ટિંગ, દિવ્યાંગ મતદારોનું મેપિંગ તથા તેઓ મત આપી શકે તેવી વ્યવસ્થાઓની તૈયારી શરૂ કરવી, ઈ.વી.એમ., પાવર પેક, સીલ, ટેગ વગેરેની ખરીદી પ્રક્રિયા શરૂ કરવી, લોકસભા ચૂંટણીના ઈ.વી.એમ.-વી.વી.પેટનું ફર્સ્ટ લેવલનું ચેકિંગ, જિલ્લા ચૂંટણી અધકિારી, રિટર્નિંગ ઓફિસર્સ સહિતના સ્ટાફની તાલીમ, સ્વીપ (સિસ્ટેમેટિક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટિસિપેશન) પ્રવૃત્તિનો આરંભ વગેરેનો સમાવેશ થાય છે.

ચૂંટણીના ચાર માસ અગાઉના સમયગાળામાં મુદ્દા નં-૧૧થી લઈને ૧૪ પર કામગીરી થાય છે. જેમાં રાજયની વિધાનસભાની સામાન્ય ચૂંટણીના ઈ.વી.એમ.-વી.વી.પેટનું ફર્સ્ટ લેવલનું ચેકિંગ, ચૂંટણી સ્ટાફની જરૂરિયાત મુજબ આપૂર્તિની કામગીરી, મતદાન મથકોની ભૌતિક ચકાસણી સહિતની કામગીરી કરવામાં આવે છે.

ચૂંટણીના ત્રણ મહિના અગાઉના ગાળામાં મુદ્દા નં-૧૫થી લઈને ૨૪ પર કામગીરી થતી હોય છે. જેમાં સ્વીપ પ્લાનનો અમલ, ઈ.વી.એમ.-વી.વી.પેટ જાગૃતિ કાર્યક્રમ, રાજકીય પક્ષોના પ્રતિનિધિ-ઉમેદવારો સાથે મતદાન મથકો અંગે વિમર્શ, વિવિધ ક્ષેત્રો માટે ટીમની રચના, બજેટ તૈયારી વગેરે કામગીરી કરવામાં આવતી હોય છે.

ચૂંટણીના સંભવિત બે માસ અગાઉ કામગીરી ખૂબ વેગ પકડે છે. જેમાં મુદ્દા નં-૨૫થી લઈને ૭૬ મુદ્દા પર કામગીરી ચાલે છે. ચૂંટણી કામગીરી માટે સામગ્રીની ખરીદી-ટેન્ડરિંગ, સ્ટ્રોંગરૂમ કાઉન્ટિંગ સ્થળની પસંદગી, અમલીકરણ એજન્સીના નોડલ અધિકારીઓની તાલીમ, કેમ્પસ એમ્બેસેડર માટે વર્કશોપ, કાયદો-વ્યવસ્થાની બારીક સમીક્ષા તથા સંલગ્ન બાબતો, રિટર્નિંગ ઓફિસરોના સ્તરે તાલીમ, ઈક્રમટેક્સ – એક્સાઈઝ અધિકારીઓ સાથે મિટિંગ, એફ.એસ.ટી., એસ.એસ.ટી., વી.એસ.ટી. વગેરેની નિમણૂક, જિલ્લા સ્તરે પોલીસ સ્ટાફની તાલીમ સહિતની કામગીરી થાય છે.

ત્યારબાદ ચૂંટણીના એક માસ અગાઉ મુદ્દા નં-૭૭થી લઈને ૧૪૩ પર કામગીરી કરવામાં આવે છે. જેમાં સોશિયલ મીડિયા મોનિટરિંગ અને સંલગ્ન વ્યવસ્થા, પોલીસ સ્ટાફની પોલીસ મથક સ્તરે તાલીમ, ખર્ચ નિરિક્ષકો દ્વારા તાલીમ, રાજકીય પક્ષોના પ્રતિનિધિઓની હાજરીમાં ઈ.વી.એમ.-વી.વી.પેટનું પ્રથમ રેન્ડમાઈઝેશન, મતદાન મથકોનું લિસ્ટ તૈયાર કરવું, પોલીસની તપાસ સાથે સ્ટ્રોંગરૂમની પસંદગી કરવી, ચૂંટણી એજન્ટ તથા કાઉન્ટિંગ એજન્ટોની નિમણૂક કરવી, ઓનલાઈન સી-વિજિલને કાર્યરત કરવું, બ્રેઈલ તથા પોસ્ટલ સહિતના બેલેટ પેપર્સનું પ્રિન્ટિંગ, માઈક્રો ઓબ્ઝર્વર્સની તાલીમ, ઈ.વી.એમ.-વી.વી.પેટનું બીજું રેન્ડમાઈઝેશન તથા કમિશનિંગ, સ્ટ્રોંગ રૂમ તૈયાર કરવા સહિત અનેકવિધ કામગીરીઓ થાય છે.

ત્યારબાદ ચૂંટણીના દિવસે મુદ્દા નં-૧૪૪થી લઈને ૧૪૭ પર કામગીરી થાય છે. જેમાં મતદાનના દિવસે દિવ્યાંગ તથા સિનિયર સિટિઝન્સ સરળતાથી મતદાન કરી શકે તે માટે પરિવહન સહિતની વ્યવસ્થા ગોઠવવી, પોલિંગ બૂથ પર અંધજનો મતદાન કરી શકે તે માટે સંબંધિત વ્યવસ્થા ગોઠવવી, ચૂંટણીનું મતદાન પૂર્ણ થયા પછી ઈ.વી.એમ. સ્ટોર કરવા સહિતની કામગીરી થાય છે.

મતદાન પછીના દિવસોમાં મુદ્દા નં-૧૪૮થી લઈને ૧૫૫ પર કામગીરી થાય છે. જેમાં કાઉન્ટિંગ હોલની ગણતરી, પ્રિ-કાઉન્ટિંગ ટેસ્ટિંગ- ડ્રાયરન, ગણતરી, ઈન્ડેક્સ કાર્ડ, ખર્ચ બાબતની કામગીરી, જિલ્લા ચૂંટણી અધિકારીનો સ્ક્રૂટિની રિપોર્ટ સબમિટ, ચીફ ઈલેક્શન ઓફિસરની વેબસાઈટ પર પેઈડ ન્યૂઝનું રિપોર્ટિંગ સહિતની કામગીરી કરવામાં આવે છે. મહત્વનું છે કે, આ તમામ મુદ્દાઓને અલગ અલગ ૨૭ જેટલા કલર કોડિંગમાં વહેંચી દેવામાં આવ્યા છે.

ચૂંટણી તંત્રના આ માઈક્રો મેનેજમેન્ટના લીધે વિશ્વની સૌથી મોટી લોકશાહી એવા ભારત દેશમાં આદર્શ આચારસંહિતાના માહોલમાં ચૂંટણી મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજાય છે અને નાગરિકો ઉત્સાહ સાથે મતદાન કરીને લોકશાહીની પવિત્ર ફરજ અદા કરે છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

# સૌરાષ્ટ્ર આસપાસ

## પ્રાથમિક કેળવણીની વાસ્તવિકતા

નવી એજ્યુકેશન પોલીશી નો અમલ થાય તે સારી વસ્તુ છે.સમયની સાથે કેળવણીમાં પણ ફેરફાર થાય તે પણ જરૂરી છે. પણ આજે જે વાસ્તવિક્તા છે તેને નજરઅંદાજ કરી શકાય એમ નથી.ગામડાની શાળા માં ભણતો ૫ વર્ષના બાળકને ૧૦૦ એકડા ન આવડે તો પરિસ્થિતિ સિરિયસ કહી શકાય.

આમ છતાં એજ્યુકેશન હાઇટેક બની રહ્યું છે.નવી શિક્ષણ નીતિમાં દરેક બાળક માટે ડિજિટલ રિપોર્ટ કાર્ડ બનશે જેને કારણે તેની પ્રગતિ કેટલી થઈ છે તે દર્શાવવામાં આવશે તેને કેટલું નથી આવડતું તે પણ તેમાં પ્રદર્શિત થશે આમ શિક્ષણ વધુ કાર્યક્ષમ બનાવવામાં માટે રાજ્ય સરકારે કમર કસી છે.

કોઈપણ બાળક માટે જીવનલક્ષી શિક્ષણ જરૂરી છે બાળક પાંચ વર્ષનું થાય એટલે ૨૫ પ્રકારની વિવિધ પ્રકારની પોતાના જીવનને લગતી પ્રવૃત્તિ જાતે કરી શકે એટલે શિક્ષણનો પાયો ગણી શકાય પાંચ દાયકા પહેલાના શિક્ષણકારો જીવનલક્ષી શિક્ષણને જ મહત્વ આપતા હતા પરંતુ ધીમે ધીમે સમયની સાથે પરિવર્તન થતું ગયું શિક્ષણ વધુને વધુ હાઈ ટેક બનતું ગયું પાટી સલેટને બદલે આજે વિદ્યાર્થીના હાથમાં સ્માર્ટફોન અને લેપટોપ છે ઓનલાઇન એજ્યુકેશન આવી ગયું આના પ્રમાણમાં જે રીતે એજ્યુકેશનનો સ્ત્ર વધવું જોઈએ તે હજુ હજુ નથી.

કોરોના કાળ દરમિયાન દુનિયાભરના બાળકોને લર્નિંગ લોસ થયો છે તે જેવો તેવો નથી તે અંગે પણ સર્વે કરવામાં આવ્યો છે ઓનલાઇન એજ્યુકેશનના શરૂઆતમાં ફાયદા દેખાતા હતા પરંતુ હવે તેના નેગેટિવ પોઇન્ટ પણ સામે આવવા લાગ્યા છે જે ફાયદા કરતાં ગેરફાયદા વધુ છે તો આ ગેરફાયદા ને કેવી રીતે નિવારવા તેનું મનોમંથન શિક્ષણ જગતના લોકો કરી રહ્યા છે અને તેને કારણે શિક્ષણ પદ્ધતિમાં મોટો બદલાવ આવી રહ્યો છે

પરીક્ષા પાસ થયા પછી દરેક વિદ્યાર્થીને પરિણામ પત્ર કાપવામાં આવે છે પહેલા પરિણામ માત્ર એક ચોરસ કાગળમાં આવતું પછી હવે બુકલેટ માં આવે છે હવે ઓનલાઇન આવે છે આમાં પણ હજુ નવી શિક્ષણનીતિમાં મોટો બદલાવ કરવામાં આવી રહ્યો છે કયા બાળકને પાછળના ધોરણમાં કયા વિષયમાં શું શીખવાનું બાકી છે તે હવે આ રિપોર્ટ કાર્ડમાં દર્શાવવામાં આવશે ધોરણ ત્રણ થી આઠ ના વિદ્યાર્થીઓના રિપોર્ટ કાર્ડ બનશે તેમાં પાછલા વર્ષની ખામી પણ લખવામાં આવશે જે નવા સત્રમાં ઉમેરાશે અને વિદ્યાર્થીને આ રીતે શિક્ષણની અંદર જે ખામી રહી ગઈ છે તે પરિપૂર્ણ કરવામાં આવશે હવે પછી રાજ્યના તમામ બાળકોના આવા રિપોર્ટ કાર્ડ બનશે અને તેની માહિતી અપલોડ પણ કરવી પડશે દાખલા તરીકે આ રિપોર્ટ કાર્ડ માં એક શાળાના ત્રીજા ધોરણના ગણિતનું રિપોર્ટ કાર્ડ છે આ શાળામાં ધોરણ ત્રણ પાસ કરી ચોથા ધોરણમાં પ્રવેશેલા બાળક ને શું નથી આવડતું તે દર્શાવવામાં આવશે દાખલા તરીકે કોઈ બાળકને ગણિતમાં ભાગાકાર નથી આવડતા તો તેનો ઉલ્લેખ હશે આથી આગળના ધોરણમાં આ વસ્તુ પહેલા જાણ પર લઈને તેને ભાંગાકાર શીખવવામાં આવશે આથી નવા ધોરણના શિક્ષકને સૌથી પહેલા તે બાળકને શું શીખવાડવું તે સ્પષ્ટ થઈ જશે અને તેનું કામ સરળ બની જશે

રાજ્યના શિક્ષણ વિભાગે ગુજરાતની શિક્ષણ પદ્ધતિમાં મોટો ફેરફાર કરવાનો નિર્ણય કર્યો છે અત્યાર સુધીમાં ધોરણ આઠ સુધી કોઈ બાળકને નાપાસ કરવામાં નહોતા આવતા પરંતુ તેમાં હવે અનેક બાળકને પાયાનું

# પૈસા માટે જ આ વાચન લેખન ?



અન્વેષણ - C.A. પરેશ ભટ્ટ

હમણાં ફેબ્રુઆરી મહિનામાં મારા પુસ્તક "અદ્દભૂતમ સંસ્કૃતમ" પુસ્તકનું વિમોચન થયું. પુસ્તકને ખૂબ જ સુંદર પ્રતિભાવ મળ્યો. ઘણા બધા વિદ્વાન લોકોના ફોન આવ્યા, મિત્રોએ શુભેચ્છાઓ પાઠવી. અમુક વિદ્વાન મિત્રોએ તો ત્યાં સુધી જણાવ્યું કે આ પુસ્તકતો યુનિવર્સિટીમાં પાઠ્ય પુસ્તક તરીકે મૂકવું જોઈએ. તો અમુક વિદ્વાન મિત્રોએ કહ્યું કે સાહિત્ય સાથે જોડાયેલ દરેકે દરેક વ્યક્તિએ આ પુસ્તક અચૂક વાંચવું જ જોઈએ. કારણ કે આપણા પૂર્વજોએ જે સાહિત્યિક પ્રયોગો કર્યા છે, જે કાગળ પેનની પણ શોધ ન હોતી થઈ ત્યારે એમણે કરેલા છે. એ જાણવા તો અચૂક વાંચવું જોઈએ. એક બહેને તો એમ કહ્યું કે અમારા કોનવેન્ટીયા બાળકોને ખબર આ બધી ખબર પડે એટલે અંગ્રેજીમાં આ પુસ્તક ક્યારે આપો છો ? આપણી યુવા પેઢીને આ વાતો ચોક્કસ ખબર પડવી જોઈએ. આ બધું સાંભળીને એક આત્મસંતોષ થાય કે સાહિત્ય ક્ષેત્રે આપણે કરેલા પ્રયત્નને ચોક્કસ સફળતા મળી છે.

આમ છતાં અમુક લોકોને એવું મનમાં હોય કે જીવનનું કેન્દ્ર સ્થાન એટલે પૈસો. એ સિવાયની દરેક પ્રવૃત્તિ નકામી.એવા જ એક પ્રોફેશનલ મિત્ર મને કહે આ "અદ્દભૂતમ સંસ્કૃતમ" લખીને તમને શું પૈસા મળે ? મેં કહ્યું કલાનું મૂલ્ય બીજા માટે હોય કલાકાર માટે તો એ અમૂલ્ય જ હોય. કોઈ પણ કિંમત તેને મળે એ ઓછી જ હોય. કારણ કલાનું સર્જન જે આત્મસંતોષ આપે જે ખુશી આપે તેને તમે ક્યાં તોલવા જવાના ? એ આત્મસંતોષની કોઈ કિંમત હોય ? એ ખુશીનું કોઈ મૂલ્યાંકન હોય ? જે રીતે બાળકને જન્મ આપ્યાનો આત્મસંતોષ મા ને હોય છે એવો જ આત્મસંતોષ એક પુસ્તક પૂર્ણ થઈને હાથમાં આવે ત્યારે લેખકને થતો હોય છે. મા ને પીડા કરતા પુત્ર જન્મનો આંનદ વધુ હોય એમ જ લેખકને પુસ્તક લખતા પડેલી મુશ્કેલીઓ સામે પુસ્તક હાથમાં આવે ત્યારે જે આંનદ હોય છે જે અવર્ણનિય હોય છે. મા ને માટે બાળકની કોઈ કિંમત હોય ? બાળક અમૂલ્ય જ હોય.

આમ છતાં તેના મગજમાં પૈસાના જ બટેટા બફાતા હતા. મને કહે એ બધું તો ઠીક છે પણ રૂપિયા કેટલા મળે ? પ્રેક્ટિસમાં વધારો થાય ? કોઈ ક્લાયન્ટ વધે ? મેં કહ્યું હા ચોક્કસ તો મને કહે કેમ ? મેં એમને હજુ ગયા અઠવાડિયે બનેલી ઘટના જ કહી કે મારે ઇન્કમ ટેક્સમાં એક કેસ ચાલતો હતો.ખૂબ મોટી રકમની મેટર હતી.ઇન્કમ ટેક્સમાં સામાન્ય રીતે મુખ્ય બે મુદ્દા હોય એક કાયદાકીય પ્રશ્ન - લો બેઝ અને બીજો હકીકતનો-ફેક્ટ બેઝ પ્રશ્ન. આ બે માંથી સામાન્ય રીતે કોઈ એક પ્રશ્ન હોય. મારા કેસમાં આ બન્ને પ્રશ્નો હતા-બન્ને મુદ્દા હતા.

આ સમયે મારા વાંચનનો શોખ જેમાં સંસ્કૃતનો ન્યાય અને વૈષેશિકનો દર્શનનો અભ્યાસ, તર્ક શાસ્ત્રનો અભ્યાસ મને ખૂબ જ ઉપયોગી થાય. કોઈ પણ વાતને જુદા જુદા દ્રષ્ટિકોણથી જોવાની ટેવ પાડે.કોઈ પણ દલીલને તાર્કિક રીતે રજૂ કરવામાં ખૂબ જ સુગમતા રહે.કાયદાની કલમનું જુદા જુદા એંગલથી પૃથક્કરણ કરવાની ટેવ પાડે.જે ફેક્ટ કે હકીકત હોય તેને એસેસી કે કલાયન્ટની ફેવરમાં રજૂ કરવા માટેના તર્ક, દલીલ, રજુઆત માટે સરળતા રહે, ખૂબ જ ચોટદાર રીતે થઈ શકે. જે મને પ્રેક્ટિસમાં પણ ખૂબ જ ઉપયોગી થાય.એ કેસમાં મને કલાયન્ટની ફેવરમાં નિર્ણય લાવવામાં આ બધી જ વાતો ખૂબ જ ઉપયોગી બની છે. હવે કહો આ બધું પ્રેક્ટિસમાં ઉપયોગી થાય કે નહીં ? પૈસા કમાવી આપે કે નહીં ?

એટલે એ મિત્ર એ પાટલી બદલી કે આટલું બધું વાંચવાનો સમય ક્યારે મળે છે ? મેં કહ્યું કે હું વેબ સિરીઝ, ફિલ્મ, ટીવી કે સોસીયલ મીડીયામા ખૂબ ઓછો સમય ફાળવું છું.બીજું મારી એક મિનિટ પ્રવૃત્તિ વગરની ન હોય.પણ આ બધી પ્રવૃત્તિ પૈસા કમાવા માટે નહીં પરંતુ નિજાનંદ માટે છે. હા, તેના પૈસા મળે છે એ સાઈડ ઇફેક્ટ છે.પણ પૈસા માટે "જ" આ પ્રવૃત્તિ નથી થતી.જેમ શરદીની દવા લઈએ ને ઊંઘ આવે તે સાઇડ ઇફેક્ટ છે પણ ઊંઘવા માટે એ દવા નથી લેતા.

બીજું વાંચન લેખનની પ્રવૃતિ એ મનને શાંતિ આપે છે, આંનદ આપે છે.આજે ઘણા ડોકટર્સ ખૂબ સરસ લખે છે, એ બધા જ કંઈ થોડા પૈસા માટે લખે છે એમની પ્રેક્ટિસ ખૂબ સરસ જ ચાલે છે. તેઓ હેલ્ધી પ્રેક્ટિસ માટે નથી લખતા પરંતુ પ્રેક્ટિસ માટે હેલ્ધી રહી શકાય એ માટે લખતા હોય છે. બસ અમારું પણ આવું જ કંઈક છે.

# ગુરુના યુરોપા ચંદ્ર પર એલિયન્સની હાજરી હોઈ શકે - નાસા

## નાસાએ આ મિશન માટે હજાર કરોડ રૂપિયા ખર્ચ્યા

વિશેષ

અમેરિકાની વોશિંગ્ટન યુનિવર્સિટીના એક સંશોધકે દાવો કર્યો છે. સંશોધકોએ કહ્યું છે કે અમેરિકન સ્પેસ એજન્સી નાસા ૨૦૩૦ સુધીમાં એલિયન્સની શોધ કરશે. સંશોધકોએ દાવો કર્યો છે કે ગુરુના ચંદ્ર યુરોપા પર એલિયન્સની હાજરી હોઈ શકે છે.

શું ખરેખર એલિયન્સ છે? જો તેઓ આ બ્રહ્માંડમાં અસ્તિત્વ ધરાવે છે તો તેઓ ક્યાં છે? જો તેઓ જોઈ રહ્યા છે તો તેઓ ક્યાંથી જોઈ રહ્યા છે? ઘણા વર્ષોથી, વિશ્વભરની એજન્સીઓ શોધી રહી છે કે જો આ દુનિયામાં એલિયન્સ છે, તો પછી તેઓ ક્યાં છે? કારણ કે ઘણી વખત એવો દાવો કરવામાં આવ્યો છે કે પૃથ્વી પર એલિયન્સ આવ્યા છે અને તેમના યુએફઓ પણ ઉતરતા જોવા મળ્યા છે. અમેરિકાની વોશિંગ્ટન યુનિવર્સિટીના એક સંશોધકે દાવો કર્યો છે. સંશોધકોએ કહ્યું છે કે અમેરિકન સ્પેસ એજન્સી નાસા ૨૦૩૦ સુધીમાં એલિયન્સની શોધ કરશે.

સંશોધકોએ દાવો કર્યો છે કે ગુરુના ચંદ્ર યુરોપા પર એલિયન્સની હાજરી હોઈ શકે છે. હવે તેમના વિશે જાણવા માટે એક મિશન શરૂ કરવામાં આવશે. ખરેખર, નાસા આ વર્ષે ઓક્ટોબરમાં યુરોપા ક્લિપર નામનું અવકાશયાન અવકાશમાં મોકલવા જઈ રહ્યું છે. યુરોપા ક્લિપર સાડા પાંચ વર્ષ સુધી પ્રવાસ કરશે, ત્યારબાદ તે ગુરુના ચંદ્ર યુરોપા સુધી પહોંચશે. અહીં પહોંચ્યા પછી, તે આ ચંદ્ર પર જીવનના સંકેતો શોધવાનું શરૂ કરશે. તમને જણાવી દઈએ કે આ સ્પેસક્રાફ્ટ બનાવવામાં ૧૭૮ મિલિયન ડોલર એટલે કે ૧૫૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. ઓક્ટોબરમાં લોન્ચ થયા બાદ યુરોપા ક્લિપર ૨૦૩૦ સુધીમાં યુરોપા ચંદ્રની યાત્રા પૂર્ણ કરશે.

ડેઈલી મેલના અહેવાલ મુજબ, વોશિંગ્ટન યુનિવર્સિટીના સંશોધકોની એક ટીમે કહ્યું કે યુરોપા ક્લિપર અવકાશયાન આધુનિક ઉપકરણોથી સજ્જ છે. આ સાધનો યુરોપા ચંદ્રના મહાસાગરોમાંથી નીકળતા બરફના નાના કણોમાં જીવન હાજર છે કે કેમ તે પણ શોધી શકે છે. સાધનો દ્વારા, તે રસાયણો કે જે પૃથ્વી પર જીવન માટે જવાબદાર છે તે પણ શોધી શકાય છે. યુરોપા ચંદ્ર વિશે દાવો કરવામાં આવે છે કે અહીં વિશાળ મહાસાગરો છે અને તેમના પર બરફની મોટી ચાદર છે.

બરફની ચાદરની નીચે જીવન અસ્તિત્વમાં હોઈ શકે છે, જો કે તે હજી સ્પષ્ટ નથી કે એલિયન્સ અહીં અસ્તિત્વમાં છે કે કેમ. દાવો કરવામાં આવી રહ્યો છે કે જો અહીં એલિયન્સ હશે તો પણ તેઓ નાના જીવાણુઓ અથવા બેક્ટેરિયાના રૂપમાં હાજર રહેશે. આ કારણે જ નાસાએ અભ્યાસ માટે યુરોપાને પસંદ કર્યું છે. કારણ કે ત્યાં પાણી છે અને જો પાણી છે તો જીવન પણ રહી શકે છે.



# વોટ્સએપ લાવી રહ્યુ છે જબરદસ્ત ફીચર

## આ ફીચર્સમાંથી એક AI પાવરથી જે ફોટો એડિટિંગના અનુભવને નેક્સ્ટ લેવલ પર લઈ જશે

આજે WhatsApp નો ઉપયોગ ભારત સહિત સમગ્ર વિશ્વમાં કરોડો લોકો કરે છે. કંપની યુઝર અનુભવને બહેતર બનાવવા માટે નવા ફીચર્સ પણ રજૂ કરતી રહે છે. તાજેતરમાં, કંપની ૩ નવી સુવિધાઓનું પરીક્ષણ કરતી જોવા મળી છે.

ખાસ વાત એ છે કે આ ફીચર્સમાંથી એક છેં પાવરથી સજ્જ લાગે છે. જે ફોટો એડિટિંગના અનુભવને નેક્સ્ટ લેવલ પર લઈ જશે. ઉપરાંત, કંપની ચેટ સૂચિમાંથી જ UPI ઊઇ કોડ સ્કેન કરવા માટે એક સરસ અપડેટ લાવી રહી છે. ત્રીજા ફીચરની વાત કરીએ તો કંપની વોઈસ નોટ્સમાં ફેરફાર કરવા જઈ રહી છે.

WhatsApp એક એવી સુવિધાનું પરીક્ષણ કરી રહ્યું છે જે વપરાશકર્તાઓને તેમના ફોટાને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ એટલે કે AI દ્વારા એડિટ કરવાની મંજૂરી આપશે. આ ફીચરની મદદથી તમે કોઈપણ ફોટોને રિસ્ટાઈલ કરી શકશો અથવા તેને વિસ્તૃત કરી શકશો. દરમિયાન, કંપની એક એવી સુવિધા પર પણ કામ કરી રહી છે જે વપરાશકર્તાઓને સર્ચ બારમાંથી સીધા જ કંપનીની 'મેટા એઆઈ' સેવાને પ્રશ્નો પૂછવાની મંજૂરી આપશે. ફીચર ટ્રેકર WABetaInfo અનુસાર, આ ફીચર એન્ડ્રોઇડ વર્ઝન ૨.૨૪.૭.૧૩ અપડેટ સાથે જોવામાં આવ્યું છે. જો કે, આ સુવિધા હજુ વિકાસના તબક્કામાં છે. હાલમાં, ફક્ત બીટા વપરાશકર્તાઓ જ આ સુવિધાનો ઉપયોગ કરી શકે છે, પરંતુ એકવાર પરીક્ષણ પૂર્ણ થયા પછી, કંપની તેને દરેક માટે બહાર પાડશે.

તાજેતરના એક રિપોર્ટમાં એવું કહેવામાં આવ્યું છે કે કંપની ચેટ લિસ્ટમાંથી જ UPI ઊઇ કોડને સ્કેન કરવા માટે એક નવું ફીચર લાવી રહી છે. આ સુવિધા ખૂબ ઉપયોગી થશે કારણ કે ભારતમાં ઘણા લોકો પહેલાથી જ પૈસા મોકલવા અને મેળવવા માટે ઉરકુંજછૅ પેમેન્ટ્સનો ઉપયોગ કરી રહ્યા છે.

તેથી, આ અપડેટ ઘણા વપરાશકર્તાઓ માટે ખૂબ ફાયદાકારક સાબિત થશે, જે તેમના માટે એપ્લિકેશનની અંદર વ્યવહાર કરવાનું વધુ સરળ બનાવશે.

આ સિવાય કંપની વોઈસ નોટ ફીચરમાં મોટું અપગ્રેડ કરવા જઈ રહી છે જ્યાં તમને વોઈસ નોટની નીચેના ટેક્સ્ટમાં વોઈસ નોટમાં શું છે તેની માહિતી જોવા મળશે. જોકે, આ ફીચર શરૂઆતમાં માત્ર iOS યુઝર્સ માટે જ લોન્ચ કરવામાં આવશે. કંપની તેને પછીથી એન્ડ્રોઇડ યુઝર્સ માટે રજૂ કરશે. આ ફીચર એન્ડ્રોઇડ વર્ઝન ૨.૨૪.૭.૮ પર જોવામાં આવ્યું છે.

# આંતરરાષ્ટ્રીય સ્તરે રૂપિયો ડોલર સામે અડીખમ બની ઉભો રહેશે

## રૂપિયો આંતરરાષ્ટ્રીય મુદ્રા બની જાય તે દિવસો હવે દૂર નથી વિશ્વના ઘણા દેશોએ વિનિમય માટે રૂપિયાને પ્રમાણિત કર્યો છે ધીમે ધીમે ડોલરની જેમ જ તે રૂપિયો આંતરરાષ્ટ્રીય વિનિમય માટે મહત્વનું સ્થાન લેશે તેવી આશા અસ્થાને નથી



આસપાસ ચોપાસ - સુરેશ ભટ્ટ

વિશ્વમાં આજે ડોલરનો મુકાબલો કોઈ કરી શકે તેમ નથી સૌથી તાકાત આજે ડોલરની છે એની સામે રૂપિયો સાવ નબળો ગણી શકાય પરંતુ ધીમે ધીમે વિશ્વના ઘણા દેશોએ આંતરરાષ્ટ્રીય વિનિમય માટે રૂપિયાનો સ્વીકાર કર્યો છે એટલે કે આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં જે ડોલરમાં ચુકવણી કરવી પડતી હતી તે હવે રૂપિયામાં કરી શકાય તેવી પરિસ્થિતિનું નિર્માણ ધીમે ધીમે થઈ રહ્યું છે

આપણો દેશ આર્થિક રીતે વિશ્વની પાંચમી મોટી ઇકોનોમી બની જશે આમ છતાં આપણા દેશમાં લોકોની માથાદીઠ આવક જેટલી વધવી જોઈએ તેથી વધી નથી વિરોધ પક્ષો ૨૦૨૪ ની ચૂંટણીમાં મોંઘવારીના મુદ્દાને આગળ કરે છે આમ છતાં આંતરરાષ્ટ્રીય સ્તર પર આપણા દેશમાં મોંઘવારીનું પ્રમાણ ઓછું છે

સૌથી મહત્વની વસ્તુ એ છે કે વિશ્વની અંદર ભારતના રૂપિયાની બોલબાલા ધીમે ધીમે વધતી જાય છે. બેન્ક ઓફ ઇન્ડિયા અનુસાર દુનિયાના ૬૪ દેશ ભારત સાથે રૂપિયામાં વેપાર કરવા માટે વાતચીત કરી રહ્યા છે જો વિશ્વના ૩૦ દેશ સાથે ભારતના રૂપિયામાં બિઝનેસ શરૂ થઈ જાય તો રૂપિયો આંતરરાષ્ટ્રીય મુદ્રા બની જશે તેમાં કોઈ શંકા ને સ્થાન નથી.

ભારતીય મુદ્રાને ભારત શા માટે આગળ વધારે છે? હાલના સમયે અમેરિકન ડોલર દુનિયાનું સૌથી શક્તિશાળી ચલણ છે. કુલ વૈશ્વિક વેપારમા તેની ભાગીદારી ૮૦ ટકાની નજીક છે. મતલબ કે. દુનિયા આખીમાં થતા બિઝનેસમાંના ૮૦ ટકાથી વધારે વિનિમય ડોલરમાં જ થાય છે. ભારત સહિતના દુનિયાના ઘણા દેશ વિદેશી આયાત-નિકાસ માટે ડોલર પર જ નિર્ભર રહેતા હતા. જો એમણે કોઈ બીજા દેશ પાસેથી કશું ખરીદવું કે વેચવું હોય તો ડોલરમાં જ ચુકવણી કરવી પકે છે. તેથી તેને દુનિયાનું સૌથી શક્તિશાળી ચલણ માનવામાં આવે છે. હવે તેમાં પરિવર્તનની શરૂઆત થઈ ગઈ છે. ઘણા દેશોએ ભારતીય ચલણમાં વિનિમયની મંજૂરી આપી દીધી છે. તેનાથી ડોલર પરની નિર્ભરતા ઘટશે અને રૂપિયો આંતરરાષ્ટ્રીય બજારમાં મજબૂત થશે. ભારતીની સાથે

રૂપિયામાં વેપાર કરવામાં રસ ધરાવનારા મોટા ભાગના દેશ વિદેશી મુદ્રા ભંડારમાં ડોલરની અછતનો સામનો કરી રહ્યા છે.અત્યાર સુધી અન્ય દેશો સાથેના વેપાર વખતે ડોલર ખર્ચવા પડતા હતા. તેના લીધે વિદેશી મુદ્રા ભંડારમાં ડોલરની ઘટ પડવા માંડી છે. તેથી, દેશના આર્થિક વિકાસદરમાં પણ ઘટ પડે છે અને દેવું પણ વધે છે. પરંતુ અન્ય દેશો સાથે રૂપિયામાં વિનિમયથી ભારતીય વેપાર પર ઓછું જોખમ રહેશે. કાચા તેલ સહિત જે કોઈ ઉત્પાદન અન્ય દેશોમાંથી આયાત કરવામાં આવે તેની ચુકવણી રૂપિયાના માધ્યમથી કરવામાં આવશે. તેનાથી દરવર્ષે અબજો ડોલર બચશે. મુદ્રાની અસ્થિરતા સામે સુરક્ષા મળશે. તેનાથી બેઝનેસનો ખર્ચ પણ ઘટશે અને વેપારનો સારી રીતે વિકાસ થશે. એટલું જ નહીં, ડોલર સહિત વિદેશી મુદ્રા ભંડાર રાખવાની જરૂરિયાત ઓછી ઊભીથશે. વિદેશી મુદ્રા, ખાસ કરીને ડોલર પર નિર્ભરતા ઘટવાના કારણે ભારત પર બહારના પ્રભાવોની ઓછી અસર થશે. એમણે જણાવ્યું કે. રૂપિયામાં વેપાર વધવાની સાથે જ આરબીઆઈને ભારતીય ચલણ માટે ખરીદદાર શોધવાની જરૂર નહીં પડે. તેનાથી ભારતીય રૂપિયાની માગમાં વધારો થશે. વિદેશી બેંકોને કન્વર્ઝન ફી ન મોકલવાના કારણે જે રકમ જમા થશે તે દેશની અંદર કામમાં આવશે. પ્રો. પ્રહલાદ અનુસાર, આંતરરાષ્ટ્રીય વેપારમાં રૂપિયાના ઉપયોગથી આમ નાગરિકને પણ ઘણા લાભ થશે. એમાં સૌથી મોટો લાભ મોંઘવારી સામે મળશે. ઘણા ઉત્પાદનો સસ્તા થઈ શકે છે. ભારત અને અન્ય દેશો વચ્ચે ખાદ્ય તેલ, ડ્રાય-ફ્રુટ્સ, ગેસ, કોલસો, દવાઓ સહિત ઘણી વસ્તુઓનો વેપાર થાય છે.રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા અનુસાર. દુનિયાના ૬૪ દેશ ભારત સાથે રૂપિયામાં વેપાર કરવા માટે વાતચીત કરી રહ્યા છે. તેમાં જર્મની, ઇઝરાયલ જેવા મોટા દેશ સામેલ છે પહેલી વાર યુરોપિયન યુનિયનમાં સામેલ દેશ જર્મની એશિયાના કોઈ ચલણ એટલે કે ભારતીય મુદ્રા રૂપિયામાં વેપાર કરવા માટે આગળ આવ્યો છે. જો ૩૦ દેશ સાથે ભારતના રૂપિયામાં બિઝનેસ શરુ થઈ જાય તો પછી રૂપિયો આંતરરાષ્ટ્રીય મુદ્રા બની જશે. રશિયા અને શ્રીલંકાની સાથોસાથ ચાર આફ્રિકન દેશો તેના માટેની મંજૂરી આપી ચૂક્યા છે. તેમના ઉપરાંત ૧૭ દેશ એવા છે જ્યાં ભારતે વોસ્ટ્રો ખાતાં ખોલ્યાં છે. તે અન્ય દેશો સાથે રૂપિયામાં બિઝનેસ માટે અનિવાર્ય છે. આ ૧૭ દેશોમાં ૧૨ ભારતીય બેંકોને મંજૂરી આપવામાં આવી છે. આ લિસ્ટમાં ભારતીય સ્ટેટ બેંક, કેનરા બેંક, યુનિયન બેંક ઓફ ઇન્ડિયા, યુકો બેન્ક, એચડીએફસી બેન્ક. ઇન્ડસઇન્ડ બેન્ક, યસ બેંક અને આઇડીબીઆઇ બેંકનો સમાવેશ થાય છે.

શ્રીલંકાની સરકારે પણ ભારતીય રૂપિયાને આંતરરાષ્ટ્રીય મુદ્રા તરીકેની મંજૂરી આપી દીધી છે. હવે ભારત અને શ્રીલંકા વચ્ચે ભારતીય ચલણમાં વેપાર થઈ શકશે. એટલું જ નહીં. ભારતીય નાગરિક શ્રીલંકામાં પર્યટનની દૃષ્ટિએ પણ ભારતીય ચલણનો ઉપયોગ કરી શકશે. શ્રીલંકા એવો પહેલો દેશ નથી જેણે આ રીતે ભારતીય મુદ્રાને પોતાને ત્યાં માન્યતા આપી છે. તેના પહેલાં પણ ઘણા દેશ ભારતીય રૂપિયાને આંતરરાષ્ટ્રીય માન્યતા આપી ચૂક્યા છે. તેનાથી સ્પષ્ટ છે કે દુનિયામાં ભારતીય રૂપિયાની બોલબાલા વધવા લાગી છે. એમ કહીએ કે હવે ભારતીય ચલણ ડોલર અને પાઉન્ડને ટક્કર આપવાની તૈયારીમાં છે, તો તે ખોટું નહીં ગણાય. ચાલો, જાણીએ કે કઈ રીતે દુનિયાભરમાં ભારતીય મુદ્રાનું નામ થઈ રહ્યું છે. અત્યાર સુધીમાં કેટલા દેશોએ ભારતીય ચલણમાં વેપારને મંજૂરી આપી છે? કેટલા દેશોમાં વોસ્ટ્રો ખાતાં ખૂલવા લાગ્યાં છે? અને તેનો સામાન્ય લોકોને શો લાભ મળશે?

# નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતની સફળતાને પચાવી શકતા નથી

## યુકેમાં ભારતીય વિદ્યાર્થીનો લંડન સ્કૂલ ઓફ ઇકોનોમિક્સમાં વિદ્યાર્થી સંઘની ચૂંટણી દરમિયાન તેની સામે નફરતની ઝુંબેશ ચલાવવામાં આવી રહી હોવાનો આક્ષેપ



નવીદિલ્હી

સત્યમ સુરાના એક ભારતીય વિદ્યાર્થી છે જે યુકેમાં રહીને લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સ ખાતે એલએલએમ કરી રહ્યો છે. થોડા સમય પહેલા જ્યારે યુકેમાં ઉગ્રવાદી તત્વોએ ભારતીય હાઈ કમિશન પર હુમલો ર્યો અનો ભારતીય તિરંગાનું અપમાન કરતા તેને જમીન પર ફેંકી દીધો હતો, તે સમયે ત્યાં હાજર સત્યમ સુરાનાએ ઉગ્રવાદીઓના હુમલાની પણ પરવા કર્યા વગર ભારતીય તિરંગાને ઉપાડી લીધો હતો. ત્યારથી આ ભારતીય વિદ્યાર્થી ચર્ચામાં આવ્યો છે.

હવે તેણે આ વર્ષે લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સમાં વિદ્યાર્થી સંઘની ચૂંટણી દરમિયાન તેની સામે નફરતની ઝુંબેશ ચલાવવામાં આવી રહી હોવાનો આક્ષેપ કર્યો છે. સત્યમે દાવો કર્યો હતો કે તેને નિશાન બનાવનારાઓ એવા જૂથનો ભાગ છે જે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતની સફળતાને પચાવી શકતા નથી અને તેથી આવા ખોટો અને દુષિત પ્રચાર કરે છે. સત્યમે આરોપ લગાવ્યો છે કે, LSEમાં મતદાનના માત્ર ૧૨ કલાક પહેલા, તેની વિરુદ્ધ ખૂબ જ 'સુયોજિત' અભિયાન ચલાવવામાં આવ્યું હતું, કોઈક રીતે તેને ભારતીય જનતા પાર્ટી સાથે જોડી દેવામાં આવ્યો હતો અને તેને 'ફાસીવાદી' ગણાવવામાં આવ્યો હતો તેમ જ તેની ઝુંબેશનો બહિષ્કાર કરવાનું કહેવામાં આવ્યું હતું. તેની એક પોસ્ટમાં ખાલિસ્તાનીઓને આતંકવાદી કહેવા બદલ પણ તેને નિશાન બનાવવામાં આવ્યો હતો.

પુણેમાં જન્મેલા સત્યમે કેટલાક મહિનાઓથી બોમ્બે હાઈકોર્ટમાં પણ પ્રેક્ટિસ કરી છે અને લંડન સ્કૂલ ઑફ ઈકોનોમિક્સમાં LLM કરી રહ્યો છે અને આ વર્ષના અંતમાં તેનો કોર્સ પૂરો થઈ રહ્યો છે. સત્યમે જણાવ્યું હતું કે ભારત તેનો દેશ છે અને તે હંમેશા તેના દેશની વકાલત કરશે જ. યુકેની કૉલેજની વિદ્યાર્થી સંઘની ચૂંટણીને ભારતના રાજકારણ સાથે શું લેવાદેવા હોઈ શકે એવો સવાલ પણ તેણે કર્યો હતો.

# હૈદરાબાદે IPLનો સર્વોચ્ચ સ્કોર બનાવીને જીત મેળવી

## ક્લાસને ૩૪ બોલમાં ૮૦ રન બનાવ્યા : અભિષેક-હેડની વિસ્ફોટક અડધી સદી

મુંબઈ,

સનરાઈઝર્સ હૈદરાબાદએ ઈન્ડિયન પ્રીમિયર લીગ-૨૦૨૪માં તેની પ્રથમ જીત હાંસલ કરી છે. ટીમે બુધવારે વર્તમાન સિઝનની ૮મી મેચમાં મુંબઈ ઈન્ડિયન્સને ૩૧ રનથી હરાવ્યું હતું. હૈદરાબાદે IPL ઈતિહાસનો સૌથી મોટો સ્કોર બનાવ્યો. અગાઉનો રેકોર્ડ RCBના નામે હતો. બેંગલુરુએ ૨૦૧૩ની સિઝનમાં પુણે વોરિયર્સ સામે ૨૬૩ રન બનાવ્યા હતા.

રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં બુધવારે મુંબઈએ ટૉસ જીતીને બોલિંગ કરવાનું પસંદ કર્યું હતું. હૈદરાબાદે ૨૦ ઓવરમાં ૩ વિકેટે ૨૭૭ રન બનાવ્યા હતા. જવાબમાં મુંબઈ ઈન્ડિયન્સની ટીમ ૨૦ ઓવરમાં ૫ વિકેટે ૨૪૬ રન જ બનાવી શકી હતી. પેટ કમિન્સ અને જયદેવ ઉનડકટે ૨-૨ વિકેટ લીધી હતી.

હૈદરાબાદ તરફથી અભિષેક શર્માએ ૨૩ બોલમાં ૬૩ રન, ટ્રેવિડ હેડે ૨૪ બોલમાં ૬૨ રન અને હેનરિક ક્લાસને ૩૪ બોલમાં ૮૦ રન બનાવ્યા હતા. એડન માર્કરમે ૨૮ બોલમાં ૪૨ રનનું યોગદાન આપ્યું હતું. હાર્દિક પંડ્યા અને ગેરાલ્ડ કોત્ઝીને એક-એક વિકેટ મળી હતી.

# 'તારક મહેતા...' ફેમ જેનિફર બંસીવાલ જાતીય સતામણીનો કેસ જીતી

## અસિત કુમાર મોદી દોષિત : મેકર્સ એક્શન મોડમાં આવ્યા





મુંબઈ,

તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા ફેમ જેનિફર બંસીવાલે જાતીય સતામણીનો કેસ જીતી લીધો છે અને શોના નિર્માતા અસિત કુમાર મોદીને દોષિત ઠેરવવામાં આવ્યા છે. આ શોમાં ૧૫ વર્ષ સુધી કામ કરનાર જેનિફરે તેના નિર્માતા અસિત કુમાર મોદી વિરુદ્ધ માનસિક અને યૌન ઉત્પીડનનો કેસ નોંધાવ્યા બાદ શો છોડી દીધો હતો. આ પછી અભિનેત્રીએ અસિત કુમાર મોદી, સોહિલ રોમાની અને જતીન વિરુદ્ધ પોલીસ કેસ કર્યો હતો. લાંબા સમયથી ચાલી રહેલા આ કેસમાં જેનિફરે જીત મેળવી છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ મામલામાં શોના પ્રોડ્યુસર અસિત કુમાર મોદીને દોષી ઠેરવવામાં આવ્યા છે અને તેમને એક્ટ્રેસને ૨૫ લાખ રૂપિયાની બાકી રકમ ચૂકવવાનો આદેશ આપવામાં આવ્યો છે. અહેવાલો અનુસાર, અસિત વિરુદ્ધ કેસ દાખલ કરવાની સાથે, જેનિફરે શોના પ્રોજેક્ટ હેડ સોહેલ રોમાની અને એક્ઝિક્યુટિવ પ્રોડ્યુસર જતીન પર તેની સાથે ગેરવર્તનનો આરોપ પણ લગાવ્યો હતો.

# મૉસ્કોમાં થયેલા આતંકી હુમલા પાછળ ત્રણ દેશોનો હાથ: રશિયાનો આરોપ

મોસ્કો,તા.૨૭

રશિયાના મોસ્કો શહેરના ક્રૉકસ સિટી કન્સર્ટ હોલમાં ૨૨ માર્ચે આતંકવાદી હુમલો થયો હતો, જેમાં અત્યાર સુધીમાં ૧૩૯ લોકોના મોત થયા છે. આતંકવાદીઓએ કન્સર્ટ હૉલમાં ઘુસી આડેધડ ગોળીબાર કર્યો હતો. એટલું જ નહીં બોંબ ધડાકા પણ કર્યા હતા, જેના કારણે બિલ્ડીંગના એક ભાગ ધરાશાઈ થયો હતો અને આગ પણ લાગી ગઈ હતી. ઘણા વર્ષો બાદ રશિયામાં આવો ઘાતક આતંકવાદી હુમલો થયો હતો. આ હુમલાની જવાબદારી આઈએસઆઈએસ કેએ લીધી હતી, જોકે રશિયાની ગુપ્તચર એજન્સી ફેડરલ સિક્યોરિટી સર્વિસ હુમલા પાછળ ત્રણ દેશો પર મોટો આક્ષેપ કર્યો છે.

રશિયાની ગુપ્તચર એજન્સીએ આતંકવાદી હુમલા પાછળ અમેરિકા, યુકે અને યુક્રેનનો હાથ હોવાનો આક્ષેપ કર્યો છે. એજન્સીએ કહ્યું કે, હુમલાની જવાબદારી આઈએસઆઈએસ કેએ લીધી છે, જોકે આ ત્રણેય દેશોએ હુમલાનું ષડયંત્ર રચ્યું છે. આતંકી હુમલામા મૃતકોની સંખ્યા ૧૩૯ પર પહોંચી ગઈ છે. હુમલામાં ૨૦૦થી વધુ ઈજાગ્રસ્ત થયા છે, જેમાં ઘણા લોકોની સ્થિતિ ગંભીર હોવાનું કહેવાય છે.

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને હુમલામાં મૃત્યુ પામેલાઓને શ્રદ્ધાંજલી આપી છે. ઘટનાને અંજામ આપનાર ચાર આતંકવાદીઓ સહિત અન્ય આરોપીઓની ધરપકડ કરાઈ છે, જેમાં આતંકીઓએ નાણા માટે હુમલો કર્યો હોવાનો ખુલાસો કર્યો છે.

આ હુમલો પુતિનના ફરી રાષ્ટ્રપતિ બન્યાના કેટલાક દિવસો બાદ થયો હતો. આ હુમલો છેલ્લા કેટલાક વર્ષોમાં રશિયામાં થનારો સૌથી ઘાતક હુમલો હતો.

# નવાઝુદ્દીન સિદ્દીકીએ છૂટાછેડા પછી પત્ની આલિયા સાથે પેચ અપ કર્યું!




મુંબઈ,

નવાઝુદ્દીન સિદ્દીકી અને તેની પત્ની વચ્ચેનો અણબનાવ કોઈનાથી છુપાયેલો નથી. આ અંગે બંનેએ સોશિયલ મીડિયા પર ખુલીને વાત કરી અને એકબીજા પર ગંભીર આરોપો પણ લગાવ્યા. બંને વચ્ચે ઝઘડો એટલો વધી ગયો કે મામલો કોર્ટ સુધી પહોંચ્યો. એક તરફ આલિયાએ છૂટાછેડાનો કેસ દાખલ કર્યો હતો, તો બીજી તરફ તે પોતાના બાળકો સાથે અલગ રહેવા લાગી હતી. આ બધા વિવાદ વચ્ચે આલિયા પણ 'બિગ બોસ ઓટીટી-૨ ની સ્પર્ધક બની હતી. હવે આલિયાએ એક પોસ્ટ શેર કરીને લોકોને ચોંકાવી દીધા છે. આ પોસ્ટ જોઈને લાગે છે કે આલિયા અને નવાઝુદ્દીન સિદ્દીકી વચ્ચે ફરી એકવાર પેચ અપ થઈ ગયો છે.

# આંખોના પલકારે બિમારીઓનું નિદાન કરી શકાશે

## ગૂગલની એઆઈ સિસ્ટમ ટીબી અને અન્ય રોગોને શોધી કાઢશે




મુંબઈ,

અપોલો રેડિયોલોજી ઈન્ટરનેશનલ ગૂગલના AI મોડલને ભારતીયો સુધી લઈ જશે. તેઓ આગામી ૧૦ વર્ષ માટે ફ્રી સ્ક્રીનિંગ પ્રદાન કરશે. આવી સ્થિતિમાં ગ્રામીણ વિસ્તારોમાં રહેતા લોકો માટે ફાયદાકારક સાબિત થશે.

ભારતીય ટેક્નોલૉજી ક્ષેત્રમાં ક્રાંતિ થઈ છે. ગૂગલનું એ.આઈ. અપોલો રેડિયોલૉજી ઈન્ટરનેશનલ સાથે સહયોગી છે જે હેલ્થકેર સોલ્યશન આપે છે. જેથી બિમારીઓને શરૂઆથથી જ નિદાન લાવી શકાય છે. આ નવી ટેક્નોલોજી પ્રારંભિક તબક્કામાં ટીબી, સ્તન કેન્સર અને ફેફસાના કેન્સર જેવા ખતરનાક રોગોને શોધવામાં મદદ કરશે. પ્રારંભિક તબક્કામાં રોગને શોધી કાઢવાથી, અપ્રિય ઘટનાઓને અટકાવી શકાય છે.

અહેવાલો અનુસાર, દર વર્ષે ૧ કરોડથી વધુ લોકો ટીબીથી સંક્રમિત થાય છે. તેમાંથી ૧૩ લાખ લોકો આ બીમારીને કારણે મૃત્યુ પામે છે. ટીબીના કારણે સૌથી વધુ મૃત્યુ દક્ષિણ એશિયા અને આફ્રિકાના પ્રદેશોમાં થાય છે. ટીબીનો ઈલાજ થઈ શકે છે, પરંતુ સારવારમાં વિલંબ થવાને કારણે આ રોગ અન્ય લોકોને પણ ચેપ લગાડે છે. ટીબીને શોધવા માટે છાતીના એક્સ-રેનો ઉપયોગ કરવામાં આવે છે. જો કે ભારતમાં આ સુવિધા ઉપલબ્ધ નથી.

# અમેરિકાના આર્ટેશિયામાં NRI દ્વારા હોળી-ધૂળેટી પર્વની ધામધૂમથી ઉજવણી

## ભારતીય અને નેપાળી લોકોએ હોળી-ધૂળેટી પર્વની ઉજવણી કરી

મુંબઈ

માત્ર ભારતમાં જ પરંતુ જ્યા પણ ભારતીય રહેતા હોય છે તે જગ્યાએ ભારતીય તહેવારો ઉજવાતા હોય છે. ખાસ કરીને વાત કરવામાં આવે તો, ઈન્ડો અમેરિકન કલ્ચરલ સોસાયટી ઓફ નોર્થ અમેરિકા મધેશી એસોસિયેશન અને આર્સેટિયા ચેમ્બરના સહયોગથી અમેરિકાના કેલિફોર્નિયાના આર્સેટિયા ખાતે હોળી-ધૂળેટીની ઉજવણી કરવામાં આવી હતી. નોંધનીય છે કે, આ તહેવારની ઉજવણીમાં ભારતીય અને નેપાળી સમુદાયના લોકો જાડાયા હતાં.

અમેરિકાના કેલિફોર્નિયાના આર્સેટિયા ખાતે ભારતીય અને નેપાળી સમુદાયના લોકો દ્વારા હોળી-ધૂળેટી પર્વની ઉજવણી થઈ હતી. જેમાં મોટી સંખ્યામાં લોકો જાડાયા હતા. આ પ્રસંગે સ્થાનિક ચૂંટાયેલા પ્રતિનિધિઓએ પણ હાજરી આપી હતી. વિવિધ રમતો રમાઈ હતી. જેમાં વિજેતાઓને પુરસ્કારો પણ અપાયા હતા. રંગોના પર્વ ધૂળેટીની ભારતમાં તો ઉજવણી થઈ હતી તો સાથે અમેરિકામાં વસતા ભારતીય અને નેપાળી મૂળના લોકોએ સામુહિક રીતે ધૂળેટી પર્વની ઉજવણી કરી હતી.

# તાપસી પન્નુએ ચોરી છુપીથી ગોલ્ડ મેડલિસ્ટ સાથે લગ્ન કરી લીધા છે



મુંબઈ

બોલિવુડ અભિનેત્રી તાપસી પન્નુએ લગ્ન કરી લીધા છે. જી હા રિપોર્ટમાં એવો પણ દાવો કરવામાં આવી રહ્યો છે કે, અભિનેત્રીએ હાલમાં ઉદયપુરમાં બોયફ્રેન્ડ બેડમિન્ટન પ્લેયર મૈથિયાસ સાથે લગ્ન કર્યા છે.આ લગ્ન શનિવાર ૨૩ માર્ચના રોજ થયા છે. તેમણે આ લગ્નમાં તેમના પરિવારના કેટલાક સભ્યો તેમજ અંગત લોકોને જ બોલાવ્યા હતા. જેમાં અનુરાગ કશ્યપ અને પાવેલ ગુલાટી પણ સામેલ છે.

બોલિવુડ સેલિબ્રિટીઓને લગ્નમાં સામેલ કરવામાં આવ્યા ન હતા. શાહરુખ ખાનની સાથે ડંકીમાં જોવા મળેલી તાપસીએ તેમના લગ્નમાં ડાયરેક્ટર અને મિત્ર અનુરાગ કશ્યપને જ બોલાવ્યા હતા. તેમજ થપ્પડના કો સ્ટાર પાવેલ ગુલાટી પણ મહેમાનોની લિસ્ટમાં સામેલ હતો. અનુરાગ કશ્યપ અને તાપસી ખુબ સારા મિત્રો છે.

પાવેલ ગુલાટીએ લગ્નનો એક ફોટો શેર કર્યો છે. જેમાં કોમેડિયન અને અભિનેતા અભિલાષા થપિયાલ પણ જોવા મળી રહ્યો છે, એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે, લગ્ન બાદ તાપસી ટુંક સમયમાં બોલિવુડ સ્ટાર માટે મુંબઈમાં એક પાર્ટીનું આયોજ કરશે. લગ્નના રિસેપ્શનની જાહેરાત ટુંક સમયમાં થશે.

તાપસી પન્નુ અને બેડમિન્ટન ખેલાડી મૈથિયાસ બોય અંદાજે ૧૦ વર્ષથી એક બીજાને ડેટ કરી રહ્યા હતા. તાપસી અને મૈથિયાસ પહેલી વખત ૨૦૧૩માં ઈન્ડિયન બેડમિન્ટન લીગના ઉદ્ઘાટન સમારોહમાં મળ્યા હતા. પરંતુ ક્યારે પણ બંન્ને તેમના સંબંધો વિશે જાહેરમાં કશું કહ્યું નથી.

# ભારત અને ઓસ્ટ્રેલિયા ૨૨ નવેમ્બરથી ટેસ્ટ શ્રેણીમાં થશે આમને-સામને



મુંબઈ,

આઈપીએલ ૨૦૨૪ હમણાં જ શરૂ થયું છે. તે હમણાં જ તેના બીજા સપ્તાહમાં પ્રવેશ્યું છે. આ દરમિયાન ટીમ ઈન્ડિયાની મોટી શ્રેણીની જાહેરાત કરવામાં આવી છે. તેની તારીખો જાહેર કરવામાં આવી છે. ભારતની આ ક્રિકેટ શ્રેણી ઓસ્ટ્રેલિયા સાથે હશે, જે બોર્ડર-ગાવસ્કર ટ્રોફી જીતવા માટે રમાશે. લાલ બોલની ક્રિકેટની આ શ્રેણીની જાહેરાત ક્રિકેટ ઓસ્ટ્રેલિયા દ્વારા કરવામાં આવી છે, જે અંતર્ગત ભારતે ૪૬ દિવસમાં કાંગારૂ ટીમ સામે ૫ ટેસ્ટ રમવાની છે. જો કે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની આ ટેસ્ટ શ્રેણીની જાહેરાત પહેલાથી જ કરવામાં આવી હતી, પરંતુ તેની તારીખો ત્યારે જાહેર કરવામાં આવી ન હતી. તેમજ મેચના સ્થળ પર કોઈ સત્તાવાર મહોર લગાવવામાં આવી ન હતી. પરંતુ હવે ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ બોર્ડર-ગાવસ્કર ટ્રોફીનું સંપૂર્ણ શેડ્યૂલ સત્તાવાર રીતે જાહેર કર્યું છે.

ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચે ૨૨ નવેમ્બરથી ટેસ્ટ શ્રેણી શરૂ થશે. પ્રથમ ટેસ્ટ પર્થમાં રમાશે. આ પછી, બીજી ટેસ્ટ માટે, બંને ટીમો લગભગ ૩૦૦૦ કિલોમીટરનું અંતર કાપીને એડિલેડ પહોંચશે, જ્યાં ૬ થી ૧૦ ડિસેમ્બરની વચ્ચે મેચ રમાશે. આ ડે-નાઈટ ટેસ્ટ હશે. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ત્રીજી ટેસ્ટ બ્રિસ્બેનના ગાબા ખાતે રમાશે. આ મેચ ૧૪ થી ૧૮ ડિસેમ્બર વચ્ચે રમાશે.

# રાજકોટ કલેકટર કચેરીના કંટ્રોલ રૂમમાં ૫૭ દિવ્યાંગ કર્મચારીઓને ફરજ સોંપાઈ



રાજકોટ,
લોકસભાની ચૂંટણી સંદર્ભે કલેકટર અને ચૂંટણી અધિકારી પ્રભવ જોશી દ્વારા કલેકટર કચેરીમાં કંટ્રોલ રૂમ ધમધમતો કરાયો છે. જેમાં દિવ્યાંગ કર્મચારીઓને અગવડતા ન પડે તે માટે ફરજ સોંપવામાં આવી છે. કલેકટર કચેરીના આ કંટ્રોલ રૂમમાં ૫૭ દિવ્યાંગ કર્મચારીઓ ત્રણ શીફટમાં ફરજ બજાવી રહ્યા છે. આ ઉપરાંત આચારસંહિતાનું યોગ્ય રીતે પાલન થાય તે માટે સાત ટીવી ચેનલો પર બાજ નજર રાખવામાં આવી રહી છે.

# રાજકોટ મોરબી રોડ ટી.પી. સ્કીમ નં ૧૪ વિસ્તારને પ્રાથમિક સુવિધા આપવા રહીશોની કમિશનરને રજુઆત

રાજકોટ,
રાજકોટ શહેરના મોરબી રોડ પરના ટીપી સ્કીમ નં. ૧૪ ના રસ્તા અને અન્ય પ્રાથમિક સુવિધા સહિતના પ્રશ્નો તાત્કાલીક ઉકેલવા વિસ્તારવાસીઓ દ્વારા મ્યુનિ. કમિશનરને રજુઆત કરવામાં આવી હતી. આ અંગે મ?યુનિ. કમિશનર આનંદ પટેલે યોગ્ય કરવા ખાતરી આપી હતી.

આ અંગે વિસ્તારવાસીઓએ પાઠવેલ પત્રમાં જણાવ્યુંા હતું કે, ટી.પી. સ્કીમ નં. ૧૪ (ડ્રાફટ)ના અસરકર્તા ખેડૂતો દ્વારા રજૂઆત કરવમાં આવેલ છે. કે રાજયવ સરકાર દ્વારા ૨૦૦૧માં ડ્રાફટ ટી.પી. સ્કીમ ૧૪ મંજુર કરવામાં આવેલ છે. આ યોજનામાં તેમની ખેતીની જમીન આવરી લેવામાં આવેલ છે. તેમની જમીનમાંથી પસાર થતા ટી.પી. રોડનો કબ્જોત તેઓએ નવેમ્બર-૨૦૦૫માં સોંપી આપેલ છે. આ રસ્તાઓ મેટલીંગ કરી ખુલ્લા કરવામાં આવેલ નથી. જેના કારણે આ વિસ્તારનો વિકાસ અટકી ગયાનો આરોપ કરવામાં આવ્યો હતો.

# વેરાવળ રાઘવ સેવા મંડળ દ્વારા હોળી-ધૂળેટીના પર્વ નિમિત્તે કીટનું વિતરણ કરાયું



વેરાવળ,
વેરાવળમાં રાધવ સેવા મંડળ દ્વારા દરેક મહિને ૧૨૦ જેટલા જરૂરતમંદ લાભાર્થીઓને વિના મુલ્યે અનાજની કીટ આપવામાં આવે છે. હોળી ધુળેટીના તહેવારોને અનુલક્ષી ધાણી, દાળીયા, ખજુર, મમરા સેવ વિગેરેની આશરે ૨૫૦ રૂપીયાની કિંમતની કીટ સર્વ જ્ઞાતિના લાભાર્થીઓને આવી હતી. ગરીબ અને જરૂરિયાત મંદ લોકો તહેવાર આનંદથી માની શકે તે માટે આ સેવાકાર્ય હાથ ધરાયુ હતું.જેમાં ભનુભાઈ ચોપડા તેમજ તેની ટીમના સભ્યો, ગોવિંદભાઈ ચોપડા, રમેશભાઈ કોડીયાતર, ચંદુભાઈ સૂચક, બિપીનભાઈ, ગોપાલભાઈ, અનિલભાઈ કાનાબાર તેમજ દિનેશભાઈ વૈધ નો સહયોગ મળ્યો હતો.

# મંગળવારે રાજકોટમાં એકતા મિત્ર મંડળ દ્વારા મંગળવારે રાંદલ માતાના ૧૦૮ લોટાનું પૂજન

રાજકોટ,
એકતા મિત્ર મંડળ દ્વારા આગામી તા. ૨ એપ્રિલના મંગળવારે શ્રી રાંદલ માતાજીના ૧૦૮ લોટાનું આયોજન કરાયુ છે.એકતા મિત્ર મંડળના આગેવાનોએ જણાવેલ કે આપણે ત્યાં માં ભગવતી રાંદલ માતામાં આસ્થાા ધરાવતો મોટો વર્ગ છે. ત્યોરે તેમની શ્રધ્ધાંને ધ્યાને લઈને અમે સામુહીક રાંદલ માતાના લોટાનું આયોજન કરીએ છીએ. આ સતત ત્રીજા વર્ષે આયોજન કરેલ છે. ના મંગળવારે કોર્પોરેશન કોમ્યુનીટી હોલ, જલજીત હોલની સામે, આનંદનગર ખાતે આયોજીત આ લોટા ઉત્સવ દરમિયાન માતાજીની અખંડ જયોત ચડશે. ૧૦ વાગ્યે ગોરણી મહાપ્રસાદ, સાંજે ૪ થી ૬ રાંદલમાનો ઘોડો ખુંદવામાં આવશે. સાંજે ૭ થી ૮ મહાઆરતી થશે. સર્વે ધર્મપ્રેમી ભાઈઓ બહેનો દર્શન ગોરણી પ્રસાદનો લાભ લેશે. સંતો મહંતો અને સમાજ શ્રેષ્ઠીઓ, રાજકીય આગેવાનો પણ ઉપસ્થિત રહી દર્શનનો લાભ લેશે.

સમગ્ર આયોજનને સફળ બનાવવા એકતા મિત્ર મંડળના પ્રમુખ હરીભાઇ રાઠોડ (મો.૯૯૨૪૬ ૦૧૮૭૦), ટ્રસ્ટી ઈન્દુભા રાઓલ, ગોપાલભાઇ અનડકટ, વિજયભાઇ વાંક, ભરતસિંહ જાડેજા, દિપકભાઇ લહેરૂ તથા એકતા કમીટીના સભ્યો જહેમત ઉઠાવી રહ્યા છે.

# દેશના એકમાત્ર મતદાર ધરાવતા મત કેન્દ્ર એવા ગીરગઢડાના બાણેજની મુલાકાત લેતા કલેકટર

વેરાવળ,મતદારોની દ્રષ્ટીએ ભારત એ વિશ્વની સૌથી મોટી લોકશાહી છે, સાથોસાથ વિશાળ અને વૈવિધ્યસભર ભૂપૃષ્ઠોને કારણે પણ દેશનો એકપણ નાગરિક મતદાનના અધિકારથી વંચિત રહી ન જાય તે સુનિશ્ચિત કરવું એ પણ મોટો પડકાર છે. પરંતુ ભારતના ચૂંટણી પંચના

ગીર સોમનાથ જિલ્લાનું ચૂંટણી તંત્ર પણ એટલું જ સુસજ્જ છે. જ્યાં પરિવહનની જરૂરી વ્યવસ્થાઓના અભાવે પહોંચવું મુશ્કેલીભર્યું હોય છે અથવા મતદારોને મતદાન કરવા દૂર સુધીનું અંતર કાપવું પડે છે. આવી તમામ વિપરિત પરિસ્થિતિઓમાં પણ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર દિગ્વિજયસિંહ ડી. જાડેજાના નેતૃત્વમાં જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ગીરના જંગલોમાં આવેલા નેસ અને દેશમાં દેશના એક માત્ર મતદાર ધરાવતા બાણેજ સહિતના સ્થળોએ વિશિષ્ટ મતદાન મથકો તૈયાર કરી ગીર સોમનાથ જિલ્લાનું આવું જ એક સ્થળ છે બાણેજ... વેરાવળ થી ૮૦ કિલોમીટર દૂર આવેલ તથા સૌથી નજીકના માનવ વસ્તીવાળા વિસ્તાર જામવાળાથી ૨૫ કિલોમીટર દૂર અને દૂર્ગમ અને અડાબેટ જંગલમાં આવેલ એકમાત્ર મતદાર ધરાવતા વ્યક્તિ માટે ઊભા કરવામાં આવેલ મતદાન મથક અને તેને સંલગ્ન વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવા માટે કલેક્ટર શ્રી દિગ્વિજયસિંહ ડી.જાડેજાએ આજે સવારે મુલાકાત લીધી હતી.ઉલ્લેખનીય છે કે, દેશના આગવા અને અનોખા મતદાન મથકમાં સમાવિષ્ટ એવા બાણેજ ખાતે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા એકમાત્ર મતદાર માટે ૧૫ જણાના પોલિંગ સ્ટાફની વ્યવસ્થા કરવામાં આવે છે. ઉબડ-ખાબડ રસ્તાઓ વળોટીને ગીરના જંગલમાં આવેલ બાણેજ ખાતે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મંદિરની નજીક આવેલા વનવિભાગના ક્વાર્ટરમાં એક વ્યક્તિ માટે ૧ પ્રિસાઈડિંગ ઓફિસર, ૨ પોલિંગ એજન્ટ, ૧ પટાવાળા, ૨ પોલીસ તેમજ ૧ સી.આર.પી.એફ. અને અન્ય સહાયક સ્ટાફ મળી ૧૫થી વધુ વ્યક્તિઓની મતદાન સંબંધિત કામગીરી માટે નિયુક્તિ કરવામાં આવે છે.

# જૂનાગઢ નરસિંહ મહેતા યુનિ.ની સેમેસ્ટર-૬ની પરીક્ષાના પ્રથમ દિને ૨૧ કોપી કેસ નોંધાયા

જૂનાગઢ,
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી જૂનાગઢ દ્વારા વિવિધ ૭૩ કેન્દ્રો ઉપર સેમેસ્ટર-૬ની બી.એ.બી.એ.(હોમ સાયન્સ) બી.કોમ, બી.એસસી, બી.એસસી (હોમ સાયન્સ) બી.બી.એ, બી.સી.એ, બી.એસસી.(ફોરેન્સિક સાયન્સ) બી.એસસી.(આઈ.ટી) બી.એસ. ડબલ્યુ,બી.આર.એસ. એલએલબીની પરીક્ષાના પ્રારંભે કુલ ૨૮૩૪૮ વિદ્યાર્થીઓ વિવિધ કોલેજોમાં નોંધાયા છે.

આજરોજ પરીક્ષાના પ્રથમ દિવસે જૂનાગઢ ખાતે ૨૦ તથા દ્વારકા ખાતે ૧ મળી કુલ ૨૧ કોપીકેસ કરવામાં આવ્યા હતાં.કોપીકેસ કરાયેલા વિષયોમાં બી.કોમ.અને બીબીએનો સમાવેશ થાય છે. યુનિવર્સિટીના કુલપતિશ્રી પો.(ડો.)ચેતનભાઈ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ વિવિધ પરીક્ષા કેન્દ્રો ઉપર અનુભવી પ્રાધ્યાપકોની સ્કવોડ તથા યુનિવર્સિટી ખાતેથી સીસીટીવી દ્વારા ઝીણવટભર્યુ મોનીટરીંગ કરવામાં આવી રહ્યું છે.

# રાજકોટ કાર રીપેરર્સ એસો.ના પ્રમુખપદે પુન: કિશોરભાઈ રાઠોડ



રાજકોટ,
રાજકોટ કાર રીપેરર્સ એસોસીએશનના સભ્યો પરિવારનું સ્નેહમિલન પ્રમુખ કિશોરભાઇ રાઠોડ, મંત્રી મહેશકુમાર ભાડેશીયા તથા કારોબારી સભ્યો દ્વારા એસોસીએશનનું ૨૯ મું સ્નેહમિલન બંધન પાર્ટી લોન્જેમાં યોજાયું હતું. કાર્યક્રમમાં ઈન્ડીયા લી.ના સ્પેરપાર્ટસ વિભાગના ગુજરાતના હેડ પાર્થ જૈન, આર. એમ. એન્જીનીયરીંગના હસમુખભાઇ વસોયા, ક્રિષ્ના. સેલ્સના ઓર્નસ રમેશભાઇ વસાણી તેમજ ગોલ્ડ ના ગુજરાત હેડ જાફરઅલી તથા હ્યુંડાઇ ઓઇલના જીજ્ઞેશભાઇ શાહ ઉપસ્થિત રહેલ. ઓલ ઇન્ડીયા વર્કશોપ એસોસીએશન કો-ઓર્ડીનેટર હિમાંશુ શુરા, સુરત ઓટો વર્કશોપ એસોસીએશનના પ્રમુખ પરેશભાઇ દેવાણી તથા કારોબારી સભ્યોસ તેમજ રાજકોટ ઓટોપાર્ટસના વેપારી સુરેશભાઇ પટેલ, પ્રતાપભાઇ ડોડીયા, ભાવેશભાઇ બંસતાણી તથા ભુમેશભાઇ વાડેશા, પ્રરીનભાઇ ભુવા ઉપસ્થિત રહ્યા હતા.

આ તકે રાજકોટ કાર રીપેરર્સ એસોસીએશનના પ્રમુખ તરીકે કિશોરભાઇ રાઠોડને ૨૦૨૪ થી ૨૦૨૬ સુધી માટે સર્વાનુમતે નિમણુંક કરવામાં આવી. કિશોરભાઇ રાઠોડ પ્રમુખ તરીકે સતત ૧૨ વર્ષની બીનહરીફ સર્વાનુમતે એસોસીએશનની કામગીરી સંભાળે છે. મંત્રી તરીકે મહેશકુમાર ભાડેશીયા, ખજાનચી તરીકે રમેશભાઇ ધાંગધરીયા તથા ઉપપ્રમુખ તરીકે ચંદ્રસિંહ ચાવડાની નિમણુંક કરવામાં આવી છે હોદ્દેદારો તથા કારોબારી સભ્યો હાજર રહયા હતા..

# રાજકોટમાં માતા-પિતાથી વીખુટા પડેલા બાળકનું બી-ડિવીઝન પોલીસે પરિવાર મિલન કરાવ્યું



રાજકોટ,
રાજકોટ શહેરી બેડી ચોકડી વેલનાથપરા પૂલ નીચેથી સાંજે એક બાળક બીનવારસ મળી આવતાં તેને બી-ડિવીઝન પોલીસની ટીમે પોલીસ સ્ટેશને લાવી પૃછા કરતાં તે પોતાના કે પરિવાર વિશે કોઇ સ્પષ્ટ વિગતો જણાવી શકતું નહોતું. પોલીસે સોશિયલ મિડીયાનો ઉપયોગ કરી તેમજ ટીમો બનાવી તેના વાલીને શોધવા દોડધામ શરૂ કરતાં બાળકના વાલી પીડીએમ કોલેજ પાસે નારાયણનગરની ઝૂપડપટ્ટીમાં રહેતાં હોવાની માહિતી મળી હતી. પિતા અજયભાઇ સલાટ સહિતના ગૂમ થયેલા પુત્ર સાથે પુનઃમિલન થતાં લાગણીશીલ બની ગયા હતાં. આ બાળકનું નામ સુરેશ હતું અને ૬ વર્ષનો હતો. ઘર પાસે રમતાં રમતાં તે માતા-પિતાથી અલગ થઇ ગયો હતો. પોલીસે તેના વાલીને શોધવા બેડી વિસ્તાર, રેલનગર, ભગવતીપરા, પોપટપરા સીહતના વિસ્તારોમાં ટીમો મોકલી હતી. પીઆઇ એસ. એમ. જાડેજા અને ટીમે બાળકનું તેના વાલી સાથે મિલન કરાવ્યું હતું.

# જૂનાગઢ મેડિકલના વિદ્યાર્થી - ડોક્ટરો દ્વારા વાર્ષિક રક્તરદાન શિબિર યોજાઈ



જુનાગઢ,
જીએબીઆરએસ મેડિકલ કોલેજ અને હોસ્પિીટલના બ્લોડ બેક્રિ વિભાગના ડૉ. ભાવિન પઢારીયાની યાદીમાં જણાવવામાં આવે છે કે, ૨૩ માર્ચ વીર શહીદના બલિદાનની શ્રદ્ધાંજલિ અર્પણ કરી કળતજ્ઞતા વ્યંક્તઆ કરવાના ભાવથી સીવીલ હોસ્પિદટલની બ્લઅડ બેક્રામાં આ રક્તંદાન કેમ્પ્ધમાં મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓ તબીબી શિક્ષકો સહિત સ્ટાફ ગણે પોતાનું રક્તદનું દાન કરીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. આ રક્તંદાન કેમ્પટમાં કુલ ૧૧૫ બોટલ રક્ત્ની એકત્રિકરણ કરવામાં આવેલ હતી. આ કેમ્પ નું ઉદઘાટન કોલેજના ડીન ડૉ. હણમંત આમણે, સુપ્રિટેન્ડેવન્ટી ડૉ. કળતાર્થ બ્રહ્મભટ્ટ, એડિશનલ ડીન ડૉ. પળથ્વીતસિંહ વાઘેલા, ડૉ. નયના લકુમ મેડમ, ડૉ. જીતેન્દ્રી તન્ના, ડૉ.અમીત ત્યાગી દ્વારા કરવામાં આવેલ હતું. આ પ્રસંગે કોલેજના તથા હોસ્પિટલના ડોક્ટ.રશ્રીઓ સહિત સ્ટા્ફ ગણે ઉપસ્થિથત રહીને રક્ત્દાતાઓનો ઉત્સાહ વધારવામાં સહભાગી થયા હતા. બ્લાડ બેક્રાના ડૉ. હિરેન મુંડિયા સહિતના લોકોએ જહેમત ઉઠાવી હતી.

# રવિવારે મોઢ વણિક મહાજનના યુવીએમસી પાર્ટી લોન્સનું લોકાર્પણ

## ચંપારણ્યના પૂ.દ્વારકેશલાલજી મહોદયશ્રીના હસ્તે કરશે સમાજાર્પણ : પુષ્ટિમાર્ગીય ભક્તિ ગીતો સહિતના કાર્યક્રમ

રાજકોટ,
રાજકોટની ૧૫૦ વર્ષથી વધુ જૂની સંસ્થાશ્રિી મોઢ વણિક મહાજન રાજકોટ દ્વારા શહેરના ન્યારી ડેમ રોડ પર ઓટીબીની સામે ભવ્ય પાર્ટી લોન્સનું નિર્માણ કરવામાં આવ્યુ છે. શ્રી ઉજમશીભાઈ વીરચંદભાઈ વોરા મોઢ વણિક કેમ્પસ તથા પાર્ટી લોન્સનું આગામી ૩૧ માર્ચને રવિવારના રોજ જગદગુરુ શ્રીમદ વલ્લભાચાર્ય પ્રાગટય પીઠાધીસ્વર સોમયાજી દીક્ષિત અનંત શ્રી વિભૂષિત પૂ.પા.ગો.૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહોદય ચંપારણ્યઢના હસ્તે લોકાર્પણ કરવામાં આવશે. જ્ઞાતિજનો માટે પાર્ટીલોન્સનું ભાડુ રૂ.૨૧ હજાર અને અન્ય જ્ઞાતિજનો માટે ભાડુ રૂ.૫૧ હજાર રાખેલ હોવાનું આગેવાનોએ જણાવ્યુ હતું.

આગામી ૩૧મી માર્ચને રવિવારના રોજ સાંજે ૫ કલાકે આ નવીનતમ સોપાનનું લોકાર્પણ કરવામાં આવશે.આ સાથે ભક્તિર કે રંગ શ્રીજી કે સંગેશીર્ષક હેઠળ પુષ્ટિમાર્ગીય ભક્તિ સંગીતના ગીતો તથા સન્માન પુષ્પો થકી દાતાશ્રીઓને બિરદાવશે અને જ્ઞાતિ ભોજનનું પણ આયોજન કરવામાં આવ્યું છે.અતિથિ વિશેષશ્રીઆ શ્રી ગિરીશભાઈ શાહ, શ્રી જગદીશભાઈ ભાડલીયા, શ્રી અશોકભાઈ ભાડલીયા, શ્રી કિશોરભાઇ ભાડલીયા, શ્રી અશ્વિનભાઈ પટેલ, શ્રી કિરીટભાઈ પટેલ, શ્રી વિપુલભાઈ બખાઈ, શ્રી જયશ્રીબેન પટેલ, શ્રી અરવિદભાઈ શાહ, શ્રી શશિકાંતભાઈ ગાંધી સહિતનાઓ ઉપસ્થિત રહેશે.

# એનિમલ હેલ્પલાઈન દ્વારા પશુ, પક્ષી માટે દવાખાનું શરૂ કરાયું

રાજકોટ:રાષ્ટ્રસંત ગુરુદેવ નમ્રમુનિ મહારાજના આશીર્વાદથી અર્હમ યુવા સેવા ગ્રૂપ અને કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ એનિમલ હેલ્પલાઈનના સથવારે નિઃશુલ્ક પશુ,પક્ષી સારવાર દવાખાનું શરૂ કરવામાં આવ્યું છે. રાજકોટના તિરુપતિનગર-૧, હનુમાન મઢી ચોક પાસે દવાખાનું કાર્યરત છે. જેમાં તમામ પશુ, પક્ષીઓની નિઃશુલ્ક સારવાર કરવામાં આવે છે. અત્યાર સુધીમાં આ દવાખાનામાં ૪૨૧૨ જેટલા પશુની સારવાર અને ૨૦૫ મેજર ઓપરેશન કરાયા છે. સવારે ૯થી ૧ અને સાંજે ૪થી ૮ દવાખાનું કાર્યરત છે.ઉલ્લેખનીય છે કે, એનિમલ હેલ્પલાઈન છેલ્લા ૨૦ વર્ષથી રાજકોટમાં કાર્યરત છે. રસ્તે રઝળતા, નિરાધાર, બીમાર પશુ, રેલવે ટ્રેકમાં ઘવાયેલી ગાયો, રોડ અકસ્માતમાં ઘવાયેલા નાના મોટા પશુ-પંખીઓને વિનામૂલ્યે ઓપરેશન સહિતની સારવાર અપાય છે. તેમજ કરુણા ફાઉન્ડેશન દ્વારા મૂંગા, બિનવારસી પશુ, પક્ષીઓની સારવાર કરતું મોબાઈલ પશુ ચિકિત્સાલય, એનિમલ હેલ્પલાઈન અને વેટરનરી હોસ્પિટલ સ્વરૂપે સેવારત છે. દર માસે ૧૨ હજાર જેટલા બિનવારસી પશુ, પક્ષીઓની નિષ્ણાત પશુચિકિત્સકોની ટીમ દ્વારા સ્થળ પર જ વિનામૂલ્યે સાજા ન થાય ત્યાં સુધીની સારવાર કરાય છે.

# ઈન્ડોર સ્ટેડિયમમાં મુદતે કામ ન થતાં પેનલ્ટી કરાશે

રાજકોટ:
રાજકોટમાં રેસકોર્સ ખાતે ઈન્ડોર સ્ટેડિયમ છે જે વર્ષો પહેલાં બનાવાયું હતું. વિકસતા શહેરની જરૂરિયાતને ધ્યાને લઈને વેસ્ટ ઝોનમાં વોર્ડ નં.૧૨માં નવું ઈન્ડોર સ્ટેડિયમ મંજૂર કરાયું હતું. આ સ્ટેડિયમનું કામ ૧૮ માર્ચે પૂર્ણ થવાનું હતું પણ હજુ પૂરું ન થતા મ્યુનિસિપલ કમિશનર સહિતના અધિકારીઓ સ્થળ તપાસમાં ગયા હતા જ્યાં હજુ ૩ મહિના કામ ચાલે તેવું જાણવા મળતા ઝડપથી કામ પૂર્ણ કરવા કમિશનરે સૂચના આપી છે.ઈન્ડોર સ્ટેડિયમ બનાવવા માટે કોન્ટ્રાક્ટરને ૧૮ માર્ચ સુધીનો સમય અપાયો હતો. નવેમ્બર માસ સુધી કામ જે તે ગતિએ ચાલી રહ્યું હતું પણ બાદમાં કામ અચાનક ધીમું પડી ગયું હતું. જે સમયે કામ પૂર્ણ થવું જોઈતું હતું તે સમયે હજુ ફક્ત સિવિલ કામ જ થઈ શક્યું છે. ઘણા ભાગોમાં ટાઈલ્સ તેમજ પ્લાસ્ટર પણ બાકી છે. કામ ધીમું થવા પાછળ કોન્ટ્રાક્ટરે વીજવાયર ખસેડવાની કામગીરીનું બહાનું કાઢ્યું હતું. જ્યારે જગ્યાની સોંપણી થઈ ત્યારે ત્યાં બાંધકામ આડે વીજવાયર આવી રહ્યા હતા જે માટે પીજીવીસીએલને અરજી કરાઈ હતી.જોકે આ ક્ષુલ્લક બાબત હતી અને તેમાં ૩ મહિના કામ બંધ ન રહે. જેથી તે ખુલાસો હાલ ગ્રાહ્ય રાખવામાં આવ્યો નથી અને કોન્ટ્રાક્ટરને મુદત વધારો ન આપી પેનલ્ટી કરવા નિર્ણય લેવાયો છે. જ્યારે બાંધકામ પૂર્ણ થશે અને ફાઈનલ બિલ મુકાશે તે સ્તરે જેટલા દિવસ મોડું કામ થયું તેટલા દિવસની પેનલ્ટી કાપીને ચૂકવણા કરાશે. હાલની સ્થિતિ કામ પૂર્ણ થતાં હજુ ૩થી ૪ મહિના થાય તેવી શક્યતા છે.

# પરવાના વાળા હથિયાર ધારકો પાસેથી હથિયારો જમા લેવાની ૮૦ ટકા કામગીરી પૂર્ણ

રાજકોટ : લોકસભા સામાન્ય ચૂંટણી -૨૦૨૪ અન્વયે આદર્શ આચારસંહિતાના પાલન હેતુ રાજકોટ શહેર અને ગ્રામ્ય પોલીસ દ્વારા પરવાનાવાળા હથિયારધારકો પાસેથી હથિયાર જમા લેવામાં આવે છે. આ કામગીરી તા.૧૬ માર્ચથી શરૂ થતા જિલ્લામાં પરવાનાવાળા હથિયાર ધારકો પાસેથી ૮૦ ટકા હથિયારો જમા લેવાની કામગીરી થઇ ચૂકી છે.

તા.૨૭/૦૩/૨૦૨૪ સુધી રાજકોટ શહેર પોલીસ દ્વારા ૩૦૦૮ પરવાના ધરાવતા હથિયારધારકો પાસેથી ૨૩૨૩ હથિયારો જમા લેવામાં આવ્યા હતા. અને ૪ હથિયારો જપ્ત કરવામાં આવ્યા હતા. રાજકોટ જિલ્લા(ગ્રામ્ય) પોલીસ દ્વારા ૧૨૧૨ પરવાના ધરાવતા હથિયારધારકો પાસેથી ૧૦૯૪ હથિયારો જમા લેવામાં આવ્યા હતા. અને બે હથિયારો જપ્ત કરવામાં આવ્યા હતા. બાકીના હથિયારો જમા લેવાની કામગીરી પ્રગતિ હેઠળ છે, તેમ રાજકોટ પોલીસ વિભાગની યાદીમાં જણાવાયું છે.

# મનોવિજ્ઞાન ભવનમાં અધ્યાપક સહાયકના સન્માનનો કાર્યક્રમ યોજાયો



રાજકોટ:
સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના મહર્ષિ અરવિંદ મનોવિજ્ઞાન ભવન ખાતે મનોવિજ્ઞાન ભવનના પૂર્વ વિદ્યાર્થીઓ અને જેઓ હાલમાં અધ્યાપક સહાયક તરીકે કાર્યરત છે તેઓના સન્માન અર્થે મનોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. છેલ્લા અમુક વર્ષમાં મહર્ષિ અરવિંદ મનોવિજ્ઞાન ભવનના ૨૭થી પણ વધારે વિદ્યાર્થીઓ વિવિધ કોલેજોમાં અધ્યાપક સહાયક તરીકે નિમણૂક પામ્યા હતા અને આ નિમણૂક મેળવી તેઓએ મનોવિજ્ઞાન ભવનનું ગૌરવ વધાર્યું છે. સન્માન મેળવનાર ૨૭ અધ્યાપકોએ પોતાની લાગણી વ્યક્ત કરતા કહ્યું હતું કે, અમારું આ ભવન એ અમને હર હંમેશ યાદ રહેશે અને જ્યારે પણ ભવન અમને યાદ કરશે ત્યારે અમે અહીં દોડીને આવવા માટે તત્પર છીએ.

# રાજકોટમાં પે એન્ડ પાર્કમાં વાહન ચોરીની જવાબદારી કોન્ટ્રાકટરની : દરખાસ્ત મુકાશે

રાજકોટ,રાજકોટ શહેરમાં વધતી વાહનોની સંખ્યા અને ઓછી પાર્કિંગની જગ્યાઓના કારણે મનપા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં પે એન્ડખ પાર્ક અમલી કરાયું છે. જે માટે કોન્ટ્રાકટ પધ્ધતિથી કામ આપવામાં આવે છે. હવે મનપા તંત્ર દ્વારા આ પે એન્ડ પાર્કમાં વાહનોની સુરક્ષાને લઇને વધુ તકેદારી રાખવા સ્ટેન્ડીંગમાં દરખાસ્ત કરી નવો નિયમ અમલી કરવા કવાયત હાથ ધરી છે. આ દરખાસ્તમાં જો પે એન્ડ પાર્કમાંથી કોઇ વાહનની ચોરી થશે તો તેની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

# રાજકોટમાં મસાલાની સિઝન પૂરબહારમાં ખીલી

## આ વર્ષે મરચાની તમામ જાતમા ભાવમાં વધારો થયો છે : હળદરના ભાવમાં પણ ૨૦% જેટલો ભાવ વધારો






રાજકોટ,
ઉનાળાની શરૂઆત થતાં જ લોકો આખા વર્ષના મસાલા ભરતા હોય છે. ગૃહિણીઓ મરચું, હળદર, ધાણાજીરું દળાવવા મસાલા માર્કેટ પહોંચે છે અને આખા વર્ષના મસાલા ભરે છે. પરંતુ આ વર્ષે મસાલા માર્કેટમાં દર વર્ષ જેટલી તેજી નથી દેખાઈ રહી. મસાલાના ભાવમાં ધરખમ વધારો થયો હોવાથી માર્કેટમાં સનકારો છવાઈ ગયો છે. મરચાના ભાવ ગતવર્ષ કરતા અધધ ૧૦૦%નો વધારો જોવા મળે છે.રાજકોટના નાના મવા રોડ, ૮૦ ફૂટ રોડ, ૧૫૦ ફૂટ રોડ, પેડક રોડ, કુવાડવા રોડ, નાણાવટી ચોક સહિતની અનેક જગ્યાઓ પર મસાલા માર્કેટ ભરાય છે. જો કે ગત વર્ષની સરખામણીએ આ વર્ષે મસાલાના ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે.

આ વર્ષે તમામ જાતના મરચાના ભાવમાં વધારો થયો છે.ગૃહિણીઓ દર વર્ષે મસાલા માર્કેટમાંથી મસાલાની ખરીદી કરી આખા વર્ષના મસાલા દળાવીને ભરતી હોય છે. પરંતુ આ વર્ષે તમામ જાતના મરચાના ભાવ આ વર્ષે ડબલ થઈ ગયા છે. કમોસમી વરસાદ અને ભેજ વાળા વાતાવરણના કારણે આ વર્ષે મરચાનું ઉત્પાદન ઓછું થયું છે. જેથી મરચાના અને અન્ય મસાલાના ભાવમાં ધરખમ વધારો થયો છે.મરચાની સાથે સાથે જીરું અને હળદરના ભાવમાં પણ મોટા પ્રમાણમાં વધારો જોવા મળી રહ્યો છે. કમોસમી વરસાદ અને ભેજવાળા વાતાવરણના કારણે જીરાનું ઉત્પાદન ઓછું થયું છે જેને લઈને જીરાના ભાવ આસમાને છે. ગત વર્ષે જીરું ૨૫૦ થી લઈને ૩૩૦ રૂપિયા કિલો મળતું હતું. જે આ વર્ષે ૩૫૦ થી લઈને ૪૫૦ રૂપિયે કિલો મળી રહ્યું છે. તો હળદરના ભાવમાં પણ ૨૦% જેટલો ભાવ વધારો થયો છે.

# 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ યોજાયો



રાજકોટ
ગુજરાત સરકારના કોમ્યુનીટી આઉટરીય પ્રોગ્રામ અંતર્ગત પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી ગુજરાત રાજય ગાંધીનગરના"તેરા તુજકો અર્પણ" ઝુંબેશ હેઠળ આજરોજ બી ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમનું આયોજન રાખવામાં આવેલ હતું.

જેમાં બી ડીવીઝન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એસ.એમ.જાડેજા નાઓની ઉપસ્થિતીમાં બી ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે પ્રજાની બહોળી સંખ્યાની હાજરીમાં યોજવામાં આવેલ.

જેમાં છેલ્લા ત્રણ મહિનામાં અત્રે પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ગુમ/ચોરાયેલ મોબાઈલ ફોનની ફરિયાદ/અરજી મળતી હોય છે જે ફરિયાદ/અરજી ઉપરથી ઝઈઈ પોર્ટલ તથા હ્યુમન સોર્સિસનો ઉપયોગ કરી ઝઈઈ પોર્ટલમાં સતત મોનિટરીંગ કરી આવા ગુમ/ચોરાયેલ મોબાઈલ ફોનને શોધી કાઢવામાં આવેલ છે. જેમાં ઝઈઈ પોર્ટલનો ઉપયોગ કરી કુલ-પર મોબાઈલ ફોન જેની કુલ કિ.રૂ.૭,૯૭,૫૦૦/-ના ઝઈઈ પોર્ટલ દ્વારા શોધી રીકવર કરવામાં આવેલ અને મોબાઈલના માલિકોને પરત કરી આપવામાં આવેલ છે.

તેમજ છેલ્લા બે મહિના દરમ્યાન સાયબર ફ્રોડ થયેલ હોય તેવી અલગ-અલગ અરજીમાં ફ્રીઝ રહેલ અરજદારની સાયબર ફ્રોડમાં ગયેલ રકમમાંથી કુલ ૦૮ અરજીના અરજદારને કોર્ટ મારફતે રીફન્ડ પ્રોસેસ કરાવી કુલ રકમ રૂ.૨,૨૦,૪૬૦/- અરજદારને તેઓના નાણા પરત અપાવેલ છે

# હોલિકા દહનનો કાર્યક્રમ યોજાયો, મહાનુભાવોએ દર્શન કર્યા



રાજકોટ
રાજકોટ લોકસભા ૧૦ના ઉમેદવાર તથા કેન્દ્રીય મંત્રી પરસોતમભાઈ રૂપાલા સાથે સાંસદ સભ્ય રામભાઈ મોકરીયા, ગુજરાતના પૂર્વમુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, રાજકોટ વિધાનસભા ૬૯ના ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, રાજકોટ મહામંત્રી માધવભાઈ દવે, પારિવારીક સંબંધી જામનગર માર્કેટીંગ યાર્ડના પ્રમુખ ને જામનગર લોહાણા મહાજન પ્રમુખ જીતુભાઈ લાલ, ગાયનેક ડો. નીતિનભાઈ લાલ, વોર્ડ નં. ૧૦ રાજકોટના કોર્પોરેટર ચેતનભાઈ સુરેજા, નીરૂભા વાઘેલા, જયોત્સનાબેન ટીલાળા, રાજેશ્ર્વરીબેન ડોડીયા, વોર્ડ નં. ૧૦ના પ્રમુખ રજનીભાઈ ગોલ, ભાજપ અગ્રણી મનીષભાઈ ભટ્ટ તથા વોર્ડ નં. ૧૦ની સંગઠનની ટીમ હાજર રહ્યા હતા. જેમાં પરસોતમભાઈ રૂપાલાનું મીતુલભાઈ લાલ દ્વારા શાલ ઓઢાડી હાર-તોરાથી સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં હોલિકા પ્રાગટ્ય સાયન્ટીફીકલી રીતે પાણીની પિચકારી દ્વારા અગ્નિ પ્રજ્વલિત કરી હોલિકાદહનનો કાર્યક્રમ વિશેષ ઉપસ્થિતિ અને આમંત્રિત મહેમાનોની હાજરીમાં કરવામાં આવ્યું હતું.

# રાજકોટ ભાજપ પ્રેસ મીડિયા અગ્રણી અરૂણ નિર્મળનો આજે જન્મદિવસ

## ૬૪ કીલો ચણ પક્ષીઓને અર્પણ કરી જન્મદિવસની ઉજવણી કરશે



રાજકોટ
રાજકોટ ભાજપ નાં પ્રેસ મિડીયા અગ્રણી અને રાજકોટ નાગરિક સહકારી બેંક ના શાખા વિકાસ સમિતિના સભ્ય અને પૂર્વ ચાઈલ્ડ વેલ્ફેર કમિટિનાં સભ્ય અરૂણભાઈ નિર્મળ નો જન્મ દિવસ તા. ૨૮/૩/૬૦ છે. જેઓ આજરોજ ૬૩ વર્ષ પૂર્ણ કરી ૬૪ વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહયા છે.શ્રી નિર્મળ ૧૯૭૧ થી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘમાં જોડાઈને રાષ્ટ્રસેવા સાથે રાજકીય તેમજ સામાજિક કાર્યોમાં ઉત્તમ સેવા આપી રહયા છે.શ્રી નિર્મળ ૧૯૯૫ થી ભારતીય જનતા પાર્ટીમાં પ્રેસ-મીડિયા ની જવાબદારી સંભાળીને રાજકોટ મહાનગરપાલિકા, ધારાસભા, લોકસભા, જીલ્લા પંચાયત, તાલુકા પંચાયત ની ચૂંટણીમાં પ્રચાર પ્રસારની સફળતા પૂર્વક જવાબદારી સંભાળી છે.

હાલમાં તેઓ સહકાર ભારતી રાજકોટ વિભાગમાં મીડિયા જવાબદારી, જીવદયા ગ્રુપ, મહાપૂજા ધામ સ્વામિનારાયણ મંદિર, સ્વામિનારાયણ મંદિર, વી.વાય.ઓ. શ્રીનાથ ધામ હવેલી તેમજ અનેક ધાર્મિક/સામાજિક સંસ્થામાં મીડિયા કો-ઓર્ડીનેટર તરીકે સેવા આપે છે.શ્રી નિર્મળ સેવાકીય સામાજીક , સાંસ્કૃતિક, ધાર્મિક પ્રવૃતિ દવારા અનેક સેવાકીય પ્રવૃતિઓ કરી રહયા છે. આ વર્ષે ૬૪ કીલો ચણ પક્ષીઓને અર્પણ કરી જન્મદિવસની ઉજવણી કરશે. અરૂણ નિર્મળનાં જન્મદિવસ નિમિતે રાજકોટ શહેર/ જિલ્લાનાં હોદ્દેદારશ્રીઓ, સંસદ સભ્યશ્રી, ધારાસભ્યશ્રી, રાજકોટ નાગરિક સહકારી બેંકનાં ચેરમેનશ્રી, વાઈસ ચેરમેન શ્રી, ડિરેકટરશ્રી તથા અધિકારીશ્રીઓ તેમજ વિ.હિ.પ. નાં અગ્રણીઓ, રાજકીય સામાજીક તથા ધાર્મિક સંસ્થાનાં અગ્રણીઓ અને શુભેચ્છક મિત્ર વર્તુળ તરફથી (૯૮૨૪૪ ૧૬૬૩૯, ૮૩૨૦૪ ૨૯૫૨૮) પર જન્મદિવસની શુભેચ્છા આપી છે.

# રાજકોટમાં એડવોકેટ અનિલભાઈ દેસાઈના નિવાસસ્થાને મુલાકાત લેતા ભાજપ ઉમેદવાર પરસોતમભાઈ રૂપાલા



રાજકોટ,
ગુજરાત પ્રદેશ ભાજપ લીગલ સેલના એડવોકેટ શ્રી અનિલભાઈ દેસાઈના નિવાસ સ્થાલને રાજકોટ ૧૦ લોકસભા ભાજપના ઉમેદવાર શ્રી પરશોતમભાઇ રૂપાલાએ શુભેચ્છા મુલાકાત લીધી હતી.

આ પ્રસંગે રાજયસભા સાંસદ શ્રી રામભાઈ મોકરિયા,રાજકોટના ધારાસભ્યો શ્રી રમેશભાઈ ટીલાળા, શ્રી દર્શિતાબેન શાહ, શ્રી ધનસુખભાઈ ભંડેરી, શ્રી મનીષભાઈ ભટ્ટ, જૈન સમાજના વરિષ્ઠ આગેવાનો શ્રી જયોતીન્દ્રે મામા મહેતા, શ્રી હરેશભાઈ વોરા, શ્રી ઉપેનભાઈ મોદી, શ્રી હેમલભાઈ મહેતા, શ્રી મિહિરભાઈ મણિયાર, શ્રી નિપુણભાઈ દોશી, શ્રી મદનભાઈ ભીમાણી, શ્રી અતુલભાઈ શેઠ, શ્રી જયભાઈ તુરખીયા, સહિતના સૌ આગેવાનો ઉપસ્થિાત રહ્યા હતા.

આ ઉપરાંત જાણીતા એડ્વો્કેટ્સા શ્રી કિરીટભાઈ પાઠક, શ્રી હાર્દિકભાઈ ડોડીયા, શ્રી મુકેશભાઈ દેસાઈ ઉપરાંત વેપારી અગ્રણીઓમાં શ્રી મહેન્દ્રનભાઈ મહેતા, શ્રી કૌશિકભાઈ ભોજાણી, શ્રી દેવુભાઈ જીવરાજાણી, પંચનાથ મંદિરના પ્રમુખ શ્રી દેવાંગભાઈ માંકડ અને ટ્રસ્ટીભઓ શ્રી વસંતભાઈ જસાણી, શ્રી નીતિનભાઈ મણીયાર, શ્રી મનુભાઈ ગોહેલ, શ્રી નારણભાઈ લાલકીયા અને શ્રી સંદીપભાઈ ડોડીયા સહિતના આગેવાનો હાજર રહ્યા હતા

# રાજકોટની પાંચ સબ રજિસ્ટ્રાર કચેરીમાં દસ્તાવેજમાં એક દી'નું વેઈટિંગ




રાજકોટ
રાજકોટ શહેર જિલ્લામાં ઈન્ટરનેશનલ એરપોર્ટ, એઈમ્સ જેવી સુવિધા મળતાં જમીનમાં ભારે તેજી જોવા મળી રહી છે જેના કારણે રાજકોટ જિલ્લાની આઠ જેટલી સબ રજિસ્ટ્રાર કચેરીમાંથી પાંચ સબ રજિસ્ટ્રાર કચેરીમાં માર્ચ એન્ડીંગના કારણે દસ્તાવેજોમાં એક એક દિવસનું વેઈટીંગ જોવા મળી રહ્યું છે. લોકો ઓનલાઈન ટોકન લેવા છતાં દસ્તાવેજનો વારો બીજા દિવસે આવે છે. રાજકોટ શહેરમાં એઈમ્સ, ઈન્ટરનેશનલ એરપોર્ટ, સ્માર્ટ સિટી જેવા પ્રોજેકટોના કારણે રિયલ એસ્ટેટમાં ભારે તેજી જોવા મળી રહી છે. ખાસ કરીને રાજકોટના મોરબી રોડ, કોઠારીયા રોડ પર દર મહિને હજારો દસ્તાવેજો નોંધાય છે. આમ છતાં લોકોને દસ્તાવેજો માટે વેઈટીંગ જોવા મળી રહ્યું છે.

માર્ચ એન્ડીંગના કારણે રાજકોટ શહેરમાં સબ રજિસ્ટ્રાર કચેરીમાં દસ્તાવેજોની નોંધણીમાં મોટાપાયે વેઈટીંગ જોવા મળતાં રાજ્ય સરકાર દ્વારા એક પરિપત્ર બહાર પાડી જે સબ રજિસ્ટ્રાર કચેરીમાં વેઈટીંગ હોય તેવી સબ રજિસ્ટ્રાર કચેરીઓની જાહેર રજાઓ રદ કરી નાખવામાં આવી છે. એટલું જ નહીં પરંતુ કચેરીના સમયમાં પણ ફેરફાર કરીને સવારે ૯ વાગ્યાથી ઓફિસ સ્ટાફે હાજર થઈ જવું અને સાંજ સુધીમાં રોજેરોજનું દસ્તાવેજની નોંધણીનું વેઈટીંગનો નિકાલ કરવામાં આવી રહ્યો છે.

આમ છતાં રાજકોટ શહેરની સબ રજિસ્ટ્રાર કચેરી ઝોન-૨, રૈયા સબ રજિસ્ટ્રાર કચેરી, સબ રજિસ્ટ્રાર કચેરી ઝોન-૫, મવડી સબ રજિસ્ટ્રાર કચેરી અને ગોંડલ સબ રજિસ્ટ્રાર કચેરીમાં દસ્તાવેજ માટે એક એક દિવસનું વેઈટીંગ જોવા મળી રહ્યું છે. આ પાંચેય સબ રજિસ્ટ્રાર કચેરીમાં દરરોજ ૫૦ થી વધુ દસ્તાવેજો માટે ઓનલાઈન બુકીંગ થાય છે પરંતુ માત્ર ૩૫ જેટલા દસ્તાવેજોની નોંધણી થઈ શકે છે જેના કારણે ૧૫ જેટલા અરજદારોનો બીજે દિવસે વારો આવે છે.

# વી આઈ એ અલ્ટીમેટ એન્ટરટેઈનમેન્ટ એપ જાહેર કરી

## વી આઈ યુઝર્સ ટીવી, મોબાઈલ કે વેબ પર જોવા માટે કોઈપણ ડિવાઈસ પર વી આઈ મૂવીઝ અને ટીવીના લાભો મેળવી શકે છે

રાજકોટ
અગ્રાણી ટેલિકોમ ઓપરેટર વી આઈ એ આજે અલ્ટીમેટ એન્ટરટેઇનમેન્ટ એપ વી આઈ મૂવીઝ અને ટીવી લોન્ચ કરવાની જાહેરાત કરી હતી. તમામ વી આઈ સબ્સ્ક્રાઈબર્સ માટે આ એક વન-સ્ટોપ એન્ટરટેઇનમેન્ટ ડેસ્ટિનેશન છે. વી આઈ મૂવીઝ અને ટીવી નો નવો અવતાર તેના યુઝર્સ માટે અદ્વિતીય મનોરંજક અનુભવ પૂરો પાડે છે જેમાં ૧૩થી વધુ ઓટીટી એપ્સ, ૪૦૦થી વધુ લાઈવ ટીવી ચેનલ્સ અને અનેક કન્ટેન્ટ લાઈબ્રેરીની કોમ્પ્લીમેન્ટ્રી એક્સેસ મળશે અને તે પણ બધું એક જ છત હેઠળ.પ્રિપેઈડ માટે રૂ. ૨૦૨ અને પોસ્ટપેઈડ માટે રૂ. ૧૯૯ની કિંમતે વી આઈ મૂવીઝ અને ટીવી નો હેતુ મલ્ટીપલ પ્લેટફોર્મ માટે એક જ સબ્સ્ક્રીપ્શન સાથે જોવાનો અનુભવ સરળ બનાવવાનો તેમજ એકથી વધુ સબ્સ્ક્રીપ્શનનો ખર્ચ બચાવીને તેના યુઝર્સના નાણાં માટે શ્રેષ્ઠ મૂલ્ય પૂરું પાડવાનો છે. વી આઈ મૂવીઝ અને ટીવી સાથે બધાના માટે જોવા માટે કંઈકનું કંઈક છે. ડિઝની હોટસ્ટાર પર ધ શો ટાઈમ, કર્મા કોલિંગ, લૂટેરે, સેવ ધ ટાઈગર્સ અને ૧૨વી ફેઈલ, સલાર (હિન્દી), પટના શુક્લા અને અન્ય જેવી બ્લોકબસ્ટર મૂવીઝ, સોનીલીવ પર શાર્ક ટેંક ઈન્ડિયા, સ્કેમ ૨૦૨૩, ધ તેલગી સ્ટોરી, રાયસિંઘાની વિ. રાયસિંઘાની કે પછી ફેન કોડ પર ફોર્મ્યુલા વન કે લાઈવ ક્રિકેટનો રોમાંચ હોય. વી આઈ મૂવીઝ અને ટીવી ડિસ્કવરી, આજતક, રિપબ્લિક ભારત, એબીપી, ઈન્ડિયા ટુડે સહિતની ૪૦૦થી વધુ લાઈવ ટીવી ચેનલ્સને યુઝર્સના આંગળીના ટેરવે સ્ટ્રીમ કરશે. આ ઉપરાંત, વી આઈ યુઝર્સને શેમારૂ અને હંગામા કન્ટેન્ટ લાઈબ્રેરીઝની કોમ્પ્લીમેન્ટ્રી એક્સેસ પણ મળશે.

# રાજકોટમાં જૈનમ દ્વારા જૈનોનાં ચારેય ફીરકાઓને આમંત્રીત કરવા કમીટી રચાઈ



રાજકોટ,
જૈનમ દ્વારા ભગવાન મહાવીર જન્મૈ કલ્યીાણક મહોત્સવની ઉજવણી માટે જૈનોનાં ચારેય ફીરકાઓ સંગઠીત થઈને ઉજવણી કરે તેવા શુભ હેતુથી જૈનમ પરિવારનાં સભ્યોસની કમીટીની રચના કરવામાં આવી છે. જે કમીટી દ્વારા રાજકોટનાં મૂર્તિપૂજક જૈન સંઘો, દેરાસરો, સ્થાંનકવાસ જૈન સંઘો, ઉપાશ્રયો, શ્રીમદ્ રાજચંદ્રજી કેન્દ્ર , દિગંબર જિનાલયો વિગેરેમાં વ્યાખ્યાપન સમયે તથા અન્યર કાર્યક્રમ સમયે સાધુ ભગવંતો, શ્રાવક-શ્રાવિકાઓની હાજરીમાં રૂબરૂ જઈ તમામને જૈનમ વતી આગામી મહાવીર સ્વા મી જન્મર કલ્યાકણક મહોત્સુવની થનારી ઉજવણીમાં જોડાવવા માટે હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવી રહયું છે.

જેમાં જૈનમ વતી રાજકોટનાં દેરાસરો અને શ્રીમદ્? રાજચંદ્ર જ્ઞાન મંદિર ખાતે આ નિમંત્રણ પાઠવવા માટે રચાયેલ કમીટીમાં તરૂણભાઈ કોઠારી, પ્રશાંતભાઈ સંઘવી, જીતુભાઈ મારવાડી, મહેશભાઈ મણીયાર, અનીષભાઈ વાધર, જીગરભાઈ પારેખ, મેહુલભાઈ શાહ, રાકેશભાઈ શેઠ, શ્રેણિકભાઈ જૈન, વિશાલભાઈ મહેતા, દર્શનભાઈ શાહ સ્થા,નકવાસી ઉપાશ્રયો અને સ્થાનકો, દિગંબર જિન મંદિર ખાતે સૌ નિમંત્રીત કરવા જયેશભાઈ મહેતા, સુજીતભાઈ ઉદાણી, હિતેશભાઈ મહેતા, બ્રિજેશભાઈ મહેતા, નિલેશભાઈ ભલાણી, ચેતનભાઈ કામદાર, નિલેશભાઈ શાહ, શૈલેષભાઈ માંઉ, ઉપેનભાઈ મોદી, ભરતભાઈ પારેખ, ચિરાગભાઈ દોશી, હિતેશભાઈ શાહ, અશોકભાઈ વોરા, બકુલેશભાઈ મહેતા, કુમારભાઈ શાહ, જયદત્ત સંઘાણી, પરેશભાઈ સંઘાણી, યતીન્દ્રભાઈ જૈન, ધૈર્યભાઈ પારેખ, મનીષભાઈ શાહ, મનોજભાઈ દોશી વિગેરે જૈનમ પરિવારનાં સભ્યોં જહેમત ઉઠાવી રહયા છે.

# રાજકોટ મનપાની રમત-ગમત સભ્યં નોંધણી માટેની ઓનલાઈન સીસ્ટ્મ ડાઉન : લોકો પરેશાન

## ટેકનીકલ ખામીના કારણે અડધાથી એક કલાક બાદ ફરી સીસ્ટમ રાબેતા મુજબ શરૂ થતાં રાહત

રાજકોટ,
રાજકોટ મહાપાલિકાના અલગ-અલગ સ્પોર્ટસ સંકુલમાં આજથી માસિક, ત્રિ-માસિક, વાર્ષિક મેમ્બરશિપ માટેનું રજિસ્ટ્રેશન શરૂ કરવામાં આવશે. મનપા હસ્તકની વિવિધ રમત-ગમતની સુવિધાઓ જેમાં સિન્થેટિક એથ્લે ટિક ટ્રેક, સિન્થેટિક ટેનિસ કોર્ટ, બાસ્કેટબોલ કોર્ટ, વોલીબોલ કોર્ટ, રેસકોર્સ જીમ, નાનામવા મલ્ટી એક્ટિરવિટી સેન્ટર લેડીઝ જીમ, શેઠ હાઈસ્કૂલ જીમ, હૈદરી ચોક સ્થિત જીમ તેમજ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ સ્નાનાગાર (કોઠારિયા રોડ), શ્રી મહર્ષિ દયાનંદ સરસ્વતી સ્નાનાગાર (કાલાવડ રોડ), શ્રી લોકમાન્ય્ તીલક સ્નાનાગાર (રેસકોર્સ), શ્રી સ્વામી વિવેકાનંદ સ્નાનાગાર (પેડક રોડ) તેમજ શ્રી જીજાબાઈ મહિલા સ્નાનાગાર માટે શિખાઉ તેમજ જાણકાર સભ્યો માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. આ માટે આજે સવારે ૧૧ વાગ્યા થી મનપાની વેબસાઈટ પરથી ઓનલાઈન લાઈન રજિસ્ટ્રેશનમાં સ્નાનાગારમાં સભ્ય નોંધણીની સીસ્ટમ ઠપ્પ થતા હજારો લોકોમાં દેકારો મચી જવા પામ્યો હતો.

આ અંગે ઈડીપી ડાયરેકટર સંજય ગોહીલે જણાવ્યુ હતુ કે, ઓનલાઇન સીસ્ટમમાં ટેકનીકલ ખામી આવતા સવારે એક કલાક સુધી ઓનલાઇન વ્યવસ્થાં ખોરવાઇ હતી બાદ રાબેતા મુજબ શરૂ થઇ હતી. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ સવારે એક કલાક ટેકનીકલ ખામી સર્જાતા ઓનલાઇન રજીસ્ટ્રેશનમાં ધાંધિયા થતા દેકારો મચી જવા પામ્યો હતો.

# શેરીમાંથી કેમ નીકળ્યો, કહી બે શખ્સે તરુણને છરીના ઘા ઝીંકી દીધા

## તરુણનું માથું પકડી ફૂટપાથ પર અથડાવતા માથામાં ગંભીર ઈજા

રાજકોટઃ

ચુનારાવાડ-૪માં રહેતા હંસાબેન રણજિતભાઈ ધાંધલ નામની મહિલાએ બાજુની શેરીમાં રહેતા નીલુ અને સાહિલ નામના શખ્સ સામે ફરિયાદ નોંધાવી છે. મહિલાની ફરિયાદ મુજબ, ગત તા.૨૫ની રાતે સવા બાર વાગ્યાના અરસામાં પુત્ર પ્રતાપ બાઈક લઈને ચુનારાવાડ-૩માંથી નીકળ્યો હતો. ત્યારે શેરીના નાકે નીલુ અને સાહિલ ઊભા હોય બંનેએ પુત્રને અટકાવ્યો હતો અને તું શેરીમાંથી બાઈક લઈને કેમ નીકળે છે તેમ કહી બંનેએ ગાળો ભાંડી હતી. પુત્રે ગાળો દેવાની ના પાડતા બાઈકને ધક્કો મારી પુત્રને પછાડી દીધો હતો.ત્યાર બાદ સાહિલે છરીથી હુમલો કરી હાથમાં ઘા ઝીંકી દીધો હતો. આટલેથી સંતોષ થયો ન હોય તેમ બંનેએ માર માર્યા બાદ રોડ પર પટકાયેલા પુત્રના વાળ પકડી માથું ફૂટપાથ સાથે ભટકાડી ઈજા



પહોંચાડી હતી. બંને શખ્સના વધુ મારથી બચવા પુત્ર લોહીલુહાણ હાલતમાં ત્યાંથી ભાગીને ઘર પાસે આવ્યો હતો. આ સમયે કોઈએ ૧૦૮ને જાણ કરી દીધી હોય પુત્રને હોસ્પિટલ ખસેડ્યો હતો. હુમલો થયા અંગે અજાણી વ્યક્તિ ઘરે આવી પોતાને જાણ કરી હતી. જેથી પોતે હોસ્પિટલ જઈ પુત્ર પાસેથી બનાવની વિગત મેળવી હતી. બે દિવસ પુત્ર સારવારમાં રહ્યાં બાદ નીલ, સાહિલ સામે ફરિયાદ નોંધાવી છે.

**તરુણીને ભગાડી જનાર શખ્સ અમદાવાદથી પકડાયો**

યુનિવર્સિટી પોલીસ મથકના વિસ્તારમાંથી તા.૧-૨-૨૦૨૩ના રોજ ૧૪ વર્ષની તરુણીનું અપહરણ થયું હતું. તરુણીને પ્રેમજાળમાં ફસાવી મૂળ રાજસ્થાનનો અને રાજકોટના મુંજકા ગામે રહેતો પ્રકાશસિંહ સંપતસિંહ પરમાર નામનો ૨૬ વર્ષનો શખ્સ ભગાડી ગયાનું ફરિયાદમાં જણાવ્યું હતું. ફરિયાદને પગલે સ્થાનિક પોલીસે અનેક સ્થળોએ તપાસ કરવા છતાં તરુણીની કે પરપ્રાંતીય શખ્સની ભાળ મળી ન હતી. દરમિયાન તરુણી અને પરપ્રાંતીય શખ્સ અમદાવાદના નિકોલ-૧ કાનબા હોસ્પિટલ સામે હોવાની એન્ટિ હ્યુમન ટ્રાફિકિંગ યુનિટના હેડ કોન્સ.એચ.ડી.વાછાણી, ધીરેનભાઈ ગઢવીને માહિતી મળી હતી.જે માહિતીના આધારે તુરંત ટીમ અમદાવાદ દોડી જઈ ફ્રૂટ જ્યૂસની લારી પર મજૂરીકામ કરતી તરુણીને સકંજામાં લીધી હતી. તેની પૂછપરછ બાદ પ્રકાશસિંહને પણ ઝડપી લઈ બંનેને રાજકોટ લઈ આવી યુનિવર્સિટી પોલીસ હવાલે કર્યા છે.

# ધોરાજીનાં હજારો વર્ષ જૂના મુરલી મનોહર મંદિરમાં ધ્વજારોહણ, અન્નક્ષેત્ર સહિતના ફ્રી કાર્યો બંધ થશે?

## સરકારનો હસ્તક્ષેપ દૂર કરવા ભક્તોના ઉપવાસ,ભક્તોમાં ભારે રોષ,મંદિર દ્વારકાના ઠાકર જેટલું માન્ય

રાજકોટઃ

રાજકોટનાં ધોરાજી તાલુકાનાં સુપેડી ગામે હજારો વર્ષ જૂના સુપ્રસિદ્ધ મુરલી મનોહર મંદિર આવેલું છે. જેમાં ધ્વજારોહણ સહિત ૨૬ મનોરથ ફ્રી ચાલતા હતા. જોકે સરકારી પ્રશાસન દ્વારા મંદિરનો વહીવટ પોતાના હસ્તક લઈને અચાનક તમામ મનોરથ બંધ કરી દેવાનો ગણગણાટ થયો છે. જેને લઈને વર્ષોથી અહીં દર્શનાર્થે આવતા ભવિકો ભારે રોષે આમરણાંત ઉપવાસ શરૂ કર્યો હતો. મંદિરનાં મહંત રવિદાસ બાપુએ જણાવ્યું હતું કે, દ્વારકામાં ધજા નો ચડાવી શકે તે ધજા આ મંદિરમાં ચડાવવાથી મનોકામના પુરી થાય છે. જોકે, સમગ્ર મામલે મામલતદાર દ્વારા ભક્તોને સમજાવટનાં પ્રયાસો કરવામાં આવનાર છે.

સમગ્ર મામલે ગત ૫/૦૨ના રોજ મામલતદારને ભક્તો આવેદન અપાયું હતું અને








પ્રસાશનનાં આ હસ્તક્ષેપનો વિરોધ કરી અલ્ટીમેટલ પણ આપ્યું હતું, પરંતુ પ્રસાશન દ્વારા કોઈ નિર્ણય લેવામાં ન આવતા આજે ભક્તજનો દ્વારા મંદિરનાં પટાંગણમાં આમરણાંત ઉપવાસ શરૂ કરી દેવામાં આવ્યા હતા. આજે મંદિરમાં મોટી સંખ્યામાં ભક્તજનોએ રામધૂન બોલાવી પ્રશાસનનો વિરોધ કર્યો હતો અને રાજકારણનાં કારણે આવેલો સરકારનો આ હસ્તક્ષેપ દૂર કરવા માટેની માગ કરવામાં આવી હતી.દિશાન રતનપરા નામનાં શ્રદ્ધાળુએ જણાવ્યું હતું કે, ધોરાજી તાલુકાનાં સુપેડી ગામે આવેલા સુપ્રસિદ્ધ મુરલી મનોહર મંદિર ખાતે પરંપરાગત ૮મી ગુરુ ગાદીએ ચાલતા સનાતન ધર્મના ૨૬ પ્રકારના ફ્રી મનોરથ ચાલતા હતા. જેમાં ફ્રી ધ્વજારોહણ, ફ્રી અન્નક્ષેત્ર સહિતનાં કાર્યો મંદિરમાં વિનામૂલ્યે ચાલતા હતા. જેમાં સરકારી પ્રસાશન દ્વારા હસ્તક્ષેપ કરી પોતાના હસ્તક લેતા ભક્તજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.નિમિષાબેન નામના ભક્તએ જણાવ્યું હતું કે, મંદિરમાં લોકોની અતૂટ શ્રદ્ધા છે. મંદિર વર્ષોથી પુરાતન વિભાગ હેઠળ આવે છે અને પુરાતન વિભાગના નિયમ હેઠળ ચાલે છે. પરંતુ એકાએક પ્રસાશન દ્વારા કમિટી બનાવી પોતાના હસ્તક લઈ લેવાની પેરવી કરી છે અને મંદિરમાં ચાલતી ફ્રી સેવા બંધ કરાવી છે. હવે કોઈપણ ભક્તોને ધ્વજા ચડાવવી હોય તો પ્રશાસન મંજૂરી લઈ ચડાવવા જણાવાયું છે. તેમજ ફ્રી અન્નક્ષેત્ર અને ગાયોનો નિભાવ બંધ કરવામાં આવતા ભક્તોમાં આક્રોશ ફેલાયો છે.મુરલી મનોહર મંદિરનાં મહંત રવિદાસ બાપુએ આ અંગે જણાવ્યું હતું કે, આ મંદિર વિશે ખાસ માન્યતા છે. આ માન્યતા મુજબ જો દ્વારકામાં ધજા નો ચડાવી શકે તે ધજા આ મંદિરમાં ચડાવવાથી મનોકામના પુરી થાય છે. આ હજારો વર્ષ પહેલાનું અલૌકિક મંદિર છે. જેમાં ૮મી ગુરુગાદીએ ચાલતા સનાતન ધર્મનાં ૨૬ પ્રકારનાં ફ્રી મનોરથ ચાલતા હતા જેમાં ફ્રી ધ્વજા રોહણ ફ્રી અન્નક્ષેત્ર સહિત અનેક પ્રકાર ના મનોરથ ફ્રી મા ચાલતા હતા પરંતુ મંદિર બાબતે રાજકીય લોકો આવતા મંદિરને પ્રસાશન હસ્તક આવા કોઈપણ મનોરથ માટે પ્રશાસનની મંજૂરી ફરજિયાત કરવામાં આવતા ભવિકોમાં રોષ જોવા મળી રહ્યો છે.આ અંગે ધોરાજી મામલતદાર એ. પી. જોશીએ જણાવ્યું હતું કે, કમિટી દ્વારા કોઈ જ પ્રકારનાં મંદિરમાં ચાલતા વહીવટ ઉપર પ્રતિબંધ નથી. મંદિરમાં ચાલતા ધ્વજા ચડાવવા કે દર્શન ઉપર પાબંધી નથી. જે રીતે મંદિરમાં વર્ષોથી વહીવટ ચાલે છે તે જ પ્રમાણે ચાલશે અને ઉપવાસ પર ભક્તો બેઠા છે તે બાબતની મને જાણ નથી. આ મામલે હું તપાસ કરાવીને ભક્તોને સમજાવવા પ્રયાસ કરીશ.

# કિચનવેરના ધંધાર્થીએ આર્થિક ખેંચથી કંટાળી આપઘાત કર્યો

રાજકોટઃસહકાર સોસાયટી પાસેના ઈન્દિરાનગરમાં કિચનવેરના ધંધાર્થીએ ફાંસો ખાઈ જીવનનો અંત આણી લીધો હતો. આર્થિક ખેંચથી કંટાળી યુવા ધંધાર્થીએ પગલું ભર્યું હતું. તેમજ રેલનગરની છત્રપતિ શિવાજી ટાઉનશિપમાં યુવકે ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો.સહકાર સોસાયટી મેઈન રોડ પરના ઈન્દિરાનગરમાં રહેતા મયૂર દીપકભાઈ ચૌહાણે (ઉ.વ.૨૪) પોતાના ઘરે લોખંડની એંગલમાં દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ લીધો હતો. ઘટનાની જાણ થતાં ભક્તિનગર પોલીસ દોડી ગઈ હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલમાં ખસેડ્યો હતો. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, મયૂર બે ભાઈમાં નાનો અને અપરિણીત હતો તે ઓનલાઈન કિચનવેરનો વેપાર કરતો હતો. કેટલાક સમયથી ધંધો બરોબર ચાલતો નહીં હોવાથી આર્થિક ખેંચ ઊભી થઈ હતી અને તેનાથી કંટાળી તેણે અંતિમ પગલું ભરી લીધું હતું.

**યુવકે ઝેરી દવા પી આપઘાત કરી લીધો**

અન્ય એક બનાવમાં રેલનગરની છત્રપતિ શિવાજી ટાઉનશિપમાં યુવકે ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો. મોરબી રોડ પરની ન્યૂ જલારામ સોસાયટીમાં રહેતો રોહિત જીતુભાઈ નિમાવત (ઉ.વ.૨૪) મંગળવારે રેલનગરમાં ટાઉનશિપમાં રહેતા તેના ભાઈના ઘરે ગયો હતો અને ભાઈના ઘરેથી નીકળી ટાઉનશિપ નજીક તેણે ઝેરી દવા પી લેતા તેને હોસ્પિટલમાં ખસેડાયો હતો, પરંતુ તેનું મૃત્યુ થયું હતું. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, રોહિત છૂટક મજૂરી કરતો હતો કેટલાક દિવસથી તેને કામધંધો નહીં મળતા આર્થિક સંકડામણમાં ફસાયો હતો અને તેનાથી કંટાળી તેણે અંતિમ પગલું ભરી લીધું હતું.

# લોકોના આરોગ્યના ભોગે ભેળસેળ કરતા તત્ત્વો સામે અધિક જિલ્લા કલેક્ટરની આકરી કાર્યવાહી

## ૫ ઉત્પાદક સહિત ૩૯ વેપારીને ૧૭.૮૦ લાખનો દંડ

રાજકોટઃરાજકોટ જિલ્લામાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે લીધેલા આયોડાઈઝ મીઠું, પાણી, કેરીનો રસ, શિખંડ, દૂધના નમૂના વડોદરાની ફૂડ એન્ડ ડ્રગ્સ લેબોરેટરીમાં તપાસણી દરમિયાન 'સબ સ્ટાન્ડર્ડ' જાહેર કરવામાં આવતા એડજ્યુડિકેટિંગ ઓફિસર અને અધિક જિલ્લા કલેક્ટર સમક્ષ ફૂડ એન્ડ સેફ્ટીના કાયદા હેઠળ કેસ ચલાવવામાં આવ્યા હતા જેમાં મીઠું, પાણીના ૫ ઉત્પાદકો સહિત ૩૯ વેપારીને રૂ.૧૭.૮૦ લાખનો તગડો દંડ ફટકારવામાં આવ્યો છે.રાજકોટ અધિક જિલ્લા કલેક્ટર અને એડજ્યુડિકેટિંગ ઓફિસર ચેતન ગાંધી દ્વારા ફૂડના અલગ-અલગ નવ કેસનું હિયરિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે જ્યાંથી નમૂના લીધા હોય તે વેપારીઓથી લઈને જે-તે વસ્તુના ઉત્પાદકોને હાજર રાખવામાં આવ્યા હતા. જેમાં ૯ કેસમાં ૩૯ વેપારી અને ઉત્પાદકો પર આકરા દંડની તવાઈ ઉતારવામાં આવી હતી. જેમાં આયોડાઈઝ મીઠાના ઉત્પાદક, ગાંધીધામની દિવ્યા સોલ્ટ પ્રા.લિ.ના તમામ ડિરેક્ટરો, વિશાલ કેમફૂડ ઈન્ડસ્ટ્રીઝ , ભચાઉના ચોપડવા ગામે આવેલી શ્રીરામ કેમફૂડ પ્રા.લિ.ના ભાગીદારો તથા પાણીની બોટલનું ઉત્પાદન કરતા રાજકોટના ગોંડલ રોડ પર આવેલી બ્રિસવેલ બેવરેજીસ અને મોરબીના અમરેલી ખાતે આવેલી આકાશ બવરેજીસનો સમાવેશ થાય છે.મિક્સ દૂધનો નમુનો સબસ્ટાન્ડર્ડ થતાં રમેશ વેલજીભાઈ સાટોડિયા રૂ.૧,૦૦,૦૦૦, આયોડાઈઝ સોલ્ટનો સબસ્ટાન્ડર્ડ થતાં મંગીલાલ કુમાવત (શ્રીરામ કેમફૂડ પ્રા.લિ.) ને રૂ.૨૫,૦૦૦ શ્રીરામ કેમફૂડ પ્રા.લિ. રૂ.૫૦,૦૦૦ તેમજ દિવ્ય સોલ્ટ પ્રા.લિ., ગાંધીધામ તેમજ કંપનીના તમામ ડિરેક્ટરોને ૫૦-૫૦ હજારનો દંડ કરાયો છે જેમાં રામલાલ ચૌધરી, મુકેશ ચૌધરી, અનિતા ચૌધરી, લીલી ચૌધરી, કમલા ચૌધરી, મંજુ ચૌધરીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત વિશાલ કેમ ફૂડ ઈન્ડસ્ટ્રીઝ તેમજ કંપનીના ડિરેક્ટર ભંવર ચૌધરી, વિશાલ એમ.ચૌધરી, પંકજ પી.ચૌધરી, મુકેશ આર.ચૌધરીને ૫૦-૫૦ હજારનો દંડ ફટકારાયો છે. લુઝ દૂધ વેચતા પરષોત્તમ ખોડાભાઈ ચોવટિયા (મેટોડા)ને રૂ.૧,૦૦,૦૦૦, પાણીનો નમૂનો સબસ્ટાન્ડર્ડ થતાં બ્રિસવેલ બેવરેજીસ કંપનીને રૂ.બે લાખ અને તેના સંચાલક વ્રજલાલ હરિભાઈ મારડિયાને રૂ.૧,૦૦,૦૦૦, પાણી વેચતા અલ્પેશ પ્રતાપભાઈ જોશીને રૂ.૫૦,૦૦૦, ઉઘરેજા અનિલકુમાર બાબુલાલને રૂ.૧,૦૦,૦૦૦ તેમજ આકાશ બ્રેવરેજીસ, અમરેલી, તા.મોરબીને રૂ.૨,૦૦,૦૦૦ તથા રાજભોગ શિખંડનો નમૂનો સબસ્ટાન્ડર્ડ થતાં મહેશ શિવલાલ મોલિયાને રૂ.૫૦,૦૦૦ અને કેરીનો રસ પણ ગુણવત્તા યુક્ત ન હોવાથી સંજય વસંતલાલ ગાવાને રૂ.૫૦,૦૦૦ તેમજ સુરેશ પોપટભાઈ રૈયાણીને રૂ.૭૫,૦૦૦નો દંફ ફટકારાયો છે.

# ફોન પર વાત કરતી વખતે બીજા માળેથી નીચે પટકાતાં યુવકનું મોત

રાજકોટઃવાંકાનેરના રંગપરમાં ફેક્ટરીના ક્વાર્ટરના બીજા માળની પાળી પર બેસીને મોબાઈલ પર વાતચીત કરતી વખતે પરપ્રાંતીય યુવકે બેલેન્સ ગુમાવ્યું હતું અને તે નીચે પટકાતા તેનું મૃત્યુ થયું હતું. ત્રણ દિવસ પૂર્વે જ યુવક ઓરિસ્સાથી પેટિયું રળવા આવ્યો હતો અને તેની જિંદગીનો અંત આવી ગયો હતો.રંગપર ગામમાં આવેલી શિલ્પ કંપનીમાં કામ કરતો અને કંપનીના જ ક્વાર્ટરમાં રહેતો ઓરિસ્સાનો વતની અકરુર રૂપાધર બગરતી (ઉ.વ.૨૨) મંગળવારે રાત્રે ૧૧ વાગ્યે ક્વાર્ટરના બીજા માળની પાળી પર બેસીને મોબાઈલ પર વાતચીત કરતો હતો. વાતચીત દરમિયાન અકરુરે બેલેન્સ ગુમાવ્યું હતું અને તે બીજા માળેથી નીચે ખાબક્યો હતો. ગંભીર રીતે ઘવાયેલા શ્રમિક યુવકને વાંકાનેર બાદ રાજકોટ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, પરંતુ તેનું મૃત્યુ થયું હતું.પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, અકરુર અગાઉ રંગપરની ઉપરોક્ત ફેક્ટરીમાં જ કામ કરતો હતો, બાદમાં તે વતન જતો રહ્યો હતો. ત્રણેક દિવસ પૂર્વે જ ફરીથી રંગપરમાં આ ફેક્ટરીમાં કામ કરવા આવ્યો હતો અને બીજા માળેથી પટકાતાં તેનું મૃત્યુ થયું હતું. અકરુર ત્રણ ભાઈમાં બીજા નંબરનો અને કુંવારો હતો. બનાવને પગલે કંપનીના અન્ય કર્મચારીઓમાં ગમગીની છવાઈ ગઈ હતી.

**રિક્ષામાંથી પટકાતાં પ્રૌઢનું મોત**

શહેરના ઉપલાકાંઠા વિસ્તારની પટેલ વાડી પાસે રિક્ષામાંથી પડી જવાથી ઘવાયેલા પ્રૌઢનું મોત નીપજ્યું હતું. રામનાથપરામાં રહેતા પ્રમોદભાઈ બાબુભાઈ સોલંકી (ઉ.વ.૬૪) મોરબીના સનાળા રોડ પર આવેલા પોતાના પેટ્રોલ પંપે ગયા હતા અને પંપે જરૂરી કામ પૂરું કરી ખાનગી વાહનમાં બેસી પારેવડી ચોકે ઉતર્યા હતા અને ત્યાંથી રિક્ષામાં બેસી રામનાથપરામાં પોતાના ઘરે જવા નીકળ્યા હતા. રિક્ષા પટેલ વાડી પાસે પહોંચી હતી ત્યારે પ્રમોદભાઈ ચાલુ રિક્ષામાંથી નીચે પટકાયા હતા અને તેમને ગંભીર ઈજા થતાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, પરંતુ તેમનું મૃત્યુ થયું હતું.

# ૭ હજાર વસૂલ્યા બાદ મશીન ન મોકલ્યું, અમદાવાદના શખ્સ સામે પોલીસ ફરિયાદ

રાજકોટઃસોશિયલ મીડિયાના માધ્યમથી ગૃહઉદ્યોગ માટે મશીન ખરીદવા ઓનલાઈન પેમેન્ટ કરનાર રાજકોટના યુવાન સાથે છેતરપિંડીનો બનાવ બન્યો છે. મવડી પ્લોટ વિસ્તારમાં આવેલા ગોપાલ પાર્ક-૪માં રહેતા અને મેજરમેન્ટના ઈન્સ્ટ્રૂમેન્ટ રિપેરિંગનું કામ કરતા હિતેશભાઈ જયસીંગભાઈ બારડ નામના યુવાને નોંધાવેલી ફરિયાદ મુજબ, ગત તા.૧૯-૨ના રોજ ફેસબુક પર એક જાહેરાત જોઈ હતી. જેમાં ઘર બેઠા કામ કરી શકો તેવી ઈલેક્ટ્રિક કોઈલ મળશે અને નીચે એમ મોબાઈલ નંબર લખેલા હતા. પોતાને ગૃહ ઉદ્યોગ ઈલેક્ટ્રિક કોઈલ બનાવવાનું કામ કરવું હોવાથી તે મોબાઈલ નંબર પર ફોન કર્યો હતો. ત્યારે સામે વાળી વ્યક્તિએ નામ આપ્યું ન હતુ, પરંતુ તે અમદાવાદથી ગ્લોબલ ગૃહ ઉદ્યોગમાંથી બોલતો હોવાનું કહ્યું હતું.બાદમાં પોતાને મશીન જોવું હોય તોનું કહેતા તેને રાજકોટના કોઠારિયા સોલવન્ટ ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં પીયૂષભાઈ નામની વ્યક્તિ પાસે આ મશીન હોવાનું કહી તેના મોબાઈલ નંબર આપ્યા હતા. ફોન કરી પોતે પીયૂષભાઈ પાસે ગયા હતા. મશીન જોઈને નીકળ્યા બાદ અમદાવાદથી ફોન આવ્યાનો મેસેજ આવ્યો હતો. બાદમાં બીજા દિવસે મશીન લેવાનું છે તેવું પૂછતા વિચારીને જણાવવાનું કહ્યું હતું. બીજે દિવસે તે વ્યક્તિનો ફોન આવતા મશીન ખરીદવાની વાત કરતા તેને આધારકાર્ડ તેમજ એક ફોટો મગાવ્યો હતો. અને મશીન રૂ.૭ હજારમાં મળશેની વાત કરી ઓનલાઈન પેમેન્ટ કરવા માટે સ્કેનર મોકલ્યું હતું.પોતાને મશીન લેવું હોવાથી દસ્તાવેજો મોકલ્યા બાદ ઓનલાઈન પેમેન્ટ કરી દીધું હતું. ત્યારે અમદાવાદના શખ્સે તા.૨૪-૨ સુધીમાં મશીન મળી જશેની વાત કરી હતી, પરંતુ મશીન સમયસર નહિ મળતાં તે વ્યક્તિને ફોન કરી મારે મશીન નથી જોઈતું મને પૈસા પાછા આપી દ્યોનું કહેતા તે વ્યક્તિએ ફોન કટ કરી નાંખ્યો હતો. ત્યાર બાદ તે શખ્સે ફોન ઉઠાવ્યો જ નહિ. આમ પોતે છેતરાયાનું માલૂમ પડતા મોબાઈલ પર વાત કરનાર અમદાવાદના ગ્લોબલ ગૃહ ઉદ્યોગવાળો શખ્સ અને રાજકોટમાં મશીન જોવા ગયો હતો તે પીયૂષ નામની વ્યક્તિ સામે એ ડિવિઝન પોલીસ મથકમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.

# ખેડૂત દંપતી પર છરીથી હુમલોઃ પતિનું મોત, પત્ની ગંભીર

## કૌટુંબિક ભાઈએ નજીવી બાબતને મોટું સ્વરૂપ આપી હુમલો કરતાં બનાવ હત્યામાં પલટાયો

હળવદઃ હળવદ તાલુકાના ચુપણી ગામે વાડીના શેઢેથી ચાલવા જેવી સામાન્ય બાબતનું મનદુઃખ રાખી કૌટુંબીક ભાઈએ છરીના આડેધડ ઘા મારી ભાઈની હત્યા નિપજાવતા નાના એવા ચુપણી ગામમાં ચકચાર મચી જવા પામ્યો છે. ત્યારે પતિને બચાવવા વચ્ચે પડેલ પત્નીને પણ હાથમાં છરી વડે ઈજા થતા તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા. હત્યાના બનાવ મામલે મૃતકના દીકરા દ્વારા હત્યા નિપજાવનાર કૌટુબીક કાકા સામે હળવદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી સામે ગુનો નોંધી આગળની તપાસની તજવીજ હાથ ધરી છે.હળવદ તાલુકાના ચુપણી ગામે રહેતા રામાભાઈ ઓળકીયા તેના પત્ની તથા તેમનો કૌટુબીક ભાઈ ગણેશભાઈ ઓળકીયા તથા તેમના પત્ની એમ બંને સજોડે ચાર દિવસ પહેલા અલગ અલગ બાઈક ઉપર દ્વારકા દર્શન કરવા ગયા હતા ત્યારે ગણેશભાઈ રસ્તામાં પાછળ રહી ગયા હતા જેથી તે બાબતે ગણેશભાઈએ



રામાભાઈને પોતાની વાડીના શેઢે ચાલતા નહિ એમ જણાવતા રામાભાઈએ પણ ગણેશભાઈને પાટાની વાડીના શેઢે ચાલવાની ના પાડી હતી. ત્યારે આવી સામાન્ય બાબતનું મનદુઃખ રાખી ગઈકાલે ચુપણી ગામના ઝાંપા પાસે રામાભાઈ અને તેમના પત્ની વાલીબેન જતા હોય ત્યારે ગણેશભાઈએ બોલાચાલી કરીઝઘડો કરી એકદમ આવેશમાં આવી રામાભાઈને છરીના છાતીમાં, પેટમાં, હાથમાં પગમાં આડેધડ ઘા ઝીંકી દીધા હતા. જયારે ઝઘડામાં પતિને બચાવવા વચ્ચે પડેલ વાલીબેનને હાથના ભાગમાં છરીથી ઈજા પહોંચાડી હતી.બનાવની જાણ મૃતક રામાભાઈના દીકરાઓને થતા ઘટના સ્થળે દોડી જઈ પિતાને બેભાન હાલતમાં સારવાર અર્થે હળવદ સરકારી હોસ્પિટલ ખસેડતા જ્યાં ફરજ પરના ડોક્ટરે જોઈ તપાસી રામાભાઈને મૃત જાહેર કર્યા હતા. તથા માતા વાલીબેનને હાથમાં ઈજા થતા તેઓને હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપી હતી. ઘટનાની જાણ થતાં હળવદ પીઆઈ આર ટી વ્યાસ તથા પોલીસ કાફલો હોસ્પિટલે દોડી આવ્યો હતો.સમગ્ર હત્યાના બનાવમાં મૃતક રામાભાઈના દીકરા ભરતભાઈ રામાભાઈ ઓળકીયાએ હત્યા નિપજાવનાર આરોપી ગણેશભાઈ વાલજીભાઈ ઓળકીયા વિરુદ્ધ હળવદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. હાલ પોલીસે હત્યારા આરોપી વિરુદ્ધ આઈપીસી કલમ ૩૦૨ હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પુત્રીના વિરહમાં વૃદ્ધે ઝેરી દવા ગટગટાવી લીધી

આટકોટઃઆટકોટ આટકોટમાં પુત્રીના મોતથી ભાંગી પડેલા લાચાર પિતાએ ઝેરી દવા ગટગટાવી મોતની સોડ તાણી લીધી હતી. આટકોટમાં રહેતા વૃધ્ધએ પરિણીત પુત્રીના મૃત્યુના વિરહમાં ઝેરી દવા પી લીધી હતી. આટકોટ પાણીના ટાંકા પાસે સરદાર ચોક પાસે રહેતા વલ્લભભાઈ બાચુભાઈ કુંવરિયા ઉંમર વર્ષ ૬૫ રોજ પોતાના ઘરે હતા ત્યારે તેમણે ઝેરી દવા પી લીધી હતી વૃદ્ધ અને ઝેરી અસર થતા તેમને સારવાર માટે રાજકોટ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં વૃદ્ધનું મોત નીપજ્યુ હતું પરિવારમાં ગમગીની છવાઈ ગઈ હતી પ્રાથમિક પૂછપરછ માં મૃતક વલ્લભભાઈ પુત્રી હેતલના લગ્ન થઈ ગયા બાદ હેતલ ઝેરી દવા ગટગટાવી અને તેનું મુત્યુ નિપજ્યું હતું . પુત્રીના વિરહમાં જ પિતા વલ્લભભાઈએ ઝેરી દવા પી લીધી હતી.


# જિલ્લાના અડધો ડઝન સર્વેયરને ડીઆઈએલઆરની નોટિસ

રાજકોટઃરાજકોટમાં રિયલ એસ્ટેટમાં ભારે તેજી જોવા મળી રહી છે ત્યારે જિલ્લામાં જમીન માપણીના સંખ્યાબંધ કેસો પેન્ડિંગ હોવાની અને માપણીની કામગીરી ગોકળ ગતિએ ચાલતી હોવાની ફરિયાદો ઊઠી છે. જેના પગલે ડીઆઈએલઆર દ્વારા જમીન માપણીની કામગીરીમાં ડાંડાઈ કરતા અડધો ડઝન જેટલા સર્વેયરને શો-કોઝ નોટિસ ફટકારી ખુલાસો પૂછ્યો છે. રાજકોટ જિલ્લામાં ડીએલઆઈઆર હેઠળ હાલમાં ૩૦થી વધુ સર્વેયરો કામ કરી રહ્યા છે. દર મહિને સર્વેયરોએ ૧૦૦-૧૦૦ અરજીનો નિકાલ કરવાનો લક્ષ્યાંક અપાયેલો છે. પરંતુ મોટાભાગના સર્વેયરો પોતાના કામમાં દાંડાઈ કરતા હોવાનું તંત્રને ધ્યાને આવતા અને અનેક ફરિયાદો ઉઠતા ડીએલઆઈઆરે લક્ષ્યાંક પ્રમાણે કામગીરી નહીં કરનાર અને કામગીરીમાં આડોડાઈ કરતા અડધો ડઝન જેટલા સર્વેયરોને નોટિસ ફટકારી છે.

# ધોરાજીમાં ધમધમતી જુગાર ક્લબમાં જુગટુ રમતા ૧૧ શખ્સો ઝડપાયા

## રૂ.૧૮૩૫૦૦ની રોકડ રકમ અને મોબાઈલ ફોન કબજે કરાયા, ૧૨ શખ્સો સામે ગુનો નોંધી કાર્યવાહી

ધોરાજીઃ ધોરાજી બહારપુરા મોરી મસ્જિદ પાસે ધમધમતી જુગાર ક્લબ પર રાજકોટ રૂરલ એલસીબીએ રેડ પાડી હતી. જેમાં ૧૧ આરોપી પકડાયા હતા જ્યારે મુખ્ય સંચાલક શખ્સની શોધખોળ હાથ ધરાઈ હતી. સ્થળ પરથી રૂ.૩.૩૪ લાખનો મુદ્દામાલ કબ્જે કરાયો હતો. એલસીબીની ટીમ ધોરાજી સિટી વિસ્તારમાંથી પેટ્રોલિંગમાં હતી. ત્યારે બાતમી મળી હતી કે, બહારપુરામાં મોરી મસ્જિદ પાસે રહેતો મોહસીન ઈબ્રાહીમ કલીવાલા પોતાન કબ્જા ભોગવટાના મકાનમાં સલીમ શેખ સાથે મળી તીનપત્તીનો જુગાર રમાડે છે.બાતમી વાળા સ્થળે દરોડો પાડતા સલીમ વલી



શેખ (રહે. ધોરાજી ખ્વાજા દરગાહ પાછળ), લતીફ અબ્બાસ ચખાલી , વસીમ વલી શેખ, અસ્ફાક અશરફ દેરડીવાલા , આમીર સલીમ ધાંચી, મહંમદનદીમ હનીફભાઈ ગરાણા, ફારૂક બોદુ મલેક, અનવર ઓસમાણ ખોરાણી (રહે. ધોરાજી હાથીખાના વોકળા કાંઠે), ઈમરાનભાઈ ઈબ્રાહીમભાઈ નોટીયાર (રહે. કુંભારવાડા ભગત શેરી ધોરાજી), કરણ વાલજી પરમાર અને તોસીફ તુફેલ ચામડીયા એમ ૧૧ જુગારી મળી આવ્યા હતા. આ તમામની એલસીબી ટીમે ધરપકડ કરી હતી. જયારે મકાન માલિક અને ક્લબ સંચાલક મોહસીન કલીવાલા હાજર ન મળી આવતા તેની શોધખોળ શરૂ કરવામાં આવી છે.જુગારના પટ્ટમાંથી એલસીબીએ રૂ.૧,૮૩,૫૦૦ની રોકડ, રૂ.૧,૫૦,૦૦૦ના ૯ મોબાઈલ ફોન, મળી કુલ રૂ.૩,૩૪,૦૦૦નો મુદ્દામાલ કબ્જે કરી ૧૨ આરોપી સામે ધોરાજી સિટી પોલીસ મથકમાં ગુનો નોંધવામાં આવ્યો હતો.

# ભાડલા નજીક કારની ઠોકરે રાણીંગપરના યુવકનું મોત

રાજકોટઃભાડલા નજીક કારે બાઈકને ઉલાળતાં બાઈકચાલક યુવકનું મોત નીપજ્યું હતું. ભાડલાના રાણીંગપર ગામે રહેતા અમરશીભાઈ સોમાણી અને તેમના પત્ની બાઈક પર લોધીડા ગામે બેસણામાં જવા નીકળ્યા હતા અને ભાડલા નજીક પહોંચ્યા હતા ત્યારે ધસી આવેલી ઈકો કારે બાઈકને ઉલાળ્યું હતું. કારની ઠોકરથી પતિ-પત્ની બંને ફંગોળાયા હતા જેમાં ગંભીર રીતે ઘવાયેલા અમરશી ભાઈને રાજકોટ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા પરંતુ તેમનું મૃત્યુ થયું હતું. બનાવ અંગે મૃતક અમરશીભાઈના પુત્ર ભરતની ફરિયાદ પરથી પોલીસે ગુનો નોંધી અકસ્માત સર્જનાર કારચાલકની શોધખોળ શરૂ કરી હતી. બેસણામાં જતી વખતે અમરશીભાઈને કાળનું તેડું આવતા સોમાણી પરિવારમાં ગમગની છવાઈ ગઈ હતી અને નાના એવા રાણીંગપર ગામમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.